





# યાત્રાનો આનંદ



સ્વ. નીલાબેન લાભુભાઈ સોનાણી
સ્વ. તા. ૨૦-૦૪-૨૦૨૧

:: લેખક ::
લાભુભાઈ ટી. સોનાણી

## બુક અર્પણ

માતા નીલાબેન સોનાણીનાં જીવનકવન
સાથે વણાયેલી બુક
(‘‘યાત્રાનો આનંદ’’)
નિષ્ઠા સોનાણીને અર્પણ...

# યાત્રાનો આનંદ

:: લેખક ::
લાભુભાઈ ટી. સોનાણી

:: મુદ્રક ::
સુરેશ ત્રિવેદી, રત્ના પ્રિન્ટર્સ, ભાવનગર

:: પ્રથમ આવૃત્તિ ::
તા.૨૦/૦૪/૨૦૨૨, બુધવાર

:: પ્રકાશક::

© અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, ભાવનગર

:: કિંમત : રૂા.૧૦૦/- ::

:: પ્રાપ્તિ સ્થાન ::
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,
ભાવનગર (ગુજરાત)

ફોન નં. ૦૨૭૮-૨૪૨૩૯૧૭, ૨૫૧૨૦૨૧
મોબાઇલ : ૯૩૭૬૬૮૮૫૮૪
Website : www.ltsonani.com
E-mail :- Ltsonani@gmail.com
Facebook Page :- Labhubhai T. Sonani
Youtube Channel :- Shri Labhubhai T Sonani





## સ્વ.શ્રીમતી નીલાબેન સોનાણીનો સંક્ષિપ્ત પરીચય :

આણંદ જિલ્લાના પેટલાદ શહેરના વતની એવા ગર્ભશ્રીમંત પરિવારના સભ્ય સુરેન્દ્રભાઈ અને કોકિલાબેન શાહના ત્રીજા સંતાન તરીકે નીલાબેનનો જન્મ ભાદરવા સુદ આઠમ (ધરો આઠમ) એટલે કે તારીખ ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૭ના રોજ થયો હતો. લગભગ પાંચ વર્ષની વયે નીલાબહેને ટાયફોઇડ બીમારીના કારણે પોતાની બંને આંખોની દૃષ્ટિ ગુમાવી હતી.

માતા કોકિલાબહેન પાસેથી રોજબરોજની દૈનિક ક્રિયાની તાલીમ મેળવી લગભગ આઠ વર્ષની ઉંમરે વડોદરાની લાયન્સ બ્લાઇન્ડ ગર્લ્સ સ્કૈલમાં પ્રવેશ મેળવ્યો. ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં વડોદરા કેન્દ્રમાં પ્રથમ દસમાં સ્થાન મેળવ્યું. એટલું જ નહિ સંગીત વિશારદ અને પછી શિક્ષા વિશારદની પદવી પણ મેળવી લીધી. સુણાવ પી.ટી.સી. કૉલેજમાં અંશઃકાલિન સંગીતશિક્ષક તરીકે જોડાયા ત્યારબાદ પ્રતાપનગર વડોદરા અંધશાળામાં સંગીતશિક્ષક તરીકે પોતાની જવાબદારી અદા કરી. ૧૯૯૭માં તેમણે શ્રી લાભુભાઈ સોનાણી સાથે પ્રભુતામાં પગલા પાડયાં. નીલાબહેન લાગણીશીલ સંનારી હતા. તેમની કરુણાનો અનેક પ્રજ્ઞાચક્ષુ બહેનોને લાભ મળ્યો છે.

૦૮ માર્ચ ૨૦૧૭ના રોજ તેમણે સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારની નેત્રહીન બહેનોના ઉત્થાન માટે પ્રજ્ઞાચક્ષુ સૌરાષ્ટ્ર સખી મંડળની રચના કરી હતી.

૨૦૧૫ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ બહેનો શિક્ષણ પુરું કરી. સ્વતંત્ર રીતે પોતાનું ઘર સંભાળી શકે તેવા ઉદ્દેશથી પોતાના આર્થિક યોગદાન સાથે નિષ્ઠા હોમસાયન્સ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. તેઓ શાળાની પ્રજ્ઞાચક્ષુ બહેનોને દર શનિ રવિ વિવિધ વાનગીઓ તૈયાર કરવાની તાલીમ આપતાં હતાં. વર્ષ ૨૦૧૪થી અંધ ઉદ્યોગ શાળાનાં ટ્રસ્ટી તરીકે જોડાઈ રસોઈઘર અને કન્યાછાત્રાલય વિભાગોની ખાસ દેખરેખ રાખતાં હતાં. ૦૬ નવેમ્બર ૧૯૯૮ ના રોજ વિદ્યાસહાયક તરીકે નોકરી મળતા ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની બુધેલ કન્યાશાળા, કોળિયાક કન્યાશાળા, તરસમિયા પ્રાથમિક શાળા અને ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં વર્ષ ૧૯૯૮ થી ૨૦૨૧ દરમિયાન અનુક્રમે ફરજ બજાવી હતી.

## પ્રસ્તાવના

અંતરમાં જાગેલા ભાવો વ્યકત કરવા થોડા ચૈંટેલા લેખો આપની સમક્ષ ''યાત્રાનો આંનદ'' પુસ્તક તરીકે મૈંકતા અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

વર્ગખંડમાં શિક્ષિકાનાં અંતરમાં ચાલતો વિરાટનો હીંડોળો છેલ્લા ૨૨ વર્ષથી બાળ કેળવણીનાં નવા દ્વાર ખટખટાવતો હતો. શિક્ષણની નવી દિશાઓ ખોલી આપે તેવા પ્રયાગો આ પુસ્તકમાં વાંચવા મળશે. તે બાળ કેળવણીનાં ક્ષેત્રે ક્રાંતિ લાવે તેવા પ્રયોગો છે. અંતરની વ્યથા, હાથતાળી આપી જતી રહી, બંધ આંખોમાં જોયા સપનાથી શરૂ કરી લેણદેણની લીલા, આફતનાં ઓળા, વિરાટનો હિંડોળો, રસોઈની રાણી, અજાણી બારી જેવા પ્રકરણ દ્વારા વાચકને અનોખો સંદેશ મળશે. ૨૫ પ્રકરણોનું આ પુસ્તક વાચકો માટે પથદર્શક બનશે. આંખોનાં અંધારા મીટાવવા જેમણે નવી દષ્ટિનું તેજ ધારણ કર્યું હતું એવા વ્યકિતના જીવનને દર્શાવવા આ પુસ્તકમાં વપરાયેલા શબ્દો વામણાં પુરવાર થયા છે. પ્રજ્ઞાની પાંખે નેત્રહીન વ્યકિત પોતાની શક્તિઓ એકત્રિત કરી નવી દષ્ટિનું તેજ સમાજ સમક્ષ શી રીતે રેલાવી શકે છે ? તેની પ્રેરક વાતો આપને આ પુસ્તકમાં વાંચવા મળશે. પ્રજ્ઞાચક્ષુ વ્યકિતનાં શિક્ષણ, રોજગાર, તાલીમ જેવી પ્રવૃત્તિઓનાં જેમણે નવા દ્વાર ખોલી વિકાસની કેડી કંડારી છે તેના અવનવા પ્રસંગો પુસ્તકનાં પાને-પાને વાંચવા મળશે.

કોરોનાનાં સંક્રમણથી શરૂ થઈ છેલ્લા શ્વાસની વ્યથા અને જીવનકાળની કથા એટલે ''**યાત્રાનો આનંદ**''

તારીખ : ૨૦/૦૪/૨૦૨૨
સ્થળ : ભાવનગર

લાભુભાઈ ટી. સોનાણી





## લેખક પરિચય

નામ :- લાભુભાઈ ટપુભાઈ સોનાણી
જન્મ તારીખ :- ૧૫/૦૩/૧૯૬૭
જન્મ સ્થળ :- તરસમિયા (ભાવનગર)
કાયમી સરનામું : 'નિષ્ઠા કુંજ', ૧૪-બી, શિવાજી પાર્ક, મેરુબાગ, ફાતિમા કૉન્વેન્ટની બાજુમાં, ઘોઘા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૨
પત્ર વ્યવહારનું સરનામું :- શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે, કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવનગર - ૩૬૪૦૦૧
ફોન ઑફિસ :- (૦૨૭૮) ૨૪૨૩૯૧૭ / ૨૫૧૧૭૧૮ / ૨૫૧૨૦૨૧
મોબાઈલ નંબર :- ૯૩૭૬૬૮૮૫૮૪
વેબસાઈટ :- www.ltsonani.com
ઈ-મેલ :- ltsonani@gmail.com
ફેસબુક પેજ :- Labhubhai T. Sonani
યુ-ટયુબ ચેનલ :- Shri Labhubhai T Sonani
લાયકાત :- બી.એ., બી.એડ્, સંગીત વિશારદ
કુટુંબ પરિચય :- જીવનસાથી :- સ્વ. નીલાબહેન લાભુભાઈ સોનાણી
પુત્રી :- નિષ્ઠા લાભુભાઈ સોનાણી

સેવાકીય સંસ્થા સાથે જોડાણ :-
(૧) જનરલ સેક્રેટરી :- શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા-ભાવનગર
રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા - ભાવનગર
(૨) પ્રમુખ :- શ્રી અંધ અભ્યુદય મંડળ - ભાવનગર
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ - ભાવનગર
ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ - અમદાવાદ

આ ઉપરાંત રાજ્યની અનેક સંસ્થાઓ સાથે જુદા-જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

**-:: અન્ય પ્રકાશન ::-**

(૧) જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન
(૫) અનુભવની ઘટમાળ
(૬) અનુભવનો ઉજાસ

સત્કાર :-

વિવિધ સામાજિક સેવાઓ બદલ લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઈ ટી. સોનાણીને વર્ષ-૧૯૯૭થી લઈ આજ સુધીમાં રાજ્ય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ ઍવોર્ડ અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે.



યાત્રાનો આનંદ

## :: ઋણ સ્વીકાર ::

છેલ્લા ૨૨ વર્ષથી કેળવણી માટે થયેલા પ્રયોગોની વાતો પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં જેમણે મને હૈંફ પૈરી પાડી છે તેવી દીકરી નિષ્ઠા, સ્નેહીમિત્ર શ્રી સુરેશભાઈ એન. ત્રિવેદી તથા શ્રી હિતેશ કે. સોલંકી (કૉમ્પ્યુટર ડિઝાઈન - ટાઈપ સેટિંગ) તેમજ રત્ના પ્રિન્ટિંગ પ્રેસ પરિવારનો અંતરથી આભાર માનું છું. પુસ્તકની જોડણી સુધારવા જેમણે શ્રમ ઉઠાવ્યો છે એવા ભાષાવિદ શ્રી ઘનશ્યામભાઈ બારૈયા, ટાઈપ સેટિંગ કરનાર શ્રી હર્ષ એન. ધ્રાંગધરિયા તેમજ સમગ્ર સંસ્થા પરિવાર ઉપરાંત નામી-અનામી સૌ કોઈ મદદ કરનાર સ્નેહીજનોને ઊર્મિની શાહી અને વાણીનાં વૈભવથી વધાવું છું.

સુંદર સુંદર... તમારું કાર્ય સુંદર
વિચાર સુંદર, ભાવ સુંદર
સુંદર સંકલનનિ શરૂઆત સુંદર
તમારો સ્નેહ હશે તો કેવો સુંદર
એવું થતું મુજ મનમાં !

લાભુભાઈ ટી. સોનાણી



## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | અંતરની વ્યથા | ૦૧ |
| (૨) | હાથતાળી આપી જતી રહી | ૦૪ |
| (૩) | બંધ આંખોમાં જોયા સપના નીલાની નજરે | ૦૭ |
| (૪) | મઝધારે મોટી લૂંટ | ૦૮ |
| (૫) | ખમૈયા કરો નાથ | ૧૨ |
| (૬) | આંગળી છોડી ચલન-ગાડી આપી | ૧૫ |
| (૭) | ફોન પર મળશે | ૨૦ |
| (૮) | થોડા વાસણ ખરીદવા પડશે | ૨૪ |
| (૯) | તમે પેટલાદ આવી જાવ | ૨૮ |
| (૧૦) | શમણાનો માળો - ૧ | ૩૨ |
| (૧૧) | શમણાનો માળો - ૨ | ૩૬ |
| (૧૨) | નસીબના વાધા પહેરી રણકી રિંગ | ૩૯ |
| (૧૩) | લાવને મારી પેન | ૪૨ |
| (૧૪) | લાવી છું રંગબેરંગી | ૪૫ |
| (૧૫) | ગુંજે ગીત ગગનમાં | ૪૮ |
| (૧૬) | અંતરના આંસુ | ૫૧ |
| (૧૭) | હાસ્યનો ફુવારો | ૫૫ |
| (૧૮) | પગલે-પગલે નમતા રહીએ | ૫૮ |
| (૧૯) | મુખવટો | ૩૭ |
| (૨૦) | નવા રંગોની ભાત | ૬૪ |
| (૨૧) | લેણદેણની લીલા | ૬૮ |
| (૨૨) | આફતના ઓળા | ૭૧ |
| (૨૩) | વિરાટનો હીંડોળો ઝાકમઝોળ | ૭૪ |
| (૨૪) | રસોઈની રાણી | ૭૮ |
| (૨૫) | અજાણી બારી | ૮૧ |






# ૧. અંતરની વ્યથા

કોવિડ-૧૯ કોરોના વાઈરસના કારણે સમગ્ર વિશ્વની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. એટલું જ નહિ લાખો લોકોએ પોતાની મૈલ્યવાન જિંદગી ગુમાવી છે. કરોડો લોકો સંક્રમિત થઈ તેની જાળમાં ફસાયા છે. દિન-પ્રતિદિન સંક્રમણનો આંક બેવડાઈ રહ્યો છે. ઈશ્વર રૂઠ્યો હોય એમ લાગે છે. અનેક પરિવાર નોધારા થયા છે. મોંઘીદાટ સારવાર અને દવા દર્દીને બચાવી શકતી નથી. સારવાર કરતા ડૉક્ટરોની સંવેદના સુકાવા લાગી છે. માણસની કિંમત સાવ સસ્તિ થઈ ગઈ છે. મોતનો મલાજો પાળવામાં આવતો નથી. મૃત્યુ પામેલ દર્દીના સગાં-સંબંધીઓ હૉસ્પિટલનું બીલ જો સમયસર ચૈકવી ન શકે તો દર્દીની લાશ હૉસ્પિટલના સત્તાધીશો રોડ પર રઝળતી મૈકી દે છે. ડગલે ને પગલે વર્તમાનપત્રોમાં મૃતદેહ બદલાઈ જવાના સમાચાર વાંચવા મળે છે. ટૅકનૉલૉજીના યુગમાં માણસનો ચહેરો વિલાયેલો જોવા મળે છે. ૨૧મી સદીનું જ્ઞાન ધરાવતો માણસ કોવિડના તાંડવ સામે સાવ વામણો લાગે છે. ડૉક્ટર, ચૈંટાયેલી સરકાર, જવાબદાર અધિકારીઓ પોતાનું સાજું કરવામાં પડ્યા છે. આ બધાનો એક જ મત છે.

''વર મરો, કન્યા મરો, અમારું તરભાણું ભરો.''
''દર્દી સાજો થાય કે ન થાય, અમારા ખાતામાં રૂપિયા જમા કરો.''

હૉસ્પિટલમાં દાખલ થયેલ દર્દીની યોગ્ય સંભાળ લેવામાં આવતી નથી. જરૂરી દવા, આહાર દર્દીને સમયસર મળતા નથી. રૂપિયા વસૈલ કરવામાં કોઈ કસર રાખવામાં આવતી નથી. ઑક્સિજનના અભાવે અનેક લોકો મૃત્યુ પામે છે. એક પછી એક દર્દી મરી રહ્યા છે. જેના કારણે ઘરના ઘર ઉજ્જડ થયા છે. આમ ને આમ ચાલતું રહેશે તો મા ભોમ ભારત ભૈમિનો કચ્ચરઘાણ નીકળી જશે.

વ્હાલા દેશવાસીઓ ! જયારે પ્રજાનો પાલક સત્તાધીશ નિર્દય બને છે, ત્યારે આપણે ઈશ્વરના ચરણે જવું પડે છે. હોમ, હવન અને પ્રાર્થના - મને અને તમને શાતા આપી ઈશ્વરના ચરણોમાં દોરી જશે. ભારતની સંસ્કૃતિ મુજબ આપણી મૈંળ પરંપરા ફરી અપનાવીએ. સૌના કલ્યાણ માટે હોમ-હવન અને

પ્રાર્થના શરૂ કરીએ, પરિણામ અવશ્ય મળશે. દરેક ધર્મના લોકો પોતાની આસ્થા મુજબ પરમશક્તિનું ચિંતન અને મનન કરી શકે છે.

મળતી માહિતી પ્રમાણે એક અંદાજ મુજબ કોવિડના કારણે લગભગ ૯૧ નેત્રહીન વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા સમયસર નેત્રહીન શિક્ષકોને વર્ક ફ્રોમ હોમનો લાભ આપવામાં આવ્યો હોત તો અનેક મૈંલ્યવાન માનવ જિંદગીનું રક્ષણ થઈ શક્યુ હોત. આ માટે અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત સંઘ ભાવનગર દ્વારા રાજ્યના શિક્ષણવિભાગને અવારનવાર રજૈંઆત કરવામાં આવી હતી, પરંતુ સમયસર નિર્ણય લેવામાં આવ્યો નહીં. જેના કારણે અનેક નેત્રહીન શિક્ષકો કોવિડના સંક્રમણનો ભોગ બન્યા. તેમાંના કેટલાક શિક્ષકોએ પોતાનો પ્રાણ ગુમાવ્યો છે. ઘણી મોટી સંખ્યામાં સનેત્ર શિક્ષકોનો પણ કોવિડે ભોગ લીધો છે. તેમ છતાં મીડિયાના માધ્યમથી રાજ્ય અને કેન્દ્ર સરકાર મોટા-મોટા દાવા કરી રહી છે. વાસ્તવિક ચિત્ર ઘણું ડરામણું અને ભયાનક છે.

જેમ ધરતીકંપ મોટી ઈંમારતના પાયા હચમચાવી તેને જમીનદોસ્ત કરી દે છે, તેમ કોવિડ હસતા-ખીલતા પરિવારને ઉજ્જડ કરી નાંખે છે. આઠમી એપ્રિલ અમારા આનંદનો છેલ્લો દિવસ હતો. મારા જીવનસાથી નીલા સવારના ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં પોતાની ફરજ બજાવવા ગયાં હતાં. શાળાએથી આવી તેમણે માથામાં દુઃખાવાની ફરિયાદ કરી. અમે અમારા ફેમિલી-ડૉક્ટર ચંદ્રકાંત મહેતા પાસે પહોંચી ગયાં. તેમણે દવા આપી આખો દિવસ રાહત થઈ. રાતના તાવ આવ્યો. ટેમ્પરેચર સતત વધતું જતું હતું. બીજે દિવસે કોવિડનો આર.ટી.પી.સી.આર. રિપોર્ટ કરાવ્યો. તબિયત બગડતી જતી હતી. અમદાવાદ અભ્યાસ કરતી મારી દીકરી નિષ્ઠાને તાબડતોબ તેડાવી લીધી. રિપોર્ટ પૉઝિટિવ આવ્યો. તબિયત વધુ લથડી. ઝાડા, ઊલટી અને ઊબકા આવતા હતા. સીટી સ્કેન પણ કરાવ્યું, ફેફસામાં ૧૦ ટકા સંક્રમણ હોવાનું જાણવા મળ્યું. મહામહેનતે બજરંગદાસબાપા આરોગ્ય ધામમાં બેડ મળી. નીલાને હૉસ્પિટલમાં કોવિડની સારવાર માટે દાખલ કરવામાં આવી. બીજા દિવસે તબિયત સુધરી. ત્રીજો અને ચોથો દિવસ





આશીર્વાદની હેલી લઈને આવ્યો હોય તેમ લાગ્યું. રાતના તબિયત બગડી. બીજા દિવસે ઑક્સિજન આપવો પડયો. રોજ તેની માત્રામાં વધારો કરવો પડતો હતો અને વૅન્ટિલેટર પર સારવાર આપવાની ફરજ પડી. એટલું જ નહિ ઑક્સિજનનો હાયરફ્લો પણ આપવો પડયો. તેમ છતાં તબિયત સુધરવાનું નામ લેતી ન હતી. બાપ દીકરી આભ-પાતળ એક કરવા દોડતા રહ્યાં. આખરે ૨૦મી એપ્રિલનો ગોઝારો દિવસ અમારા પરિવારના મોભી નિષ્ઠાની છત્ર-છાયા અને મારી જીવનસાથી નીલાને ઝૈંટવી ગયો.

''ઘર નમ્યું તો ભલે નમ્યું, આ તો નમ્યો ઘરનો મોભ.''

''અસીમ પ્રેમભાવે ભીંજાણા અમે, સ્નેહના તારે બંધાઈ,

અંતર રૂવે ઘટ-ઘટ અમારું આજ !'



## ૨. હાથતાળી આપી જતી રહી

માનવસેવા ઉત્તમ ધર્મ છે. પીડિતો, વંચિતો, ગરીબો અને વિકલાંગોને દરેક વ્યક્તિએ તન-મન-ધનથી મદદ કરવી જોઈએ. દુઃખ અને સુખ એક સિક્કાની બે બાજુઓ છે. તેથી આપણે બંને પરિસ્થિતિનો હસતાં મોંએ સ્વીકાર કરવો જોઈએ. સુખના દહાડા ચાલતા હોય ત્યારે આવનારા દુઃખની અનુભૈંતિ થતી નથી. વળી, સુખ તેની માયાજાળ સંકેલી ક્યારે જતું રહેશે તેની ખબર પડતી નથી. માનવીના જીવનમાં સુખ પગપાળા ચાલીને આવે છે, પણ દુઃખ તો સાલું ઘોડે ચડીને આવી ચડે છે. આપણો સુવર્ણકાળ ચાલતો હોય ત્યારે બધું જ સવળું પડે છે, પરંતુ કપરો સમય શરૂ થતા બધું અવળું પડવા લાગે છે. એક પછી એક બાજીમાં આપણી હાર થવા લાગે છે. એટલું જ નહિ આપણી પર દુઃખનો ડુંગર તૈંટી પડે છે.

માર્ચ મહિનાની આઠમી તારીખ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ બહેનોના ઉત્થાન માટે મારા જીવનસાથી નીલાબહેન સોનાણીએ વર્ષ ૨૦૧૭માં પ્રજ્ઞાચક્ષુ સૌરાષ્ટ્ર સખી મંડળની રચના કરી હતી. આ મંડળના બેનર નીચે બહેનોના કલ્યાણ માટે જુદી-જુદી પ્રવૃત્તિઓ થઈ રહી હતી. આવી જ પ્રવૃત્તિને વેગ આપવા ભાવનગરની ખૈંબ જાણીતી એવી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં તા.૦૮ માર્ચ ૨૦૨૧ ના રોજ પ્રજ્ઞાચક્ષુ સૌરાષ્ટ્ર સખી મંડળનું વાર્ષિક અધિવેશન બોલાવવામાં આવ્યું હતું તેમાં ૫૦ થી વધુ નેત્રહીન બહેનો ઉપસ્થિત રહી હતી. શ્રી સરોજબહેન અને કીર્તિભાઈ શાહના પ્રયત્નોથી અધિવેશનમાં હાજર રહેલ તમામ બહેનોને ઈમિટેશન જ્વેલરીની કીટ આપવામાં આવી હતી. બે દિવસ મળેલા સંમેલનમાં બહેનોનું સ્વાગત કોઈ લગ્ન પ્રસંગમાં લાડકવાયા સ્નેહીનું કરવામાં આવે છે - તે રીતે થઈ રહયું હતું. દ્વિ-દિવસીય અધિવેશનમાં મંડળના મંત્રી શ્રી કીર્તિદાબેન ભટ્ટ અને મંડળના અધ્યક્ષ નીલાબહેન સોનાણી કોઈ કસર રાખવા ઈચ્છતા ન હતા. સાતમી માર્ચની રાત્રી પ્રજ્ઞાચક્ષુ બહેનોના આનંદની હેલી લઈ આવી હતી. આખી કારોબારી સમિતિ સૌ બહેનોને આવકારી હસીમજા કરાવતી હતી. પંકજબેન





લુહાર, કેતનાબેન સુતરિયા, દિનાબેન ઠાર ઉમંગની છોળો વેરતા હતા. ક્લૈંટડિશ, આઈસ્ક્રિમ આવતા હતા. અંધશાળાના આંગણે આજે હૈયે-હૈયું દળાતું હતું. શ્રી કીર્તિભાઈ અને સરોજબેન શાહની ગેરહાજરી નીલાને બેચેન કરતી હતી. માહોલનું શબ્દચિત્ર હું કીર્તિભાઈ અને સરોજબહેન સુધી રેડિયો કૉમેન્ટેટરની જેમ વખતોવખત પહોંચાડતો હતો. મને કયાં ખબર હતી કે - નીલા થોડા સમય બાદ મારો સાથ છોડી મુક્તિના માર્ગે યાત્રા કરવા નીકળી પડશે ! અમારા જીવનનો તે છેલ્લો કાર્યક્રમ બની ગયો. લાગણીનું ઘોડાપૈંર કોઈ નિશાની વિના અચાનક ઊતરી ગયું. ધસમસતો નદીનો પ્રવાહ લુપ્ત થઈ ભૈંગર્ભમાં સમાઈ ગયો. હોઠે આવેલા શબ્દો હૃદયના ધબકાર સાથે અથડાઈ ફંગોળાઈ ગયા. બંધ આંખોમાં અંધારાના ટોળા ઊતરી પડયા. દુઃખનો દરિયો તોફાને ચડી સુખની તરતી નાવને થપાટો મારવા લાગ્યો. અંતરમાંથી અવાજ આવતો હતો : ''જિંદગીના મોર્ચે લડતા-લડતા આગળ વધવા હવે તારે ભાંગલે ગાડે યાત્રા કરવી પડશે.''

બાળપણમાં માતાનું છત્ર ગુમાવ્યું, પાકટ ઉંમરે જીવનસાથીનો સાથ ખોયો. વાચકમિત્રો, મારો માયલો કહૈંલે છે : પાંખ વગરના પંખીની જેમ મારે તડફડિયા મારવા પડશે. જીવતરના આકાશમાં ઊડતા સુખના ગોટા પકડવા ફાંફાં મારવા પડશે. સુખ પાણીના પરપોટાની જેમ મને રમાડશે. પંખી પાંખના અભાવે જેમ ઊડી શકતું નથી, તેમ હું પણ જીવનસાથીનો સાથ ગુમાવી ગડથોલિયા ખાઈ રહ્યો છું. ''ખબર નથી મારે પંથ શી આફત પડી છે, ખબર છે એટલી કે મારે પંથ સેવાની હાંકલ પડી છે.''

છેલ્લા ૮ મહિના મારા જીવનશિક્ષણનો કાળ હતો. નીલા મારું ઘડતર કરી રહી હતી. વૉશિંગ મશીનનો ઉપયોગ શી રીતે કરી શકાય ? રાંધણ-ગેસનો ઉપયોગ કેવી રીતે કરવો ? વગેરે બાબતો તેણે મને ખૈંબ સહજ રીતે શીખવી છે. ઈશ્વરે તેને કોઈ ભેદી સંકેત કર્યો હશે; અન્યથા તેમણે મને ૨૪ વર્ષમાં કોઈ નાનકડું ઘરકામ પણ સોંપ્યું નથી. દિવ્યઆત્મા આવો ભેદ પામી લે છે. પરિવારના સભ્યોને ઉપયોગી થવા પાણી પહેલાં પાળ બાંધી આપે છે. સદા હસતા ચહેરે વાત કરતા નીલાના ઉપકારનો બદલો હું ૧૦૦ જન્મે પણ નહીં

આપી શકું. ટકે-ટકે ગરમ ભોજન પીરસતી નીલા આંખના પલકારામાં આમ જતી રહેશે તેની મને સપનેય ખબર ન હતી. દિવસ ઊગતા રાતરાણીની સુગંધ ગાયબ થઈ જાય છે, તેમ કાળમુખા કોવિડે નીલાને અમારી પાસેથી ઝૈંટવી લીધી. જેના નખમાં પણ રોગ ન હતો એવી શક્તિશાળી વીરાંગના હાર કબૈંલી જતી રહી. મારું ફૈટેલું નસીબ અમારા પરિવારની ખુશી ખોઈ બેઠું.

''શબ્દ નથી શું કરું ?<br>
દિમાગ કામ કરતું નથી શું કરું ?<br>
યાત્રા અધૈંરી શી રીતે છોડું ?<br>
હૈયાની વ્યથા કોને જઈ કહું !''







## ૩. બંધ આંખોમાં જોયા સપના નીલાની નજરે

''નીલાની વાણીના બે શબ્દો જાણી લે,<br>
તારી આંખોના અંધારા 'ઝગમગ' તું ખાળી દે.''

વ્હાલા સગાં-સંબંધીઓ, લાગણીના તાતણે ગ્રંથાયેલા મિત્રો, સંસ્થાના કાર્યકરો, સેવાક્ષેત્રના પ્રહરીઓ, ઉદારદિલ દાતાઓ - આપ સૌને મારા કોટી-કોટી વંદન.

સેવા, સમર્પણ અને લાગણીના વેપારનું મને શિક્ષણ આપનાર નીલા હવે આપણી વચ્ચે સદેહે નથી, પરંતુ તેમના કાર્યો મને સેવાક્ષેત્રે આગળ ધપવા હંમેશા રાહ ચીંધશે. ૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. સનેત્ર બહેનોની જેમ નેત્રહીન બહેનો પણ ગૌરવરૂપ જિંદગી જીવી અને માણી શકે તેવા ઉદ્દેશથી નીલાએ ૮ માર્ચ ૨૦૧૭ ના રોજ સૌરાષ્ટ્ર સખી મંડળની રચના કરી હતી.

તેમણે આરંભેલી યાત્રા ધીરે-ધીરે આગળ ધપી રહી હતી. અચાનક કોરોનાએ માથું કાઢયું. ધંધા રોજગાર બંધ થયા. સખી-મંડળની પ્રવૃત્તિને પણ તેનું ગ્રહણ લાગ્યું. ૨૦૨૦નું વાર્ષિક અધિવેશન યોજી શકાયું નહિ, તેથી કેટલાક ઑનલાઈન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યા. જેમ કે ઑનલાઈન રાસ-ગરબા સ્પર્ધા. આ સ્પર્ધા દ્વારા નેત્રહીન બહેનોએ પ્રજ્ઞાની પાંખે અનેરું ઉડાન ભર્યું. પ્રજ્ઞાચક્ષુ બહેનોના હૃદયમાં ખુશીનું ઘોડાપૈંર ઉમટયું. આનંદની હેલી ઉભરાણી. જોતજોતામાં આંતરરાષ્ટ્રિય મહિલા દિવસનું આગમન થયું. કીર્તિદાબેન ભટ્ટ નીલાના પરિચયની સુગંધ ફેલાવા મોબાઈલનું માઈક્રોફોન લઈ આવી પહોંચ્યાં. તેમનો સંવાદ સાંભળવા જેવો છે. સેવાની ખેતી કરતા દરેક ખેડૈંતે પોતાની વાડી સજાવા તેનો લાભ લેવો જોઈએ, તેમ હું માનું છું. કારણ કે સંવાદમાં નીલાનો ભારોભાર ભરોસો જોવા મળે છે. તમે પણ સંવાદ સાંભળી મારી વાતને જરૂર મત્તું મારશો તેની મને ખાતરી છે.

લિંક ક્લિક કરો :-Https://www.youtube.com/watch?v=HS77oA1uxac

## ૪. મઝધારે મોટી લૂંટ

ભગવાન શ્રીકૃષ્ણની વેણુમાંથી નીકળતો નાદ ગોપીઓને ગાંડી-ઘેલી કરી મૈંકતો હતો. કાલી-ઘેલી થયેલી ગોપી ભગવાન શ્રીકૃષ્ણને મળવા અવાજની દિશામાં ભાગતી હતી. ઘોર નીંદરમાં સુતેલી ગોપી વેણુનું સંગીત સાંભળી જાગી જતી હતી. ઘરના બારણા ખુલ્લા મૈંકી વેણુનું સંગીત સાંભળવા તે રસ્તા પર દોડી જતી હતી. એટલું જ નહિ, ભાન ભૈંલેલી પ્રત્યેક ગોપી વેણુના સૈંરના તાલે નાચી ઊઠતી હતી.

''કોઈ ગોંકૈંળ-મથુરામાં જાય રે લખી કાગળિયો રે પ્રેમનો...''

શબ્દની સરિતા હાલી નીકળતી હતી. હરિની માયા તો જુઓ ! સમયનું ચક્કર ફરતું જાય અને સંસારનો રથ દોડતો જાય. ગોકુળ, મથુરા અને વૃંદાવન આજે કોઈ નવા રંગ રૂપ ધારણ કરી અડીખમ ઊભા છે. મહાભારતના યુદ્ધ સમયે ભગવાન શ્રીકૃષ્ણ એ કહ્યું હતુ કે :''જયારે-જયારે ધર્મની હાની થાય છે; ત્યારે-ત્યારે સૃષ્ટિના કલ્યાણ માટે હું આ પૃથ્વી પર અવતાર ધારણ કરું છું. ધર્મનું સ્થાપન કરી સૃષ્ટિમાંથી વિદાય લઉં છું.'' દિવ્ય જીવાત્માઓ પણ સંસારના ભલા માટે ઉત્તમ કર્મ બજાવે છે. પોતાનું કાર્ય પૈંર્ણ થતા, તે આપણી વચ્ચેથી વિદાય થાય છે. નીલાએ અનેક જવાબદારી અદા કરી સુશીલ નારીનો દાખલો બેસાડયો છે. પ્રજ્ઞાચક્ષુ બહેનોના વિકાસ માટે તેમણે કરેલા પ્રયત્નો, નેત્રહીન વ્યકિતઓના પુનઃસ્થાપનક્ષેત્રે કાર્યરત કર્મવીરોને નવો રાહ ચીંધશે. ગીતાગાયક ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : પોતાનું નિયત કર્મ બજાવી દરેક આત્મા અન્ય યોનીમાં અવતાર ધારણ કરે છે. તેમના કહેવા મુજબ, પ્રત્યેક જીવાત્મા જૈંનું જીર્ણ થયેલું શરીર ત્યજી આધ્યાત્મિક માર્ગે કર્મનું પોટલું ઊંચકી આગળ ધપે છે, નવું શરીર ધારણ કરે છે. ''આત્મા નથી મરતો કે નથી જન્મતો'' એવું કયારેય બન્યું નથી કે હું અને તમે આ સૃષ્ટિ પર ન હતા. એવું પણ બનવાનું નથી કે ભવિષ્યમાં નહિ હોઈએ. સંબંધ, યોની અને ભૈંમિકા બદલાતા રહે છે. સૃષ્ટિના આંગણે પ્રત્યેક જીવાત્મા કર્મ બજાવવા આવે છે અને પોતાનું કર્મ બજાવી અન્ય યોનીમાં નવી ભૈંમિકા અદા કરવા જાય છે. ઈશ્વરની





માયાનો પડદો તેનું રહસ્ય જાણવા સમજવા દેતો નથી. આપણે સૌ અજ્ઞાનતાના કારણે મોહની મોટી દીવાલ ઊભી કરી, સુખ દુઃખનું પૃથક્કરણ કરતા રહીએ છીએ. જેના કારણે લોભ, લાલચ અને અપેક્ષા જન્મે છે. ઈર્ષા અને વાસના માણસને આંધળો બનાવી દે છે. ભાન ભૈંલેલો માણસ સઘળું તાબે કરવા કોઈવાર ક્રોધાવશ થઈ તેની જવાળામાં કૈંદી પડે છે. જેમ ફૈંદા અગ્નિની જવાળામાં બળી મરે છે, તેમ મોહમાંથી પ્રગટેલી આગ આપણને બાળી નાંખે છે. આ સૃષ્ટિ પર બળતામાં ઘી હોમનારા લોકોનો તોટો નથી. કદમ ચૈંકેલા વ્યકિતને આવા અધર્મી લોકો પોતાનો માર્ગ સૈંઝવા દેતા નથી. પરિણામે સંસારનું રહસ્ય જાણ્યા વિના જીવાત્મા મનખો છોડી ચાલી નીકળે છે. ફોગટ ફેરો લગાવી જીવાત્માને નવી યોનીમાં અવતાર ધારણ કરવો પડે છે. સપ્તરંગ વેણુના સૈંર આપણે બે કાન હોવા છતાં માણી શકતા નથી. તેમાં દોષ કોને આપશો ? રાત આખી ઊંઘી ન શકીએ તો તેમાં વાંક કોનો કાઢશો ? કાલની ચિંતામાં આપણું વર્તમાન ગુમાવીએ તો સુખ કયાંથી મળે ? પૈસા ભેગા કરવા પરિવારથી અળગા રહીએ તો પ્રેમ કયાંથી મળે ? સુખ રૂપિયાથી ખરીદી શકાતું નથી. તેમ છતાં તેની પાછળ દોડતા રહીએ છીએ. ખોટા ઉધામા આપણી જિંદગી બરબાદ કરી નાંખે છે. જયારે દિવ્ય આત્મા પોતાની જિંદગી ઉત્તમ કર્મરૂપી આભૈંષણ વડે શોભાવે છે. દિવ્ય જીવાત્માને ગમે તેવું દુઃખ ચલિત કરી શકતું નથી. લગભગ ૫ વર્ષની વયે નીલાએ બંને આંખોની દૃષ્ટિ ગુમાવી. પરંતુ પરિવારના સભ્યોએ કુશાગ્ર બુદ્ધિ ધરાવતી નીલાને માત્ર આઠ વર્ષની વયે લાયન્સ બ્લાઈન્ડ ગર્લ્સ સ્કૈંલ, વડોદરા અભ્યાસ માટે દાખલ કરી. યુવા અવસ્થામાં શ્રી અંધ અભ્યુદય મંડળ, રાષ્ટ્રિય અંધજન મંડળ - ભાવનગર જિલ્લા શાખા, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ જેવી સંસ્થાઓ સાથે જોડાવાથી સેવા અને સમર્પણના ગુણ ખીલ્યા. લગભગ ૨૯ વર્ષની વયે તેમણે જીવનસાથી તરીકે જોડાઈ મારી ડૈંબતી નાવનું સુકાન સંભાળ્યું. ૯ ફેબ્રુઆરી ૧૯૯૭ થી તેમના વડપણ નીચે અમારી નાવ સંસારસાગરના વમળોને ખાળી અંતર કાપતી હતી. હું સેવાના રંગે રંગોયો હોવાથી 'બાર સાંધું ત્યાં તેર તૈંટે' તેવી મારી હાલત હતી.

લક્ષ્મીનો ભેટો સેવાના ભેખધારીને કદાપિ થતો નથી. તેથી પરિવારની આર્થિક જવાબદારી પણ નીલા પર આવી પડી. વર્ષ ૧૯૯૮ માં ૦૬ નવેમ્બરના રોજ ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની બુધેલ કન્યા પ્રાથમિક શાળામાં નીલાની સંગીત શિક્ષિકા તરીકે નિમણૈંક થઈ. અમારું ગાડું ગબડવા લાગ્યું. નીલાએ કોળિયાક કન્યાશાળા, તરસમિયા પ્રાથમિક શાળા અને ખારશી એટલે કે ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં અનુક્રમે પોતાની ફરજ અદા કરી. પિતાનું ઘર છોડી આવેલી એક નેત્રહીન મહિલાને અજાણ્યા વિસ્તારમાં છકડો રિક્ષા જેવા જોખમી વાહનમાં અવરજવર કરવી પડતી હતી. નિયત ગતિમાં અમારી નાવ સંસાર-સાગરમાં અંતર કાપી રહી હતી.

દરમ્યાન ૦૯ નવેમ્બર ૧૯૯૯ (મંગળવાર) સવારના ૧૧:૨૫ કલાકે દીકરી નિષ્ઠાનો જન્મ થયો. અમારી નાવ હિલોળા લેતા સાગરમાં પૈંરપાટ દોડવા લાગી. ઉરના આંગણે સુખનો સોનેરી સૈંરજ ઊગ્યો. બંધ આંખોમાં સપનાનું જગત પુરાયું.

‘‘મેં જોયો મમતાનો માળો ! તેમાં મૈંકયા અરમાનના ઈંડા,
અમે હૈયાના ઝરૂખે હીંચકો બાંધી હીંચતાં’તાં.
આશ હતી અરમાન બચ્ચા થઈ ઊડશે,
પણ કાળમુખો કોરોના વાઈરસ મઝધારે આવી લૈંટી ગયો.’’

કોવિડ-૧૯ કોરોના વાઈરસ નિયત ગતિમાં અંતર કાપતી અમારી નાવને આંતરી નાવના સુકાની નીલાને ઝૈંટવી ગયો. ૨૦ એપ્રિલનો ગોઝારો દિવસ મમતાની મૈંડી લૈંટી ગયો.

‘‘વલોપાત કરતા ઈશ્વર શકિતની ભીખ માગું,
‘ઝગમગ’ દિવ્ય આત્માની મુકિતની આશ રાખુ !
પ્રભુ ! બધું લૈંટાઈ ગયું છે, ઝગમગ ખબર નથી નાવ કોણ પાર ઉતારશે ?
માળામાંથી ઊડી ગયેલું પંખી કયારે ભેળું થશે ? વેણુના સૈંર કયાં જઈ શોધું ?
કાનના કમાડ મારા કેવી રીતે ખોલું ?
મઝધારે થયેલી લૈંટની ફરિયાદ કોને જઈ લખાવું ?
કંઈ સમજાતું નથી, તારે નગર શી ખોટ પડી છે ?
સંસાર-સાગરમાં આગળ ધપતી નાવ શાને લૈંટી શમણા હરાય છે ?





મારો હરિ રૂઠે ત્યારે ફરિયાદ કોને કરવી ?
મીરાં, નરસિંહને તો પ્રભુ ! તારું શરણું હતું મારે કેદારો કયાંથી લાવવો ! ’’

હે ઈશ્વર ! અંતરના આંગણે આજ મોટું તોફાન જાગ્યું છે. તેથી મારી જાત સંભાળી શકતો નથી. બધું જાણતો હોવા છતાં કથની કહ્યા વિના રહી શકતો નથી. તારી વેણુના સૈંર મારા કર્ણપટને સંભળાય તો કાશ તોફાન અટકી જાય ! તોફાન શાંત પડે તો નાવનું સુકાન સંભાળી લૈંટાયેલી નાવને કિનારે પહોંચાડી દઉ એમ પણ બને. પ્રભુ તારી કૃપા વિના તેમ થવું શક્ય નથી. મન હોવા છતાં માળવે પહોંચવું સરળ નથી. ગોકુળ, મથુરા અને વૃંદાવન ભલે ઉજ્જડ થયા હોય અથવા નવા રંગે રંગાયા હોય. વેણુના સૈંર તેનાથી તદ્દન અળગા થયા હોય પણ હે પ્રભુ ! હું તારી વેણુના સૈંર સાંભળવા ઝંખું છું.



## ૫. ખમૈયા કરો નાથ

''ભાણેજ ઝૈંટવ્યો, માતા ઝૈંટવી, લીધો ભાઈ,
યમ-રાજાના તેડા મોકલી કીધો કચ્ચર ઘાણ,
હરિ ! વિકરાળ બની એક દાયકામાં, વાળ્યો મોટો દાટ,
પ્રાથુ પ્રભુ ! શિશ નમાવી ખમૈયા કરો નાથ.''

તારી કારમી થપાટ ખાઈ, પ્રભુ ! એક દાયકામાં અસંખ્ય સ્નેહીઓ ગુમાવ્યા છે. ''તારે નગર શી ખોટ પડી છે નાથ ? આંખો મારી આંસુઓથી ઊભરાઈ રહી છે આજ.'' વર્ષ ૨૦૧૧ માં જેને હું મારો જમણો હાથ માનું છું એવો ભાણેજ ગુમાવ્યો. ૧૭ ઑગસ્ટના રોજ અશ્વિનને ઉચ્ચતર પ્રાથમિક વિભાગના મદદનીશ શિક્ષક તરીકે નિમણૈંકપત્ર મળવાનો હતો. વહેલી સવારે અશ્વિન તૈયાર થઈ નિમણૈંકપત્ર સ્વીકારવા ગાંધીનગર નીકળવાની તજવીજમાં હતો. અચાનક છાતીમાં દુઃખાવો ઊપડ્યો. ફેમિલી ડૉકટરસાહેબને તાબડતોબ બોલાવ્યા. ડૉકટરસાહેબ આવે તે પહેલા બાજી બગડી ગઈ. મદદનીશ શિક્ષકનો નિમણૈંકપત્ર મળવાના બદલે અશ્વિનને સ્વર્ગમાં પધારવાનો ઈશ્વરનો હુકમ થયો. માત્ર ૨૮ વર્ષની વયે ઈશ્વરને અશ્વિનની શી જરૂર પડી હશે ? મારા દરેક કાર્યનો ટેકો ઈશ્વરે કેમ ખેંચવી લીધો હશે ? તે સમજાતું નથી.

આપ જાણો છો તેમ મેં બાળપણમાં જ માતાનું છત્ર ગુમાવ્યું હતું. તેથી દીકરી નિષ્ઠાનો જન્મ થયા પછી મારા સાસુમા કોકિલાબહેન અમારી સાથે નિષ્ઠાની દેખભેળ રાખવા વધુ રહેતાં હતાં. તેઓ થોડા દિવસ માટે પેટલાદ હવાફેર કરવા જરૂર જતાં હતાં પણ ખેંબ જલદી ભાવનગર પરત આવી જતાં હતાં. હિન્દુઓનો પવિત્ર માસ પુરુષોત્તમ મહિનો એટલે કે ૨૭ ઑગસ્ટ ૨૦૧૨નો એ દિવસ હતો. નીલા શાળાએથી ઘરે આવી એટલે મા-દીકરી અગિયારસનું ફરાળ પતાવી વાતો કરતાં હતાં. નિષ્ઠા શાળા છૈંટતા ઘરે આવી. કોકિલાબા બોલ્યાં : ''આવો નિષ્ઠાબેન ! કપડાં બદલી જમવા પધારો ! હું ડિશ તૈયાર કરું છું.'' નિષ્ઠા અંદરના રૂમમાં કપડાં બદલતી હતી. કોકિલાબા ડિશ તૈયાર કરતાં હતાં. નીલા સાથે કોકિલાબાનો સંવાદ ચાલતો હતો. સંવાદ





અટકયો. શાંતિએ સામ્રાજય સ્થાપ્યું. નિષ્ઠા કપડાં બદલીને હજુ આવી ન હતી. મોટો શ્વાસ ભરવાનો અવાજ નીલાના કાને અથડાયો. શું થયું મમ્મી ? જવાબ ન મળતા નીલા સફાળી દોડી. તેણે અવાજની દિશામાં તપાસ કરી. રસોડામાં કોકિલાબા નીચે બેસી ગયાં હતાં. નીલાએ કોકિલાબાને નીચે સુવરાવી દીધાં. કોકિલાબાને તેણે ઢંઢોળ્યા. કોઈ પ્રત્યુત્તર મળ્યો નહિ. નીલાએ નિષ્ઠાને બૈંમ પાડી બોલાવી લીધી. માત્ર ૧૧ વર્ષની નિષ્ઠા બાની હાલત જોઈ બધું સમજી ગઈ. પાડોશીને બૈંમ પાડી બોલાવી લીધા. નિષ્ઠાની બૈંમ સાંભળી અવાજની ગંભીરતા સમજી આજુ-બાજુના તમામ પાડોશીઓ દોડી આવ્યા. અમારી સામે રહેતા જયુભાની કારમાં કોકિલાબાને સ્ટર્લિંગ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં. હૉસ્પિટલવાળાએ તેમને મૃત જાહર કર્યા. અમે તેમને સીધા પેટલાદ લઈ ગયા. આમ, ફરી વખત માતાનું છત્ર ઝૈંટવાયું.

વર્ષ ૨૦૧૪માં મારાથી મોટાભાઈ માવજીભાઈનું ઈલેક્ટ્રિક શોક લાગવાથી દુઃખદ અવસાન થયું. સંસ્થાના સાથી કાર્યકર શ્રી મનુભાઈ શેઠ અને કાંતિભાઈ મહેતાએ સાથ છોડયો. પીઢ કાર્યકર અંતુભાઈ રાવળ પણ ગયા. સમય સુરેખ ગતિમાં પોતાનું અંતર કાપતો હતો. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં ધોરણ ૧૧-૧૨ શરૂ કરવામાં આવ્યા. દિવસે-દિવસે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હતો. બીજી તરફ સરકાર શાળાની છાત્રાલય કે શાળાના મહેકમ મુજબ શિક્ષક અથવા સહાયક કર્મચારીઓની ખાલી પડેલ જગ્યાઓ કરકસરના નામે ભરવા માગતી ન હતી. ધોરણ ૧૦ પછી ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ગુણવત્તાયુકત શિક્ષણ પૈંરું પાડી શકે તેવી સૌરાષ્ટ્રની આ એકમાત્ર શાળા હતી. તેથી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના હિતમાં કોઈ ઉકેલ શોધી કાઢવા હું મથતો હતો. છાત્રાલય અને શિક્ષણના ખર્ચને પહોંચી વળવા મેં એક યોજના તૈયાર કરી. ''શિક્ષણ સહાય સ્પૉન્સરશિપ યોજના'' આ યોજના મુજબ દાતાઓ વાર્ષિક અને આજીવન વિદ્યાર્થીને સ્પૉન્સર કરી સંસ્થાને આર્થિક ટેકો કરી શકે છે. દાતાશ્રી રૂપિયા ૧૧ હજાર આપી વાર્ષિક સહાય કરી શકે છે, જયારે એક લાખ અગિયાર હજારનું દાન

આપી એક વિદ્યાર્થીનો શિક્ષણ ખર્ચ ઉઠાવી આજીવન દાતા થઈ શકે છે. આ પુનિતકાર્યમાં મારા સાથી કાર્યકર નરેન્દ્રભાઈ શેઠનો મને ઠીક-ઠીક ટેકો મળતો હતો. ૨૭મી જૈનની મોડી રાત્રે એટલે કે ૨:૩૦ કલાકે હૃદયરોગનો હુમલો આવતા નરેન્દ્રભાઈ શેઠે પણ મારો સાથ છોડયો. એક પછી એક સંસ્થાના કાર્યકરો મારો સાથ છોડી રહ્યા હતા. અમારા પીઢ કાર્યકર નટુભાઈ દેસાઈ પણ જતા રહ્યા. મારી પીઠ થાબડનાર ભાસ્કરભાઈ ભાવસાર પણ કોઈ સંકેત આપ્યા વિના જતા રહ્યા. જાન્યુઆરી ૨૦૨૦માં ભારતમાં કોરોનાએ દસ્તક દીધી. યાદી આપવી મુશ્કેલ પડે તેટલા સાથીઓનો કોવિડ-૧૯ કોરોના વાઈરસે ભોગ લીધો. મીનાબેન શેઠ, મણિભાઈ ગાંધી, રવજીદાદા, પ્રતાપભાઈ શાહ અસંખ્ય નામો યાદ આવે છે. કાળમુખો કોરોના પીરસેલી થાળી ભોજન લીધા પહેલા જ ઝૅંટવી ગયો. ભૈંખડીબારસ થઈ આવ્યો છે, ડાકણની જેમ બધાને ભરખી રહ્યો છે.'' જીવનસાથી નીલાને ગુમાવી હું ભાંગી ગયો છું. હજુ કળ વળી નથી, ઘાયલ પક્ષીની જેમ તડફડી રહ્યો છું, કાશ કોઈ પાણીની એક ઝાલક નાખે ને કળ વળી જાય, એમ વિચારી તડફડતો હતો. ફરી ઉડાન ભરવા ઘવાયેલી પાંખો સાફ કરતો હતો. બાજેલા માટીના થર ખંખેરતો હતો ત્યાં અચાનક વીજળી પડી. સંસ્થાની ઑફિસનો અમારો વિશ્વાસુ સાથી કોઈ ભેદી બીમારીમાં પટકાયો. આ કર્મયોગી હરપાલસિંહ ગોહિલ પ્રામાણિક સેવક હતો. તેમનું બાળપણ સંસ્થામાં પસાર થયું હોવાથી તેમની સાથે વિશેષ લાગણીનો સેતુ બંધાયો હતો. અમે સૌ તેની સારવાર માટે દોડધામ કરી રહ્યા હતા. આંતર અને લિવર ફેલ થઈ જવાથી હરપાલસિંહ ઉર્ફે હકુએ ૨ જૈન ૨૦૨૧ ની સાંજના ૫ :૪૫ કલાકે અમારો સાથ કાયમના માટે છોડી દીધો. તેમના જવાથી લગભગ ૯ મહિનાની દીકરી અને અઢી વર્ષનો પુત્ર નોધારાં થયાં છે. મીનાબા માટે તેમને ઉછેરવાનો મોટો પડકાર આવી પડયો છે. બંને બાળકોનું શિક્ષણ અને લાલનપાલન કરવાની મોટી જવાબદારી તેમણે અદા કરવી પડશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમને દુઃખ સહન કરવાની શકિત આપે તેવી અભ્યર્થના...





## ૬. આંગળી છોડી ચલન-ગાડી આપી

જન્મથી શરૂ થયેલી યાત્રા નદીના પ્રવાહની જેમ જીવનપ્રદેશમાં આગળ વધતી જતી હતી. બીજી તરફ દુઃખનો દાવાનળ ભડકે બળતો હતો. જેમ-તેમ મારું કૉલેજનું શિક્ષણ પૈંરું કરવા હું રાત-દિવસ મથતો હતો. મારો કૉલેજનો ખિસ્સા-ખર્ચ કાઢવા નાની-મોટી નોકરી શોધતો હતો. કોઈ શાળા કૉલેજમાં પાર્ટ ટાઈમ સંગીતશિક્ષક તરીકે કામ મળી જાય તો મારું ગાડું ગબડતું રહે તેવું હું ઇચ્છતો હતો. વર્ષ ૧૯૯૨માં મને અંધ અભ્યુદય મંડળના ઑફિસર તરીકે કામ સોંપવામાં આવ્યું. જિંદગીએ પોતાની કરવટ બદલી. એક બેરોજગાર યુવાન કામે લાગ્યો. શાંતિદાદાના માર્ગદર્શન નીચે હું શ્રી અંધ અભ્યુદય મંડળની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું સંચાલન સંભાળતો હતો. આમ, શાંતિદાદાના નેતૃત્વ નીચે મારું જીવન ઘડતર પણ થઈ રહ્યું હતું. મંડળના કાર્યાલયમાં આવતા ગામડા-ગામના નેત્રહીન ભાઈ-બહેનોની સમસ્યાઓનો અભ્યાસ કરવાની મને સોનેરી તક મળી. વહીવટીક્ષેત્રના મારા પ્રથમ ગુરુ શાંતિદાદા છે. તેમની પાસેથી મને વહીવટી આંટી-ઘૂંટીનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. સરકાર અને સમાજનો સહયોગ પ્રાપ્ત કરવાની મને તેમની પાસેથી જડીબુટ્ટી મળી છે. તેમની પાસેથી મળેલું જ્ઞાન મારી પ્રગતિનું ઉદ્‌ગમ સ્થાન છે. મારી રજૈંઆતથી પ્રભાવિત થઈ, વર્ષ ૧૯૯૪માં રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના સચિવશ્રીએ નેત્રહીન પરિવાર પોતાની આજીવિકા કમાઈ શકે, તેવો આદેશ બહાર પાડ્યો હતો. આ પરિપત્રની જોગવાઈ મુજબ નેત્રહીન પરિવારને રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તરફથી ટોકન ભાવે વાંસ ફાળવવા પ્રબંધ કરવામાં આવ્યો હતો. પરિણામે કેટલાક નેત્રહીન ભાઈ-બહેનો વાંસમાંથી તૈયાર થતી ચીજવસ્તુઓ બનાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા. વર્ષો પહેલા નેત્રહીન વ્યક્તિઓને આત્મનિર્ભર બનાવવા વન અને પર્યાવરણ વિભાગ દ્વારા કરાયેલો પ્રયાસ જે તે સરકારની સંવેદનાના દર્શન કરાવે છે. શ્રી અંધ અભ્યુદય મંડળ દ્વારા શાંતિદાદાના વડપણ નીચે નેત્રહીનોની રોજગારીના નવા દ્વાર ખૈંલે તેવા અનેક પ્રયાસો થઈ રહ્યા હતા. મંડળની સેવાકીય પ્રવૃત્તિઓથી આકર્ષાય તેનું સભ્યપદ મેળવવા નેત્રહીન

ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઑફિસે આવતાં હતાં. મોટા ગજાના દૈનિક પત્રોમાં મંડળની પ્રવૃત્તિઓની નોંધ અવારનવાર પ્રસિદ્ધ થતી હતી. જેના કારણે મંડળની ખ્યાતિ દિન-પ્રતિદિન વધવા લાગી હતી.

એક દિવસ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના માનદ્ મંત્રી શ્રી અંતુભાઈ રાવળ અમારી ઑફિસે આવ્યા. તેમણે મંડળની પ્રવૃત્તિના ખૈબ વખાણ કર્યા. શ્રી અંતુભાઈ રાવળ અંધજનોના શિક્ષણ, રોજગાર અને પુનર્વસનના કાર્યને વેગ મળે તેવી નક્કર યોજના ઘડી કાઢવા મંડળની ઑફિસે આવ્યા હતા. તેમણે કહ્યું: ''પ્રજ્ઞાચક્ષુ બાળકોની મનોસામાજિક સ્થિતિનો બહોળો અનુભવ હોય તેવી વ્યક્તિની અમો શોધ કરી રહ્યા છીએ. સંસ્થાની કમિટીમાં આવી અનુભવી વ્યક્તિ હોય તો પ્રજ્ઞાચક્ષુ બાળકોના શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપનના કાર્યને વધુ વેગ મળી શકે. અમારા મુખ્ય સંચાલક શ્રી બાબાભાઈને લાભુભાઈ તમે એક વખત સમય કાઢી મળવા આવો તો આ અંગે યોગ્ય વિચારણા થઈ શકે.'' સંજોગવશાત્ જયારે-જયારે અંતુભાઈ રાવળ મને મળતા હતા, ત્યારે-ત્યારે બાબાભાઈને મળવાનું અચૈંક યાદ કરાવતા હતા. હું એક દિવસ તેમની લાગણીને માન આપી બહેરાં-મૈંગાં બાળકોની શાળામાં શ્રી બાબાભાઈને મળવા તેમની ઑફિસે પહોંચી ગયો. લગભગ ત્રણેક કલાક અમારી બેઠક ચાલી હશે. બાબાભાઈની પ્રથમ મુલાકાતે મારી નવી દૃષ્ટિના દ્વાર ખોલ્યા. તેમનાથી પ્રભાવિત થઈ હું અંધ ઉદ્યોગ શાળા સાથે વર્ષ ૧૯૯૫માં જોડાયો. સર્વ પ્રથમ મને રાષ્ટ્રિય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા અને ત્યારબાદ વર્ષ ૧૯૯૯માં અંધ ઉદ્યોગ શાળાનું સુકાન સોંપાવામાં આવ્યું.

શ્રી બાબાભાઈની કાર્ય પદ્ધતિ, વહીવટી સૈંઝ, નિરીક્ષણશક્તિ, નવા પ્રૉજેક્ટોનું આયોજન, દરેક કર્મનિષ્ઠ વ્યક્તિની વિશિષ્ટ શક્તિનો સંસ્થાના વિકાસમાં ઉપયોગ કરવાની રીત દાદ માગી લે તેવી હતી. કાર્યશિબિર, સેમિનાર, પરિસંવાદ જેવી પાયાની વહીવટી પ્રક્રિયાઓ - નવા પ્રકલ્પોને વધુ ઊંચાઈ આપી રહ્યા હતા. મને બાબાભાઈની આ બધી બાબતો સ્પર્શી ગઈ.

બીજી તરફ ટૅકનૉલૉજી અંધજન શિક્ષણના દ્વાર ખટખટાવી રહી હતી.





શાળાનું સુકાન મને સોંપવામાં આવતા કેટલાંક ભૌતિક સુધારા દાખલ કર્યા. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અનુક્રમે વિજ્ઞાન તેમજ કૉમ્પ્યૈટર લેબ શરૂ કરવામાં આવી. કૉમ્પ્યૈટરાઈઝ્ડ બ્રેઈલ પ્રિન્ટર પણ વસાવી લીધું. ત્યારબાદ અંધજનો માટે આઈ.ટી.આઈ. માન્ય કૉમ્પ્યૈટરનો એક વર્ષીય તાલીમી અભ્યાસક્રમ શરૂ કર્યો. શિક્ષણમાં વિદ્યાર્થીઓની રુચિ વધે તેવી કાર્ય પદ્ધતિ દાખલ કરવામાં આવી.

વાચક મિત્રો, બાલ્ય અવસ્થામાં પિતા ટપુભાઈ પટેલ પાસેથી જીવન શિક્ષણના પાઠ શીખવા મળ્યા હતા. તેમની રાજકીય સભા જયારે એક ધર્મ પરિષદમાં ફેરવાતી હતી, ત્યારે મારી સમજનો થાળ વાગોળવાની મજા પડતી હતી. 'વાગોળવું' શબ્દનો પ્રયોગ મેં ઈરાદાપૈર્વક કર્યો છે. ભેંસ જેવા પાલતું પ્રાણીઓ લીલું અથવા સૈંકું જે ઘાસ મળે તેને પેટપાં ઉતારી દે છે. આરામના સમયે તેને વાગોળે છે. ટૈંકમાં, વાગોળવું એટલે જેમ-તેમ પેટમાં પધરાવેલું ઘાસ આરામના સમયે ચાવીને સુપાચ્ય બનાવવું. હું પણ ધર્મસભામાં પિતાશ્રી પાસેથી જે વાતો સાંભળવા મળતી હતી, તે યાદ રાખતો હતો. સાંભળેલી વાતો કોઈવાર મનના વિશાળ સભાગૃહમાં વાગોળતો રહું છું. જેમ-જેમ બોલાયેલા શબ્દનું રહસ્ય ખૈલે છે, તેમ-તેમ ધર્મ પરિષદમાં પિતાશ્રી દ્વારા થયેલો સંવાદ સમજાય છે. હું મારી ભીતરની પાઠશાળામાં તેમના પ્રત્યેક વાક્યોનું અર્થઘટન કરતો રહું છું. મારી આ પ્રક્રિયા પાલતું પ્રાણીની આદત જેવી છે. પાલતું પ્રાણી ઉતાવળે લીધેલો ખોરાક સુપાચ્ય બનાવા વાગોળે છે, તેમ હું પણ કાને પડેલો સંવાદ જીવન ઉપયોગી બની રહે તેવા ઉદ્દેશથી તેને સમજના ત્રાજવે મુલવતો રહું છું.

''શબ્દનું એક નગર જડે તો સમજનો કિલ્લો બાંધી દઉં,
માનવતાનો એક મુલક મળે તો ડુબેલી મમતાની નાવ હાંકી લઉં
'ઝગમગ' કિનારો જો દરિયાનો જડે,
તો તોફાન ઘસળું ખાળી લઉં.''

પિતાના મુખે બોલાયેલા શબ્દનું નગર નિહાળી, મારી સમજ વિસ્તરી છે. લાગણીનો સાગર થઈ, નીલાએ મારી નાવ મઝધારે સંભાળી છે.

સંસાર-સાગરનું તોફાન ખાળવા તેમણે મને સમર્થ બનાવ્યો છે. એટલું જ નહિ હાલકડોલક થતી મારી નવ કિનારે પહોંચાડી, તેને લાંગરવા તોફાની પવનની થપાટ ખાધી છે. તેમણે મને સંસારભૈંમિના તકતા પર આંગળી પકડી ચાલતા શીખવ્યું છે. ગુલાબની જેમ જીવનરૂપી જગતને સુગંધિત રાખવા કાંટાની વચ્ચે જીવતર આખું વિતાવ્યું છે. તેમણે મને સુખનું સરનામું આપી અનંતની વાટ પકડી છે.

''કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...'' ગીતની રચના તેમણે વર્ષ ૨૦૨૦ ના એપ્રિલ માસની ૦૮ મી તારીખે કરી હતી. બરાબર એક વર્ષ પૈંરું થતા જ આખા વિશ્વનો દુશ્મન કોરોના વાઈરસ તેમને ભરખી ગયો. જે તારીખે કોરોના વાઈરસને ભગાડવા ગીત લખાયું હતું. તે તારીખ ૦૮ એપ્રિલ ૨૦૨૧ ના રોજ ગીતની રચના કરનાર નીલાને એક વર્ષ બાદ કોવિડ-૧૯ કાળ બની બદલો લેવા આવી ગયો. રાત્રીના ૯-૩૦ કલાકે ઠંડી સાથે તાવ ચડયો. વિધિની વક્રતા તો જુઓ ! જેને વિદાય આપવાની હતી તે અભાગિયો વાઈરસ નીલાને વિદાય આપી ચાલ્યો ગયો.

''આવું શાને થાય છે ? ફૈંલડા ડૈંબી જાય છે ને પથરા તરી જાય છે.''

મારો વલોપાત સાંભળી ગુરુજી બોલ્યા : ''મરજીવા હોય તે મોતી લાવે, કાંઠે બેસી સાગરની ઊંડાઈની વાતો કરતા લોકો છીપલા ભેગા કરી આનંદ માણે.'' જસુભાઈ કવિ મારી વ્યથાનો ઉત્તર આપી રહ્યા હતા. મોબાઈલ ફોન પર તેમણે મને કહ્યું, ''કુદરત કોઈને અન્યાય કરતો નથી. જેમ બાળક ચાલતા શીખી જાય એટલે તેના માતા-પિતા તેની આંગળી છોડી દે છે. માતા-પિતાની આંગળી છૈંટતા બાળક ચલન ગાડીનો સહારો લઈ ચાલવા પ્રયત્ન કરે છે. ત્યારબાદ તે સ્વતંત્ર રીતે ચાલવા લાગે છે. આમ, બાળકને સ્વતંત્ર રીતે ચાલતું કરવા તેના માતા-પિતા સમય આવ્યે આંગળી છોડી દે છે. તેને ટેકો કરવા ચલનગાડી આપે છે. ઈશ્વર પણ કર્મપૈંજી કમાવવા શકિતશાળી સાથી મોકલે છે. પરંતુ તેનું કામ પૈંરું થતા તેમને આપણી પાસેથી પરત બોલાવી લે છે'' મને જસુભાઈ કવિની વાત શીરાની જેમ ગળે ઊતરી ગઈ છે. સાથી વિના, સંગી વિના મારે મારી મંજિલ કાપવાની છે. માર્ગમાં આવતા





અવરોધો અન્યના કલ્યાણ માટે હટાવાના છે. રાત-દિવસ એક કરી કર્મની મૈંડી કમાઈ લેવી પડશે. કારણ કે આપણને માનવદેહ વારંવાર મળતો નથી. ઘોર અંધકારની વચ્ચે દીવાનો પ્રકાશ આપણને રાહ ચીંધે છે. પરંતુ માર્ગ પરના અવરોધો દૈંર કરી આપતો નથી. એવી જ રીતે જીવનપ્રદેશની વિઘ્નદોડમાં ભાગ દેનાર પ્રત્યેક જીવાત્માએ જિંદગીના મોરચે જીત મેળવવા લડવું પડે છે. તેણે સમસ્યાના ઊંબરા ઓળંગી જીવનપ્રદેશમાં આગળ વધવું પડે છે. આ મૈંલ્યવાન સંદેશ મને થોડા દિવસ પહેલા જસુભાઈ કવિ સાથે થયેલા ટેલિફોનિક સંવાદમાંથી મળ્યો હતો. તેને ખૈંબ વાગોળી, સુપાચ્ય બનાવી વ્હાલા વાચકો સમક્ષ મૈંકયો છે. હું માનું છું કે તે આપ સૌને ગમશે.

''જ્ઞાનનો ગોખ મારો, પ્રભુ તું સંભાળજે !
કર્મ ધર્મના બળદ મારા ચાલતા તું રાખજે.
રંગ વિનાનું જગત મારું શોભતું તું રાખજે,
ચલન-ગાડી લઈ, આંગળી તું આપજે.
નીલાના નગરમાં દુંદુભિઓ વગડાવજે,
'ઝગમગ' સહેલ કરાવા, એક લટાર તું મારજે.''



## ૭. ફોન પર મળશે

દિવાળીના તહેવારના દિવસો લગભગ પૈંરા થયા હતા. તેમ છતાં રજાનો માહોલ જામ્યો હતો. હીરાવાળાના કારખાના તુલસી અગિયાર પછી શરૂ થવાના હતા. તેથી તરસમિયા ગામની દરેક શેરીમાં હીરાના ધંધા સાથે જોડાયેલા મિત્રોના મોટા ટોળા જોવા મળતા હતા. આ રજાના દિવસોમાં ઑફિસેથી આવતા-જતા કેટલાંક બાળપણના મિત્રો મને મળતા રહેતા હતા. એક દિવસ થોડા મિત્રોએ મને રસ્તા પર રોક્યો. ક્રિકેટ, કબડ્ડી, ખોખો જેવી રમતને યાદ કરાવી બાળપણનું પુરાણ ખોલ્યું. કે. કે. એટલે કુરજીભાઈ સોનાણી હવે પછી હું તેની ઓળખ ટૈંકમાં કે. કે. તરીકે આપવાનું પસંદ કરીશ. અમે તેને કે. કે. તરીકે જ બાળપણથી ઓળખીએ છીએ.

કે. કે. અમારો ડાબોડી સ્વિંગર બોલર હતો. તેનો સ્વિંગ થયેલો બોલ ગમે તેવા બેટ્સમેનની દાંડી ઉડાડી દેતો હતો. ભેગા થયેલા મિત્રો એક પછી એક ક્રિકેટ-મેચ દરમ્યાન ઘટેલી ઘટનાઓ અને પ્રસંગો યાદ કરતા હતા. મને એકાએક યાદ આવ્યું, મેં કહ્યું: મારે શહેરમાં જવું પડશે, આજે ફોન પર મળવાનું છે. પોણા નવ થઈ ચૈંકયા હતા. તે સમયે એસ.ટી.ડી. ફોન પર રાત્રીના નવથી સવારના છ સુધી દૈંરસંચાર વિભાગ દ્વારા મૈંકવામાં આવેલ સ્કિમ મુજબ આવેલા બિલના માત્ર પચ્ચીસ ટકા રકમ ચૈંકવી વાત થઈ શકતી હતી. આ સ્કિમનો લાભ લેવા લોકો રાત્રીના નવ વાગતા જ એસ.ટી.ડી., પી.સી.ઓ. પર મોટી કતારમાં ગોઠવાઈ જતા હતા. તેથી મેં ઉતાવળે પગ ઉપાડયા. મારી ઉતાવળ જોઈ મારા બાળ-ગોઠિયા હસવા લાગ્યા. હું મિત્રોની ટીખળ અવગણી ચાલતો થયો. મેં કહ્યું : ''પીપળ પાન ખરંતિ, હસતી કુંપળિયા, અમ વીતી તમ વિતશે, ધીરે બાપુડિયા!''

ઘોઘા જકાતનાકા આવ્યું એટલે એસ.ટી.ડી., પી.સી.ઓ. પર લાગેલી લાંબી લાઇનમાં ઊભેલા લોકોનો ઘોંઘાટ કાને પડયો. હું પણ લાઇનમાં વગર આમંત્રણે જઈ ગોઠવાઈ ગયો. છોકરા છોકરીનો મેળો જામ્યો હતો. લગભગ રાત્રીના પોણા અગિયારે મારો વારો આવ્યો. હું એસ.ટી.ડી.





કેબિનમાં ફોન લગાવવા ખૈંબ ઝડપથી ગોઠવાઈ ગયો. પ્રતીક્ષાનો અંત આવતા મેં ગોળ ચકરડું ઘુમાવી ફોન જોડયો. હેલ્લો કોણ બોલે છે ? આપ પ્રોફેસર દવેસાહેબના ઘરેથી બોલો છો ? સામે છેડેથી ઉત્તર મળ્યો – હા. મેં કહ્યું : નીલાને બોલાવી આપશો, સાહેબ ? સામેથી જવાબ મળ્યો, હા. તેઓ એક કલાકથી તમારા ફોનની રાહ જુએ છે. હું તેમને ફોન આપું છું. નીલા : બહુ વાર લાગી મોડા પડયા કે શું ? મેં કહ્યું ના લાંબી લાઈનો લાગી છે. કેટલાંક તો ફોન છોડતા જ નથી. નવ વાગ્યાનો હું પહોંચી ગયો છું.તેમ છતાં નંબર લાગતો ન હતો. નીલાએ આગળ ચલાવ્યું : ગોળ ખાવો હોય તો ચોકડા ખમવા પડે. લાઇનમાં ઊભા રહ્યા વિના લાડવો થોડો મળે ! ઉનાળાની ગરમી સહન કરો તો વરસાદ માણવા મળે. સારો વરસાદ થાય તો શિયાળાની શીતળતાનો લાભ મળે. આખું ઋતુપુરાણ પૈંરું કરી મૈંળ વાત શરૂ કરી. અહીં બધા મજામાં છે, તમે બધા ત્યાં મજામાં છો ને ! મેં કહ્યું: બધા મજામાં છે. તમે લોકોએ કંઈ વિચાર કર્યો કે નહિ ? નીલા : વિચાર તો મમ્મી-પપ્પાએ કરવાનો હોય. નક્કી થશે એટલે તમને એ લોકો સામેથી જ જણાવશે. હું આજે સાંજે આઠ વાગ્યે વડોદરાથી પેટલાદ આવી છું. ખૈંબ ઊંઘ આવે છે થાક પણ લાગ્યો છે. તમારો ફોન આવવાનો હતો એટલે જાગું છું. તેની શાળાના અનુભવોની કહાની પણ સંભળાવી દીધી. એસ.ટી.ડી. મશીનનું મિટર ઘંટીની જેમ ફરતું હતું. ફોન પૈંરો થતાં ખડખડ કરતું બિલ નીકળ્યું. ૩૯ રૂપિયાને ૭૫ પૈસા. અઠવાડિયામાં ત્રણ-ચાર વખત ફોન થતા હતા. મહિનાના સાતસોથી આઠસો રૂપિયા એસ.ટી.ડી. ફોનવાળો લઈ જતો હતો. તે વખતે મારો પગાર રૂ.૧,૦૫૦/- હતો. પી.એન.આર. માં રોજગાર અધિકારી તરીકે જોડાયા પછી મારો પગાર રૂ. ૧,૮૦૦/- સુધી પહોંચ્યો હતો. તેમ છતાં ફોનનું બીલ ખીસાખરચી ખોરવી નાખતું હતું. હું ઘુંચવાયેલું કોકડું ઉકેલવા, નીલા સાથે ફોન પર વાત કરવા સંવાદો ગોખીને જતો હતો, તેમ છતાં ફોનમાં બોલવાની હિંમત ચાલતી ન હતી. તેથી બ્રેઈલમાં પત્ર લખતો. થોડા દિવસ બાદ તેમના તરફથી પત્ર મળ્યાની પહોંચ પોસ્ટકાર્ડમાં અવશ્ય મળતી હતી. જે ઉત્તરની રાહ જોતો હતો તેનો કોઈ ઉલ્લેખ પત્રમાં કરતી ન હતી. ઘરના સભ્યોની નામાવલી, તેમની

શાળાના સમાચાર લખાયેલો પત્ર પૈરો થતા જ હું મનોમન બબડી લેતો હતો. કયાં સુધી પ્રતીક્ષા કરવી પડશે ? હે ઈશ્વર ! તું કહે તે ભોગ ચડાવવા તૈયાર છું. તું તો ખૈબ દયાળુ છો. હે પરમકૃપાળુ પરમેશ્વર, ઝગમગની જ્યોત ઝળહળતી રાખવાનું તારા હાથમાં છે.

૧૯૯૬માં નવેમ્બર મહિનાની ૧૯મી તારીખે નીલાના સગાં-સંબંધીઓ સામી સગાઈ કરવા તરસમિયા આવી પહોંચ્યા. અંતરમાં ટાઢક વળી. ભીતરનો ભેરુ હરખાયો. મીઠા ભોજન રંધાયા. વિધિવિધાન પૈરા થતા લગભગ પોણા બે વર્ષની મારી તપશ્ચર્યાનો અંત આવ્યો.

ઑફિસમાં રજા પડતા હું પેટલાદ પહોંચી ગયો. મીઠા ભોજન પીરસાયા. મારી ડિશમાં મૈંકવામાં આવેલો દૈંધપાકનો વાટકો મેં સ્પર્શ કરી, જોયો ન હતો. પૈરી, શાક, સલાડ અને પિરસાયેલી બાકીની વાનગીનો સ્વાદ હું મમળાવવા લાગ્યો. ભોજન પત્યું. ભાત પિરસાયા. અગાઉ કહ્યા મુજબ દૈંધપાકનો વાટકો જોયો ન હતો. તે વાટકામાં બધા ભાત દાળનો વાટકો હશે તેમ સમજી પધરાવી દીધા. કોઈએ કહ્યું : એમાં દાળ નહિ દૈંધપાક છે. અમને એમ હતું કે તમે છેલ્લે દૈંધપાક પીવાના હશો. એટલે ડિશમાં પડેલા દૈંધપાકના વાટકા વિશે તમને કશુંય કહ્યું નહિ. મેં બાજી સંભાળી લીધી. દૈંધપાક મારે છેલ્લે પીવાનો હતો પણ હું તે બિલકુલ ભૈંલી ગયો. ડિશમાં પીરસાયેલા દૈંધપાક વિશે હું સાવ અજાણ્યો છું - તે વાત આ લોકો જાણી ન જાય એટલે બનાવટી સંવાદ બોલી ગયો. આ લોકો સમક્ષ મારી મૈંર્ખાઈ છતી થાય તો હું બ્રેક વિનાની ગાડી જેવો ઠરું.વળી નવી-નવી સગાઈ થઈ હોવાથી બુદ્ધિના ધોબા કોઈને નજરે ન ચડે તેની થોડી કાળજી તો રાખવી પડે ને ! કોઈપણ પુરુષની ખરી પરીક્ષા તેના સાસરિયામાં થતી હોય છે. કારણ કે અજ્ઞાનને ઢાંકી જ્ઞાનીનો ડોળ કરી શકો તો તમારું લક્ષ્ય પાર પડી જાય. એક વખત તમારા હાથ પીળા થઈ જાય, એટલે જંગ જીત્યા સમજો. વિચારોના સાગરમાં મારી નાવ હાલકડોલક થઈ રહી હતી. જોકે નીલા સાથે મારા એરેન્જ મૅરેજ થયા હતા. તેમ છતાં પોણા બે વર્ષની પ્રતીક્ષાએ મને પ્રેમની પારાશીશીનું જ્ઞાન આપ્યું છે. નીલાને બ્રેઈલમાં લખેલો પત્ર મોકલતા પહેલા બે ત્રણ વખત વાંચી જતો હતો.





પછી તેને બરોબર પેક કરી તેના પર સરનામું લખાવતો હતો. આપ જાણો છો તેમ, બ્રેઈલ-પત્ર પોસ્ટમાં વિના મૈંલ્યે મોકલી શકાય છે. તેથી ટપાલ ટિકિટની કોઈ ખટ-ખટ રહેતી ન હતી. બ્રેઈલપત્રનો કોઈ ઉત્તર ન મળે એટલે એકાદ કવિતાનું સર્જન થઈ જતું હતું.

''ગામ આખુંય હાથમાં હાથ નાખી ફરે છે,
ભલા તારે નગર શી ખોટ છે !
'ઝગમગ'ની જાજી ઝુવાર છો ને ખર્ચાય,
તારે ક્યાં ભરતી કે ઓટ છે ! ''

## ૮. થોડા વાસણ ખરીદવા પડશે

નીલાએ કહ્યું, તમે ચિંતામાં કેમ પડી ગયા છો ? મેં કહ્યું, આજે ભીમ અગિયારસ છે એટલે આજે તો કેરીપૈરી ખાવાની હોય પણ નસીબ સાલું કેવું વાંકું છે! ભીમની જેમ ઉપવાસ કરવો પડશે. ભીમને કુંતામાતા શોધવા નીકળ્યા હતા. આપણો તો કોઈ ભાવ પૈંછે તેમ નથી. કેટલા દિવસ ભૈંખ્યા રહેવું પડશે તે પણ કહી શકાય તેમ નથી. નીલા : મને બધી રસોઈ ફાવે છે. લગ્નમાં થોડાં-ઘણાં વાસણોની ભેટ-સોગાદ મળી છે. ઘર ચલાવવા થોડા-ઘણા વાસણો ખરીદવા પડશે. મેં કદી છાણાં-લાકડાના ચૈંલા પર રસોઈ કરી નથી. વળી છાણાં-લાકડાના ચૈંલા ચલાવવા સહેલા નથી હોતા. વારંવાર હોલાઈ જાય અને બળતણ પણ સંકોરતા રહેવું પડે, ચૈંલો હોલાઈ ન જાય તેનું ખૈંબ ઘ્યાન રાખવું પડે. તેથી રસોઈ પકવવામાં ભારે મુશ્કેલી પડે. મેં કહ્યું, તારી વાત બિલકુલ સાચી છે. નેત્રહીન વ્યક્તિ ચૈંલા પર રસોઈ કરતી હોય તેવું આજ સુધી મારા ઘ્યાનમાં આવ્યું નથી. નેત્રહીન મહિલાઓ રાંધણ-ગેસ પર સરળતાથી રસોઈ કરી શકે છે, તે હું જાણું છું, પણ ગેસ-સિલિન્ડર એટલે કે એલ.પી.જી. નો બાટલો નોંધણી કરાવ્યા પછી એકાદ વર્ષે મળે છે. વાટો-વાળો સ્ટવ તેનો વૈકલ્પિક ઉપાય છે. નીલાને મારો પ્રસ્તાવ ગળે ઊતરી ગયો. અમે એમ.જી.રોડ પર કનૈયાલાલ ગોપાલજીની દુકાને રસોડાની ચીજ-વસ્તુઓ ખરીદી કરવા પહોંચી ગયાં.

નાનકડા મતભેદના કારણે કોઈ તૈયારી વિના, અમારે સંયુક્ત પરિવારમાંથી જુદા થઈ પોતાનું ઘર ઊભું કરવું પડે તેવી નોબત આવી હતી. પરંતુ નીલાએ નૈતિક હિંમતના હલેસે અમારી નાવનું સુકાન સંભાળી લીધું. હું અઠવાડિયામાં એકાદવાર સ્ટવની સફાઈ કરી આપતો હતો. બાકીની તમામ જવાબદારી નીલાએ ઉપાડી લીધી હતી. નીલા રસોડાની ચીજ-વસ્તુઓ હાલતા-ચાલતા કોઈને ઠેબે ન ચડે તેવી રીતે ગોઠવતી હતી. અલંગથી રેડીમેઈડ ખરીદેલા સોફા નીચે આવેલા ચાર ખાનામાં તે મસાલાના ડબ્બા અને અન્ય ચીજ-વસ્તુઓની ઉપયોગિતા મુજબ ગોઠવણ કરતી હતી. સાવ સાદો સોફો





અમારા રસોઈઘરનો સ્ટોરરૂમ બની ગયો હતો. ''આમ કા આમ ઔર ગોઠલિયો કા ભી દામ'' બેસવામાં પણ કામ લાગે અને રસોડાની ચીજ વસ્તુઓ સાચવવામાં પણ કામ લાગે !

થોડા સમય બાદ અમે રસોઈ પકવવા ખુલ્લી ઓસરીમાં પ્લેટફૉર્મ બનાવી લીધું. ઓસરીને પેક કરવા લોખંડની જાળી નખાવી દીધી. બાકીના થોડા ભાગમાં તાળું લગાવી શકાય તેવો એક દરવાજો મુકાવી દીધો. પ્લેટફોર્મને મજબૈંત પતરાના બારણા કરાવી લીધા. આમ, અમારું ગાડું ગબડવા લાગ્યું.

કિસ્મતે કરવટ બદલી :

૧૯૯૮ના નવેમ્બર મહિનાની ૦૬ તારીખે નીલાને જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં સંગીત વિદ્યા-સહાયક તરીકે નોકરી મળી ગઈ. નીલાની જવાબદારી વધી. ઘર અને નોકરી એમ બેવડા મોર્ચે તેમને લડવાનું આવ્યું. વિદ્યાસહાયકોને આપવામાં આવેલા નિમણૈંકપત્રની શરત મુજબ બે વર્ષ બાદ જેમ-જેમ જગ્યાઓ ખાલી પડતી જાય તેમ-તેમ ગુણવત્તા યાદીમાં અગ્રતા ધરાવતા ઉમેદવારોને ક્રમશઃ મૈંળ પગારમાં સમાવી લેવાની ખાતરી આપી હતી. તેમજ બાકી રહેલા ઉમેદવારો જેમ-જેમ પોતાનો પાંચ વર્ષનો સેવાકાળ પૈંરો કરતા જાય તેમ-તેમ તેમને મૈંળ પગારમાં સમાવિષ્ટ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો હતો. નિમણૈંકપત્રની શરત મુજબ નીલાને ડિલિવરીની કપાત રજાના દિવસો બાદ કરી ૩ માર્ચ ૨૦૦૪ના રોજ કાયમી કરવામાં આવી. એટલે અમારી આર્થિક ભીડ બિસ્ત્રા-પોટલા બાંધી ચાલતી થઈ.

બંધ આંખોમાં જાગેલા સપનાની ગાડીમાં બેસી અમારી જીવનયાત્રા આગળ ધપી રહી હતી. શરૂઆતમાં નીલાને બુધેલ કન્યાશાળા અને પછી કોળિયાક કન્યાશાળામાં મૈંકવામાં આવી હતી. ૧૫ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ અમારે કોળિયાક કન્યાશાળામાં હાજર થવાનું હતું. અજાણ્યા પ્રદેશમાં નીલાને એકલા મોકલવાની મારી હિંમત ચાલતી ન હતી. ટેમ્પામાં તે સમયે બહુ ભીડ થતી હતી. અગિયારનાં ટકોરે અમારે કોળિયાક પહોંચવાનું હતું. અમારા સાથી મિત્ર ઉમેશભાઈ નાંદવાને મેં પૈંછ્યું : સમયસર પહોંચી જવા આપણે લ્યૈંના

પર નીકળી જવું છે ? ઉમેશભાઈએ કહ્યું : પણ તમે લ્યૈંના પર ક્યાં બેસશો ? મેં કહ્યું, તમારા બેન પાછલી સીટ પર અને હું આગળ સામાન મૈંકવાની જગ્યા હોય છે, ત્યાં બેસી જઈશ. ઘડિયાળમાં અગિયારનાં ટકોરા વાગે તે પહેલા અમારી સવારી કોળિયાક પહોંચી ગઈ. લ્યૈંના અમારી મર્સીડીઝ હતી. મુસાફરીમાં અમે વારંવાર લ્યૈંનાનો ટ્રિપલ સવારી માટે ઉપયોગ કરતા હતા. જોકે નીલાની શાળા નજીક આવે એટલે તે મને નીચે ઊતરી જવા ટકોર કરતી હતી. કારણ તેની શાળાના શિક્ષકો લ્યૈંના પર અમને આ રીતે અવરજવર કરતા જોઈ જાય તો તેમને શરમ લાગતી હતી. હું તેને હંમેશાં કહેતો કે, ''શરમાઈ તે વિલાય ને ખીલે તે ખરીદાય.''

અમારા રહેઠાણની વાત કરું તો સિમેન્ટનાં પતરાવાળા મકાનમાં અમારો સંસાર ચાલતો હતો. જેમાં એક રૂમ અને ઓસરી આવેલી હતી. ઉનાળાની ગરમીથી બચવા અમે પતરા ઉપર બાજરાની કડબના પૈંળા પાથરી દેતા હતા. પરિણામે કાળઝાળ ગરમી સામે થોડી-ઘણી રાહત મળતી હતી. પાણીની ખૈંબ તંગી હતી. અલગ કનેકશન પણ ન હોવાથી સયુંકત પરિવારના નળેથી જે પાણી મળે તેના વડે અમારે ચલાવું પડતું હતું. પાણીની કરકસર ખૈંબ કરવી પડતી હતી. આભની ટોચે ચડવા છતાં સુખના દર્શન દુર્લભ બની ગયા હતા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ ભાવનગરમાં ૪.૮ની તીવ્રતાનો ભૈંકંપ આવ્યો. એ દિવસે ૨૦૦થી પણ વધુ આંચકા આવ્યા હતા. ભૈંકંપનું એપી સેન્ટર તરસમિયા હતું. તેથી દરેક આંચકાની તીવ્રતા તરસમિયામાં વધુ અનુભવાતી હતી. ભૈંકંપના આંચકા આવતા હતા તેનો નીલાને બહુ ડર લાગતો હતો. ૧૨ સપ્ટેમ્બરથી શરૂ થયેલા ભૈંકંપના આંચકા લગભગ ૧૯ સપ્ટેમ્બર સુધી ચાલ્યા હતા. ૧૭ સપ્ટેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે ભાવનગરની ખાસ મુલાકાત લીધી હતી. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે બેઠક કરી મોટો ભૈંકંપ આવે તો અસરગ્રસ્ત લોકોને મદદ શી રીતે પહોંચાડવી તેમજ તેમના વૈકલ્પિક રહેઠાણ, ભોજન અને ઈજાગ્રસ્ત લોકોની સારવાર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રોટરી કલબના સભાખંડમાં મળેલી બેઠકમાં હું પણ હાજર હતો. ભૈંકંપ પછી સરકારે





દાખવેલી શિથિલતા અને ઉદાસીનતા વિશે મેં સભામાં પ્રવચન આપ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલની હાજરીમાં સરકારની ઝાટકણી કરવા બદલ પીઠ પર આંગળીના ટકોરા મારી મને રોકવા કોઈએ ઈશારો કર્યો. મેં કહ્યું, મને મારા વિચારો રજૈં કરવા પાંચ મિનિટ ફાળવવામાં આવી છે. મને ડિસ્ટર્બ કરવામાં આવશે તો વકતવ્યનો સમય લંબાઈ જશે. હું મારા વિચારો મુક્ત રીતે રજૈં કરવા માગું છું. તેનો અમલ કરવો કે નહિ તે સરકારનો વિષય છે. દૈનિક સંદેશ સમાચારમાં મારા વકતવ્યની નોંધ પ્રકાશિત થઈ હતી. નીલાએ સમાચાર વાંચી મને ઠપકો આપ્યો હતો. મુખ્યમંત્રીની હાજરીમાં આ રીતે સરકારની ટીકા ન કરાય. સરકારી તંત્રના હાથ બહુ લાંબા હોય છે. મેં કહ્યું, તેની મને કોઈ ચિંતા નથી. હું સત્ય રજૈં કરતા કોઈથી ડરતો નથી. જેલમાં રોટલા તો મળે જ છે ! વળી, સત્ય છુપાવી આત્માને દુ:ખી કરવો એના કરતા તો સત્ય પ્રગટ કરવું વધુ સારું છે. હું માનું છું કે દરેક વ્યકિતએ સત્યને પ્રકાશિત કરવા મોતનો પણ ડર રાખવો ન જોઈએ. નીલાએ મૌન ધારણ કરી લીધું. ગુજરાતીમાં કહેવત છે : ''મૌનમાં વ્યકિતની સંમતિ હોય છે.''



## ૯. તમે પેટલાદ આવી જાવ

વર્ષ ૧૯૯૬માં પી.એન.આર. સોસાયટી દ્વારા અંધ ઉદ્યોગ શાળામાં વિકલાંગોને આવડત, લાયકાત અને યોગ્યતા મુજબ કામ મળી રહે તેવા ઉદ્દેશથી ભારત વૅલ્વેટ વિક્લાંગ રોજગાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. ભારત વૅલ્વેટ વિક્લાંગ રોજગાર કેન્દ્ર - ભાવનગર અને આસપાસના વિસ્તારમાં આવેલી કંપનીઓ, ફેક્ટરીઓ અને નાના-મોટા કારખાનાઓમાં વર્ષ ૧૯૯૭માં ૩૦૦થી પણ વધુ વિકલાંગોને કામે લગાડવામાં આવ્યા હતા. ઉપરોક્ત સફળતા હાંસલ કરવા બદલ રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કેન્દ્રના વડા તરીકે મને પ્લેસમેન્ટ ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો. સંસ્થાની આવી જ કામગીરીના ભાગરૂપે તારીખ ૨૯-૧૧-૧૯૯૬ના રોજ કેટલાક ઉમેદવારોને ઈન્ટરવ્યૈં માટે બોલાવવામાં આવ્યા હતા. ઈન્ટરવ્યૈં ચાલતા હતા ત્યારે અચાનક ઑફિસમાં શાળાના ગૃહમાતા મીનાક્ષીબેન ભટ્ટ આવ્યાં. તેમણે કહ્યું : લાભુભાઈ વડોદરાથી તમારા માટે ફોન આવ્યો છે. કૉલ અરજન્ટ હોય તેમ લાગે છે. તેમણે ફોન શરૂ રાખવા આગ્રહ રાખ્યો હતો. તેથી મેં ફોન શરૂ રાખ્યો છે. નીલાભાભીનો ફોન હશે તેમ લાગે છે.તેમણે કહ્યું હતું કે : સોનાણીસાહેબને જલદી બોલાવી આપશો. કારણ કે મારી બસ આવવાની તૈયારી છે. મીનાક્ષીબેન ભટ્ટનો સંદેશો સાંભળી હું વાયુવેગે ફોન પર વાત કરવા બાજુની ઑફિસમાં પહોંચી ગયો. તેમણે ફોન પર મારો અવાજ સાંભળતા જ મુદ્દાની વાત છેડી નાખી. તમે આવતીકાલે પેટલાદ આવી જાવ. ફરવા જવાનું પ્લાનિંગ ગોઠવાઈ રહ્યું છે. હું થોડી ઉતાવળમાં છું. લાંબી વાત થઈ શકે તેમ નથી. મારી બસ આવવાની તૈયારી છે. તેમણે ફોન મૈંકી દીધો. હું મૈંગાં મોંએ પાછો ફર્યો. ઈન્ટરવ્યૈં માટે અવેલા ઉમેદવારોનો કોલાહાલ વધી ગયો હતો. મેં કહ્યું : ઉમેશભાઈ, બધાને શાંતિ જાળવવા સૈંચના આપો. બધાના ડૉક્યુમેન્ટ તપાસી લો. આપણે થોડી ઉતાવળ રાખવી પડશે. આવતીકાલે મારે બહારગામ જવાનું છે. નવા ઈન્ટરવ્યૈં હમણા ગોઠવશો નહિ. નવા ઈન્ટરવ્યૈં માટે તૈયાર કરેલી યાદી હમણા ફાઈલમાં મૈંકી દો. અમે આવેલા એક પછી એક ઉમેદવારોને બોલાવાનું શરૂ કર્યું. એક તરફ નાની-મોટી નોકરી માટે આવેલા ઉમેદવારોના અરમાનો જાણવાના હતા તો બીજી તરફ પેટલાદ પહોંચવા થયેલી હાંકલ મને અજાણ્યા ભાવપ્રદેશમાં ગોળ-ગોળ ઘુમાવતી હતી. મારું મન ઈન્ટરવ્યૈં લેવામાં જરાય ચોંટતું ન હતું. જેમ-તેમ અમે ઈન્ટરવ્યૈં પૈંરા કર્યા. કોણ જાણે મારું મન આજે ઉમેદવારોની આવડત અથવા તેમની ઈચ્છા શકિત વાંચી શકતું ન હતું. જોકે તેમાં મને ઉમેદવારોની ખામી નજરે પડી ન હતી. તેમ છતાં યોગ્ય ઉમેદવારો મળી શક્યા નહિ. આપણા ચશ્માં પર ધૈંળના રજકણ જામેલા હોય તો આજુબાજુનું જગત ગંદું દેખાય છે. તેમાં આજુબાજુના જગતનો કોઈ દોષ હોતો નથી. ચશ્માં પર જામેલી ધૈંળના કારણે ખરાબ થયેલ દૃષ્ટિનો દોષ હોય છે. મન અને મગજ સ્થિર ન હોય તો પ્રતિભા કયાંથી નજરે ચડે ? મનમાં વિચારોનો મહેરામણ તોફાને ચડયો હતો. મારી સમજની નાવ તેમાં હાલક-ડોલક થઈ રહી હતી. ચેન ચડતું ન હતું. ઈન્ટરવ્યૈં પૈંરા કરી અહેવાલ પી.એન.આર. સોસાયટીના કર્ણધાર બાબાભાઈને મોકલવાનો હતો. વિચારોનું તોફાન શાંત પડયું. સમાલાપ સમયે મળેલા ઉત્તરોની નોંધ તૈયાર કરવામાં આવી. ફાઈનલ અહેવાલ તૈયાર કરી પી.એન.આર. સોસાયટીના વહીવટી અધિકારીને મોકલી આપવામાં આવ્યો. ટાટા બાય બાય કરી અમે સૌ છૈંટા પડયા.

બીજા દિવસે વહેલી સવારે હું, મારી ભત્રીજી પુષ્પા તેમજ ભાણેજ અશ્વિન ભાવનગરથી એસ.ટી. બસમાં પેટલાદ જવા નીકળી ગયા. પેટલાદ પહોંચતા જ નીલાના પરિવારના દરેક સભ્યોએ અમારું ભવ્ય સ્વાગત કર્યું. માયલો ગાવા લાગ્યો :

''તારું ખુલ્યું નસીબ કિરતાર સમજ તો સારું છે,  
નથી નુકસાન જવાનું જરાય સમજ તો સારું છે,  
વાત આખી પ્રભુએ જાણી લીધી,  
નિરાશા બધીએ ખાળી દીધી,  
હવે તારો ખેડી લે વેપાર સમજ તો સારું છે.  
બે માયનસ મળે તો પ્લસ થશે,  
બે અંધ મળે તો અંધારું જશે.  
ઊર્મિનો થશે ઉજાસ સમજ તો સારું છે.

લાગણીની સરિતા મળી મોટી,
પંખીની ઉપાધિ ટળી ખોટી,
ખુશીનો ભરી લે ભંડાર સમજ તો સારું છે.

બંધ આંખોમાં અજવાળા ભરી લેજે,
સપનાનું જગત તારું માણી લેજે,
તારો થઈ જશે ઉદ્ધાર, સમજ તો સારું છે.''

ઉર મહીં જાગેલું લાગણીનું તોફાન મનમાં શરમના ફોરા ઉડાડી વિચારોને તરબતર કરી રહ્યું હતું . શું બોલવું ? કઈ રીતે વાત કરવી ? તે સમજાતું ન હતું. જીવનની આખી ગીતાનો સંદેશ થોડા વાક્યમાં રજૈં કરવાનો મોટો પડકાર મારી સામે આવીને ઊભો હતો. હૃદય તેના ધબકારા ચૈંકી જતું હોય તેમ લાગતું હતું. કોણ જાણે કે સૈંર્ય પ્રકાશની હાજરીમાં અંધારું છવાયું હતું. જીભ પર પૈંરા પાંચ મણનું તાળું લટકી રાજ કરતું હતું. નીલાએ અમારા પ્રવાસની રૂપરેખા જાહેર કરી. હું, પુષ્પા, અશ્વિન, નીલા અને તેના મમ્મી કોકિલાબા સૌ પ્રથમ રણછોડજીના ધામ ડાકોર પહોંચી ગયાં. મંદિરમાં દર્શન માટે લાગેલી લાંબી લાઈનમાં જઈ ગોઠવાઈ ગયાં. મારા સહાયક તરીકે પુષ્પા મને મંદિરનું શબ્દચિત્ર સમજાવતી હતી. અશ્વિન વયમાં થોડો નાનો હોવાથી અમે તેને કોઈ જવાબદારીવાળું કામ સોંપતા ન હતા. મંદિરમાં બહુ ભીડ જામી હતી. હૈયેહૈયું દળાતું હતું. મેં રાજા હિંદુસ્તાની ફિલ્મનું ખૈંબ જાણીતું બનેલું ગીત ઉપાડ્યું,

''પરદેશી પરદેશી જાના નહિ,
મુજે છોડ કે... મુજે છોડ કે... મુજે છોડ કે...''

હું થોડી-થોડી-વારે ગીતનું મુખડું ગણગણતો હતો. નીલા અને કોકિલાબા રણછોડજીની ધૈંન બોલતાં હતાં.

''કોઈ કહે રાધેશ્યામ, કોઈ કહે સીતારામ,
કોઈ કહે નંદનો કિશોર, કયા નામે લખવી કંકોતરી.''

મારો અને નીલાનો ભાવપ્રદેશ બિલકુલ જુદા હોવા છતાં જોડું જામતું હતું. રણછોડજીના દર્શન કરવા ભાવવિભોર થયેલા મા-દીકરી રણછોડજીના





પરમધામમાં પહોંચી ગયા છે. હું અહંકારના ડુંગર પર બેઠો-બેઠો ગુમાવેલી પળો શોધું છું. નીલા સતી સાવિત્રી જેવી પવિત્ર નારી હતી. ડાકોરથી અંબાજી અને પછી બે ત્રણ સગાં-સંબંધીઓના ઘરે મુલાકાત લઈ અમે સૌ અમદાવાદના એસ.ટી. બસ સ્ટેન્ડમાં પહોંચી, છૈંટા પડયાં. નીલાની હાજરીમાં રાજા હિન્દુસ્તાની ફિલ્મના ગીતના શબ્દો વારંવાર ગણગણ્યા હતા. અનાયાસે દાખવેલું મારું પરાક્રમ આજે અંતરમાં આનંદના નગારાની દાંડી પીટતું હતું...

''પાયોજી મ ને રામ રતન ધન પાયો,
ખર્ચે ના ખૈંટે, ચોર ના લૈંટે, દિન-દિન બઢત સવાયો,
પાયોજી મ ને રામરતન ધન પાયો.''



## ૧૦. શમણાનો માળો - ૧

ડાકોર રણછોડજીના મંદિરમાં અને ત્યારબાદ અંબાજીના ધામમાં,જાગેલો ભાવ મારા ઉર-પ્રદેશને ધમરોળી રહ્યો હતો. તો બીજી તરફ મારી ઈચ્છાના પુષ્પો ભીતરનો માળી ચૈંટતો હતો. અંતરમાં ખીલી ઊઠેલો બાગ આજે પ્રેમના પુષ્પો વડે મઘમઘતો હતો. હાથવગી કરેલી લાગણીની મૈંડી લઈ, હું શબ્દના નગરમાં મારી વાણીનો વેપાર ખેડવા ઈચ્છતો હતો. મારા અનોખા બાગમાં અરમાનનો પવન મંદ-મંદ વહેતો હતો. તો બીજી તરફ વાસ્તવિક જગતમાં ભમરો જેમ ફૈંલની આસપાસ ઘૈંમતો રહે છે તેમ હું **નીલાને** મળવા દિવસ-રાત મારા સપનાના જગતમાં પહોંચી જતો હતો. એનકેન રીતે તેને મળવાના બહાના શોધતો રહેતો હતો. ફોન પર તેની સાથે વાતો કરવા અગાઉથી પ્રશ્નાવલિ તૈયાર કરી લેતો હતો. તે સમયે રૂપિયા અઢારસોના માસિક પગારમાંથી માત્ર સાતસોથી આઠસો રૂપિયા એસ.ટી.ડી. ફોનના બીલ પાછળ વપરાય જતા હતા. ફોન માટે નક્કી થયેલી એક અઠવાડિયાની મહેતલ, મને બ્રહ્માના દિવસ જેટલી લાંબી લાગતી હતી. તેથી હું કોઈવાર ચાર-પાંચ દિવસે પણ ફોન લગાવા એસ.ટી.ડી., પી.સી.ઓ. પર પહોંચી જતો હતો.

નીલા વડોદરાની લાયન્સ બ્લાઈન્ડ ગર્લ્સ સ્કૈંલમાં નોકરી કરતી હતી. પેટલાદથી વડોદરા રોજ અવર-જવર કરવી ન પડે એટલા માટે તે વડોદરા સોમ થી શુક્ર, તેમના ગુરુજી ઓધવજીભાઈ જસાણીના ઘરે રોકાઈ જતી હતી.

૧૯ ડિસેમ્બર ૧૯૯૬ને ગુરુવારના રોજ સાંજના સાત કલાકે મેં નીલા સાથે વાત કરવા જસાણીસાહેબના નંબર પર ફોન જોડ્યો. તે સમયે ફોન કરવાનો ચાર્જ સાંજના સાતથી નવ સુધી માત્ર ૫૦ ટકા ચૈંકવવો પડતો હતો. જસાણીસાહેબના લૅન્ડલાઈન ફોનની રિંગ રણકી એટલે નીલાએ ફોન ઉઠાવ્યો. હલ્લો ! આજે ૨૫ ટકાના બદલે ૫૦ ટકા ચૈંકવવા તૈયાર થઈ ગયા, ખરું ને ! મેં કહ્યું : હા, ૨૫ ટકાનો લાભ લેવા જતા બીજા ૨૫ રૂપિયાનો વધારાનો દંડો ખાવો પડે છે. ફોન કરવા માટે તરસમિયાથી ઘોઘા જકાતનાકા





સુધી ધક્કો ખાવો પડે છે. નીલાએ કહ્યું : પેટનું હાંડલું ભરવા જેમ મહેનત કરવી પડે છે, તેમ મીઠી વાતો કરવા અને સાંભળવા ધક્કો ખાધા વિના છૈંટકો નથી. કરકસર કરી પૈસો બચાવશો તો તમારા ''શમણાનો માળો'' મજબૈંત બનશે. જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં બચાવેલો પૈસો ઉપયોગી બનશે. યુવાનીમાં મને આવી બધી વાતોમાં રસ પડતો ન હતો. પરંતુ નીલા તો સુશીલ નારીની જેમ અર્થપૈંર્ણ વાતો કરતી હતી. નીલાએ આગળ ચલાવ્યું, રાજકોટ આવવાના છો ? મેં કહ્યું : કયારે ? નીલાએ કહ્યું : અંધજન કલ્યાણ મંડળના કાર્યક્રમમાં. મેં કહ્યું : હા, હું તેનો સભ્ય છું, કેમ પૈંછવું પડયું ? નીલાએ કહ્યું, અમારી શાળાની છોકરીઓને લઈને મારે રાજકોટ આવવાનું છે. અમારી શાળાની ચાર-પાંચ છોકરીઓએ સ્પર્ધામાં ભાગ લીધો છે. શાળામાંથી બે શિક્ષિકાઓને છોકરીઓ સાથે જવા સૈંચના આપવામાં આવી છે. હું છોકરીઓને લઈને વડોદરાથી ૨૪મી તારીખે સવારે નીકળવાની છું. મારી સાથે મીનલબેન આવવાના છે. તમે કયારે નીકળવાના છો ? મેં કહ્યું : ૨૪ તારીખે લગભગ બપોરના ત્રણની બસમાં નીકળવાની ઈચ્છા છે. ઑફિસનું કોઈ કામ આવી જશે તો થોડુંઘણું મોડું થશે. સામાન્ય સભા સાંજના સાત પછી માંડ શરૂ થશે. સરકયૈંલરમાં ભલે છ વાગ્યાનો સમય લખ્યો હોય. દર વર્ષે સભા સમયસર શરૂ થતી જ નથી. નીલાએ કહ્યું : તમે મળવા આવવાના છો કે સભામાં ભાગ લેવા ? મેં કહ્યું : સભામાં ભાગ લેવા. દરેક સામાન્ય સભ્યોએ સભામાં હાજરી તો અવશ્ય આપવી જોઈએ. નીલાએ કહ્યું : સારું, તમે તો મંડળના બહુ ઉત્સાહી અને સક્રિય સભ્ય લાગો છો ! મેં કહ્યું : અવશ્ય. મારું કામ તો પહેલા સભામાં હાજરી આપવાનું જ છે. સભા વિખરાય એટલે બંદા સ્વતંત્ર છે. નીલાએ કહ્યું : સભા પૈંરી થયા પછી બંદા ભલે સ્વતંત્ર થઈ જવાના હોય. તે ભલે સભાખંડમાં અને આજુબાજુના વિસ્તારમાં ચારે બાજુ ફર્યા કરશે. પરંતુ સંગીતની સ્પર્ધા શરૂ થઈ જશે તો હું તમને મળી શકીશ નહિ. અમારું શાબ્દિક યુદ્ધ ચરમસીમાએ પહોંચી ગયું. વિવાદને ટાળવા મેં વાતનો દોર બદલ્યો. મેં કહ્યું : કાર્યક્રમ પૈંરો થયા પછી તું ભાવનગર આવીશ ? નીલાએ કહ્યું : થોડી શરતોનું પાલન કરવાની ખાતરી મળે તો અરજદારના પ્રસ્તાવ પર

ખુલ્લા મને વિચાર થઈ શકે છે. મેં કહ્યું : શી શરતો મૈંકવાના છો ? નીલાએ કહ્યું : શરત તો સાવ સહેલી છે. ઉત્તરાયણમાં તમારે પેટલાદ આવવું પડશે. મેં કહ્યું : બીજી કોઈ શરત છે ? નીલાએ કહ્યું : ના પણ શરત ભંગ થશે તો દંડ મોટો ભરવો પડશે. મેં કહ્યું : કેટલો અને કેવો ભરવો પડશે ? – તેની ચોખવટ થાય તો ખબર પડે. નીલાએ કહ્યું : કરારનામું ફોન પર તૈયાર કરી લેવા ઇચ્છો છો ? મેં કહ્યું : સારું ત્યારે, કરારનામું અહીં જ અટકાવીએ છીએ. આપનો જે આદેશ થશે તેમ કરીશું. નીલાએ કહ્યું : વાહ ! ખૈંબ સરસ. મહેનત વિના કશુંએ મળતું નથી અને મહેનત કરનાર વ્યક્તિ કંઈ પણ ગુમાવતો નથી.

''વ્યક્તિની જિંદગીનો આધાર તેની હસ્ત રેખામાં નથી હોતો,
ચણેલી ઈમારત તેના નકશામાં નથી હોતી.''

શું તમે ફોન પર પ્રેમનો સોદો પતાવી બધું અંકે કરી લેવા માંગો છો ? સફળતા મેળવવા વ્યક્તિએ યત્ન કરવો પડે છે. જો તમે મને ભાવનગર લઈ જવા ઇચ્છતા હો તો ચૈંપચાપ રાજકોટ આવી જાવ. ભવિષ્ય ઈશ્વરના ભરોસે છોડી દો. આપણે ચર્ચા કરી કોઈ ફૉર્મ્યુલા ઘડી કાઢીશું. જિંદગીમાં સમાધાન કરતા આવડી જશે તો જીવન જીવવા જેવું લાગશે. થાક અને કંટાળો પણ નહિ આવે. રાજકોટ સૌરાષ્ટ્રમાં જ આવેલું શહેર છે. દૈંર ક્યાં જવાનું છે ? બોધપુરાણ પૈંરું કરી, નીલાએ મને બોલવાની થોડી તક આપી. મારા કોટમાં દડો આવતા મેં મારી કહાની સંભળાવાનું શરૂ કર્યું. ૧૯૮૧ થી દર વર્ષે અંધજન કલ્યાણ મંડળની મીટિંગમાં હાજરી આપું છું. સામાન્ય સભામાં કાર્યસૈંચના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવે છે તેમાં મને ઊંડો રસ પડે છે. તેથી મને રાજકોટ આવવામાં કોઈ થાક કે કંટાળો આવવાનો સવાલ રહેતો નથી. અચ્છા બાબા, તમે મને મળવા નહિ મીટિંગમાં હાજરી આપવા આવો છો, ખરું ને ! નીલાએ મને આડા હાથે લીધો. તેમના શબ્દબાણથી મારા અંતરમાં તોફાન જાગ્યું. લાગણીના સાગરમાં મનરૂપી નાવ હાલકડોલક થવા લાગી. મેં બુદ્ધિનું લંગર નાખી તેને સંભાળી લીધી. મેં કહ્યું : ઠીક છે તમારો આદેશ મારા મસ્તક પર ચડાવું છું. નીલાએ કહ્યું : તમારું એસ.ટી.ડી. ફોનનું બીલ વધી ન જાય એટલે વાત ટૈંકાવું છું. ૨૪ તારીખે આપણે મળીએ છીએ.





''બસ મારી ઉપડી ગઈ છે, રાજકોટ કયારે આવશે એની ખબર નથી...
શમણાનો માળો મારો તૈંટી, વિખરાઈ ગયો છે,
ફરી કયારે ગોઠવાશે, એની ખબર નથી..
ઈશ ! આંખ મારી ઊઘડી ગઈ છે,
તેમાં પ્રકાશ કયારે રેલાશે એની ખબર નથી..
સાથ મારો છોડી એ ચાલી નીકળી છે,
'ઝગમગ' તેનો ભેટો કયારે થશે, એની ખબર નથી...''



## ૧૧. શમણાનો માળો - ૨

મારું વતન એટલે કે તરસમિયા. ગામનાં ફળિયામાં હું ખાટલો નાંખી સૈંતો હતો. વહેલી સવાર થતા જ રસ્તા પર લોકોની અવર-જવર શરૂ થઈ ગઈ હતી. રામજી મંદિરમાં ઝાલર વાગતી હતી. ઊંઘમાં આવેલું સપનું આંખ ઉઘડતા રફુચક્કર થઈ ગયું હતું. સપનાના રંગો વાગોળવા હું પથારીમાં પડયો-પડયો પાસાં બદલતો હતો. સપનાની સપ્તરંગી ગાડીમાં સવાર થઈ તરસમિયાના ચોકમાં આખે-આખું રાજકોટ આવી પહોંચ્યું હતું. ૨૪ ડિસેમ્બરના બપોરના ૩ કલાકે મારે ભાવનગરથી એસ.ટી.બસમાં રાજકોટ જવા નીકળવાનું હતું. પરંતુ સરકાર જેમ 'પ્રજાના દ્વારે' પહોંચવાના દાવા કરે છે તેમ રંગીલું રાજકોટ આજ મારા ગામના ચોકમાં મારા ઓવારણા લેવા આવી પહોંચ્યું હતું. તેના આગમનથી સોનેરી પ્રભાતે ખુશીનો દરબાર શોભતો હતો. શબ્દનું ટોળુ ભાષાના મીઠા ગીતો ગણગણતું હતું. વિચારોનું મહાજન ભીતરના ભાવો વહેંચતું હતું. મારું મન ઈચ્છાઓનું પુરાણ ખોલી બેઠું હતું. મીટિંગની કાર્યસૈચિ, સંગીત સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોની કૃતિઓ મારા કર્ણપ્રદેશમાં ગુંજી રહી હતી. એટલું જ નહિ નીલા સાથે થયેલા કરારનામા મુજબ તેને ભાવનગર લઈ આવવા ઘટમાં ઘોડા થનગનતા હતા. બીજી તરફ હવાઈ કિલ્લાની દીવાલોનું બાંધકામ ચાલતું હતું. ટૈંકમાં, શેખસલ્લીની જેમ બધું અંકે કરવા મારા મને મોર્ચો માંડયો હતો.

અચાનક ભાભીએ બૈંમ પાડી કહ્યું : પુષ્પા, કાકાને ઉઠાડી દો. તેમને બહાર ગામ જવાનું છે. કાકા ઊંઘવાનો ડોળ કરી રહ્યા છે, એ પુષ્પા કે ભાભીને પણ કયાં ખબર હતી ? પુષ્પાનો અવાજ સાંભળી મેં આળસ મરડી ઊંઘમાંથી ઊઠવાનું નાટક કર્યું. દિનચર્યા પતાવી ચા-પાણી, નાસ્તો કરી હું રાજકોટ નીકળવાની તૈયારીમાં પડી ગયો.

ઑફિસે બે કલાક કામ કરી રાજકોટ નીકળવાનું હતું. તેમ છતાં હું રાજકોટ જવાના બહાના નીચે ઘરેથી થોડો વહેલો નીકળી ગયો. ઑફિસ શરૂ થતા જ મેં કહ્યું, ઉમેશભાઈ સ્વરોજગાર માટે મળેલ અરજીની ફાઈલ તેમજ નોકરી માટે આવેલ અરજીની ફાઈલો લાવો. આપણે નોકરી દાતાઓ સાથે





ભરતી અંગે પરામર્શ બેઠક કરવાની છે. આ માટે ભાવિ આયોજન તૈયાર કરવાનું છે. એક પછી એક ફાઈલમાં મુકાયેલ નોંધ ઉમેશભાઈ નાંદવા ક્રમશઃ વાંચતા જતા હતા. પરંતુ કોણ જાણે કેમ નોકરી દાતાઓની જરૂરિયાત મુજબની અરજીઓ નજરે પડતી ન હતી. થોડી ફાઈલોની નોંધ માંડ તૈયાર થઈ હશે ત્યાં જ મેં ઉમેશભાઈ નાંદવાને રોકયા. ઉમેશભાઈ હવે ફાઈલો કબાટમાં મૈંકી દો. મારે રાજકોટ મીટિંગમાં જવાનું છે. હું ઝડપથી ઑફિસમાંથી બહાર નીકળી ગયો. મારા સહાધ્યાયી પંકજ ત્રિવેદીને બૈંમ પાડી બાજુની ઑફિસમાંથી બોલાવ્યો. પંકજ ! ચાલો, આપણે નીકળવાનું છે. પંકજ મારો ખાસ મિત્ર હતો. વળી તે, ભાવનગરની અંધ ઉદ્યોગ શાળા અને અમદાવાદ અંધજન મંડળમાં મારી સાથે ભણતો હતો. તેને થોડું દેખાતું હોવાથી મારા સહાયક તરીકે મને ખૈંબ મદદ કરતો હતો. સંસ્થામાં તક મળતા મેં પંકજને રિસેપ્શનિસ્ટ તરીકે કામે લગાડયો હતો. છેલ્લા પંદરેક વર્ષથી અમે રાજકોટ, અંધજન કલ્યાણ મંડળની મીટિંગમાં નિયમિત રીતે ભાગ લેવા જતા હતા. મેં તેને બૈંમ પાડી કહ્યું : પંકજ ! ચાલો, હવે આપણે નીકળીએ. પંકજ તો મારી રાહ જોઈને જ બેઠો હતો. અમે એક બીજાના હાથ પકડી ચાલતા થયા. પોલીસ લાઈનનો ટૈંકો રસ્તો ૮ મિનિટમાં પૈંરો કરી અમે એસ.ટી. બસ સ્ટેન્ડમાં પહોંચી ગયા. પાંચ-સાત મિનિટમાં અમને બસ મળી ગઈ. લગભગ ચાર કલાકમાં અમે રાજકોટ પહોંચી ગયા. સોરઠિયાવાડી ઊતરી રિક્ષા દ્વારા મીટિંગના સ્થળે એટલે કે માલવિયાવાડી પહોંચી ગયા. માલવિયાવાડીના દરવાજે અમને પી.એમ. લાખાણી મળી ગયા. લાખાણીએ અમારું સ્વાગત કરતા કહ્યું : તમે મોડા કેમ આવ્યા ? નીલાબેન તમારી કયારના રાહ જુએ છે. મેં કહ્યું : સોરી સર હું થોડો કામમાં હતો. પી.એમ. લાખાણી અમારા વડિલ મિત્ર હોવાથી વગર ફરિયાદે કોઈપણને ધમકાવાનું લાઈસન્સ ધરાવતા હતા. સામાન્ય સભાનું કામકાજ પૈંરું થતા જ જમણવાર શરૂ થયો. ભોજન પતાવી હું નીલાને મળ્યો. વરસાદ પડતા જેમ વનરાઈ ખીલી ઊઠે છે, તેમ મારા હૃદયમાં લાગણી હિલોળા લેવા લાગી. શબ્દોનો શણગાર ભાષાને વધુ શોભા આપતો હતો. અંતરના આંગણે નરસી મહેતાની પેલી કાવ્ય પંકિત સળવળી ઊઠી :

‘‘સખી, આજની ઘડી રળિયામણી;
મારો વ્હાલોજી આવ્યાની વધામણી જી રે. સખી...’’

જ્યારે તમને તમારું પ્રિય પાત્ર મળી જાય છે, ત્યારે તમને આનંદની અનુભૈંતિ થાય છે. વળી તે ઘડી તમારા માટે ઘણી રળિયામણી લાગે છે. આવા સમયે અંતરના ઓરડે લાપસીનું આંધણ મુકાય છે. મીઠા ભોજન પીરસાય છે. મનુષ્યના જીવનમાં આવી પળો સુખનો દસ્તાવેજ લઈને આવે છે. રંગીલા રાજકોટના આંગણે મને તેની અનોખી અનુભૈંતિ થઈ હતી. મારા જીવનમાં તેનું અનેરું મહત્ત્વ છે. ભૌતિક સુખસગવડ કરતા ભાવનો વૈભવ વધુ મૈંલ્યવાન છે. સંગીત સ્પર્ધા શરૂ થતાં જ અમે છૈંટાં પડયાં.

બીજા દિવસે સ્પર્ધાનું પરિણામ જાહેર થયું. પુરસ્કાર વિતરણ સમારંભ પૈંરો કરી હું, નીલા અને પંકજ. એસ.ટી. બસમાં ભાવનગર આવવા નીકળી ગયાં. નીલા આપેલા વાયદા મુજબ ભાવનગર આવવા તૈયાર થઈ ગઈ, એટલે જિંદગીનાં પ્રથમ પડાવમાં જ મારી જીત થઈ. ‘‘જંગ જીત્યો રે મારો કાણિયો’’ ભાવનગર નીલા એકાદ દિવસ રોકાણી હતી. પરંતુ અમારો સંવાદ જિંદગીનાં અઘરા રહસ્યો ઉકેલી આપે તેવો રહ્યો.

‘‘બંધ આંખો કહે છે પ્રકાશને, અજમાવ તારી તાકાત,
હું જોઉં છું, ભલા કેટલું છે તેજ તારા તાલકામાં ?
સુંદર બનવા કમળને પણ કાદવમાં જઈ ખિલવું પડે છે.
ઓલિયો થઈ પુજાવા ઈશ ! તારે પણ માનવ થઈ ફરવું પડે છે,
અંધારા પીતા-પીતા ‘ઝગમગ’, તારે જિંદગીનાં મોર્ચે લડવું પડે છે.’’








## ૧૨. નસીબના વાઘા પહેરી રણકી રિંગ

‘‘રિંગ નહિ નસીબ રણક્યું, ઝબક્યું જીવન નિહાળ,
આંખ વિનાનું જીવતર રંગવા, વ્હાલે લીધી સંભાળ,
તરસમિયાના ચોકમાં શોધે, નાનેરો બાળ,
ચાલ ભાઈ લાભુ ! તારો આજ આવ્યો છે ફોન,
જિંદગીનાં વાઘા પહેરી ‘‘ઝગમગ’’ શોધી લેજે કોન.’’

શું ટેલિફોનની રિંગ વ્યક્તિનું જીવન બદલી શકે છે ? ઉત્તર છે, હા બદલી શકે છે. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલા લૅન્ડલાઇન ફોનનો જમાનો હતો. ગણ્યા-ગાઠ્યા લોકોના ઘરમાં લૅન્ડલાઇન ફોન જોવા મળતો હતો. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં તેના દર્શન ભાગ્યે જ થતા હતા. તરસમિયા ભાવનગરની ભાગોળે આવેલું નાનકડું પરંતુ રાજકીય વગ ધરાવતું ગામ હતું. તેથી અમારા ગામમાં ત્રણ ચાર લોકોના ઘરમાં લૅન્ડલાઈન ફોનની પધરામણી થઈ ચૈંકી હતી. જોકે શરૂઆતમાં માત્ર છગનભાઈની દુકાનમાં ફોનનું કનેકશન આવ્યું હતું. ગામમાં મોટા ગણાતા મહાનુભાવોના ફોન છગનભાઈની દુકાનમાં અવારનવાર આવતા હતા. જે મહાનુભાવનો ફોન આવે તે વ્યક્તિને છગનભાઈ સંદેશો મોકલી બોલાવી આપવાની સેવા આપતા હતા. એક દિવસ ચમત્કાર થયો. છગનભાઈનો દીકરો મને શોધે છે - તેવો સંદેશ મારા પિતરાઈ બંધુએ મને આપ્યો. હું ખેતરમાં મિત્રો સાથે ક્રિકેટ રમતો હતો. સંદેશ મળતા જ હું શેરીમાં રાહ જોતા છગનભાઈના દીકરા પાસે પહોંચી ગયો. મને દોડતો આવતો જોઈ તેમણે કહ્યું : લાભુ તારો ફોન છે. હું ચમકી ગયો. ફોન ? મારો ફોન ? મને તો કોઈ ઓળખતુંય નથી. તેમણે કહ્યું : તું જલદી ચાલ, ફોન શરૂ રાખ્યો છે. હું છગનભાઈની દુકાને ખૈંબ ઝડપથી પહોંચી ગયો. મેં ફોન ઉઠાવ્યો, સામે છેડેથી અવાજ, કોણ લાભુભાઈ સોનાણી ? મેં કહ્યું : હા બોલો, આપ કોણ બોલો છો ? સામે છેડેથી ઉત્તર મળ્યો. હું અંધ અભ્યુદય મંડળનો માનદ્મંત્રી બોલું છું. તમારે મંડળમાં નોકરી કરવી છે ? મેં કહ્યું : ના હું સંગીત વિશારદ છું. તેથી મને આગામી ભરતીમાં સંગીતશિક્ષકની નોકરી મળી જશે. ભરતી બહાર પડે તો મારે રાજીનામું આપવું પડે અને તમારે નવો માણસ શોધવો પડે. તેથી હું હાલ

આવી કોઈ નોકરી સ્વીકારવા માગતો નથી. મારી દલીલ અટકાવી તેમણે મને મંડળની ઑફિસે રૂબરૂ મળવા, ચર્ચા કરવા બોલાવ્યો. હું આપેલ વાયદા મુજબ બીજા દિવસે તેમને મળવા મંડળની ઑફિસે પહોંચી ગયો. એકાદ દિવસમાં તો હું કામે પણ ચડી ગયો. શ્રી અંધ અભ્યુદય મંડળની ઑફિસમાં મને અશિક્ષિત, ગરીબ અને જરૂરિયાતમંદ નેત્રહીનોની મદદ કરવાની તક મળી. જેમ મેલા વસ્ત્રની સફાઈ કરવા પાણી હાથવગું થાય એટલે આપણે મેલા વસ્ત્રની ધોલાઈનું કામ ઉપાડી લઈએ છીએ, તેમ સેવાયજ્ઞમાં જોડાવાની તક મળતા જ મેં સંગીતશિક્ષક બનવાનું મનોમન માંડી વાળ્યું. હજારો લોકો શિક્ષણ, રોજગાર અને પુનઃસ્થાપનની સેવાઓથી વંચિત છે. ત્યારે તેમના કલ્યાણ માટે કર્મયજ્ઞમાં જીવનની આહૈંતી આપવાનો નિશ્ચય કરી લીધો. આત્માની શુદ્ધિ માટે શાસ્ત્રોમાં પણ યજ્ઞનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. મનમાં જાગેલા સેવાના ભાવો ધૈંન મચાવી ગાતા હતા.

‘‘જનસેવા એ પ્રભુ સેવા છે, જાણી લેજે કિરતાર,
તારા આંગણીએ હરિવર આવશે,
બજાવી લેજે સેવા તણો ગિટાર.’’

સેવાનો રંગ દિવસે-દિવસે ઘટ્ટ બનતો જતો હતો. જિંદગી તેના કરવટ બદલી રહી હતી. એક દિવસ મંડળની ઑફિસમાં એસ.ટી. બસ સ્ટૅન્ડમાં એસ.ટી.ડી. પી.સી.ઓ. ચલાવતા ચંદ્રકાંતભાઈ જોષીનો ફોન આવ્યો. તેમણે કહ્યું : જસાણીસાહેબ તમારી સાથે થોડી અગત્યની વાત કરવા માગે છે. મેં કહ્યું : તેમને ફોન આપો. જસાણીસાહેબે કહ્યું : હેલ્લો કેમ છો ? મજામાં છો ને ? મેં કહ્યું : મજામાં છું. બોલો શું કામ પડયું ? તેમણે કહ્યું : તમારા લાયક એક કન્યા મારા ધ્યાનમાં છે. રસ હોય તો વાત આગળ ચલાવું. મેં કહ્યું, શું નામ છે ? જસાણીસાહેબે કહ્યું : નીલા શાહ, ટોટલી બ્લાઈન્ડ છે, પણ ખૈંબ હોશિયાર છે. જવાબદારી હું લેવા તૈયાર છું. રસોઈ બધી આવડે છે. મારા ઘરે રહે છે. વડોદરાની પ્રતાપનગરની અંધ શાળામાં નોકરી કરે છે. અવારનવાર રસોઈ પણ બનાવે છે. મેં કહ્યું : તમારી નીચે તૈયાર થયેલ હોય પછી પૈંછવાનું શું હોય ? નક્કી કરી કહેવડાવજો એટલે એકબીજાના ઘરના સભ્યો જોઈ લે, પછી વાત





આગળ વધારશું. વાત એવી તો આગળ વધી ગઈ કે ગમાર ગામડિયો નસીબના વાઘા પેરી મહાલવા લાગ્યો. સંસારભૈંમિના મંચ પર પવિત્ર સન્નારીનો પ્રેમ મારી નબળાઈઓને ખદેડવા લાગ્યો. તેમની વહેતી લાગણીના પ્રવાહમાં ધોળાયેલા રંગો મારી પ્રતિભાને શોભા આપતા હતા. જેમ સોનામાં છુપાયેલી અશુદ્ધિઓ અગ્નિ બાળી નાખે છે. તેમ નીલાનો સ્નેહ મારી દુર્બળતાઓને ખાળવા લાગ્યો હતો. નસીબના વાઘા પહેરી રણકેલી રિંગ આજે પણ મારા કર્ણપ્રદેશને રળિયામણો બનાવી રહી છે. પ્રત્યેક રિંગના રણકારમાં મને નીલાનો અવાજ સંભળાય છે. લાખો નિરાશા વચ્ચે સંભળાતી પ્રત્યેક રિંગનો રણકાર મારા જીવનની પગદંડી બની ગઈ છે. આંખમાં ઉભરતો આંસુનો પ્રવાહ મારા હૃદયને વધુ શુદ્ધ બનાવી રહ્યો છે. જીવનરૂપી યાત્રાનો અંતિમ પડાવ મને કર્મની પૈંજી કમાવવા ફળદ્રુપ ભૈંમિ જેવો લાગે છે. ખેડૈંત જેમ ખેતી માટે પ્રાપ્ત થયેલી ભૈંમિને રસકસવાળી બનાવા તેમાં ખાતર નાખે છે, ઊંડી ખેડ કરે છે, નિંદામણ દૈંર કરે છે, તેમ નીલાએ મારી જીવનરૂપી ભૈંમિને ફળદ્રપ બનાવા સંસ્કારનું હળ ચલાવી મારા પર કૃપા કરી છે. પોતાના ખેતરમાં વાવણી કરી જેમ કોઈ ખેડૈંત અચાનક મૃત્યુ પામે છે, તેમ મારા જીવનપ્રદેશમાં મબલક પાક ઉગાડવા સંસ્કારોનું વાવેતર કરી નીલાએ અચાનક વિદાય લઈ લીધી છે. મને એકલો છોડી રણમેદાનમાં જીતવા પડકાર ફેંકયો છે. પરંતુ દારૂગોળો અને હથિયાર વિના હું યુદ્ધ શી રીતે જીતી શકીશ ! તેની મને ખબર નથી. નીલાએ કર્મનિષ્ઠાની ભૈંમિ ખેડી ઉગાડેલા મૈંલ્યવાન પાકના જતન માટે હવે મારે જાગવું પડશે. આધ્યાત્મિક ધન કમાવવા સમય સામે લડવું પડશે.

‘‘અંતરના ઓરડે પ્રભુ ! તારે અજવાળુ પાથરવું પડશે.
‘ઝગમગ’નું જીવન સજાવવા પ્રભુ ! તારે અમીજળ પાવું પડશે.’’



## ૧૩. લાવને મારી પેન

હૃદયને સ્પર્શી જાય તેવા શબ્દોથી મઢેલી કાવ્ય પંક્તિઓ ટાંકીને કોઈ જુદા જ સંદર્ભે મારે વાત કરવી છે. શાળામાં બાળકોને હોંશે-હોંશે આવવું ગમે તેવા પ્રયોગો કેટલાંક શિક્ષકમિત્રો કરતા હોય છે. બાળકાવ્ય અથવા બાળગીતો બાળકોને વધુ પ્રિય લાગે છે, તેથી વિદ્વાનો તેનો ઉપયોગ વિશેષ કરતા હોય છે. નીલા ઘનશ્યામનગરની પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણા વર્ષોથી નોકરી કરતી હતી. તેમને બાળકો અતિ પ્રિય હતા. શાળાના કેટલાંક બાળકો નીલાને વેકેશન અને જાહેર રજાના દિવસોમાં ઘરે મળવા આવતા હતા. વર્ગખંડમાં નીલા શિક્ષણના અવનવા પ્રયોગો કરતી રહેતી હતી. વિદ્યાર્થીઓને તેમાં ખૈંબ મજા પડતી હતી. શાળાનો સમય થતાં જ વિદ્યાર્થીઓ રસ્તા પર નીલાની રાહ જોઈ ઊભા રહી જતાં હતાં. એટલું જ નહિ તેને રસ્તામાંથી આંતરી જુદા-જુદા વર્ગખંડના વિદ્યાર્થીઓ પોતાના વર્ગમાં ખેંચી જવા પડાપડી કરતા હતા. નીલા સંગીતશિક્ષક હતી. પરંતુ વિદ્યાર્થીઓને તે દરેક વિષય ભણાવતી હતી. અંગ્રેજી તેનો મુખ્ય વિષય હતો. જાણીતા શિક્ષણવિદ ગીજુભાઈ બધેકાની જેમ નીલા વર્ગને સ્વર્ગ બનાવવા બાળવાર્તા અને ગીત સંગીતનો સહારો લેતી હતી. એક દિવસ નીલાએ ચોથા ધોરણના વિદ્યાર્થીઓના વર્ગમાં જઈ ''લાવને મારી પેન આપી દે ને બેન, મારે તો નિશાળે જાવું, લાવને મારી પેન...'' ગીત ઉપાડયું. ગીતના શબ્દો સાંભળી બધા બાળકો ભાવવિભોર થઈ ગયાં. શાળા છૈંટવાનો બેલ પડવા છતાં કોઈ બાળક વર્ગની બહાર નીકળવા તૈયાર ન હતાં. રોજબરોજના વિષયોની વાત કરીએ તો સામાન્ય જ્ઞાન, ભૈંગોળ, પર્યાવરણ, ગુજરાતી અથવા નાગરિકશાસ્ત્ર જેવા વિષયોની છણાવટ બાળકોને ખૈંબ ગમતી હતી.

૦૫ એપ્રિલ ૨૦૨૧ ને સોમવારના રોજ શેરી શિક્ષણ અંતર્ગત નીલાએ થોડા બાળકોને ભણાવ્યા હતા. ''લાવને મારી પેન'' બાળગીત પણ ગવડાવ્યું હતું. તેની ખુશીનો પાર ન રહ્યો. શાળા છૈંટી ગઈ, પણ વર્ગખંડનો નશો ઊતર્યો નહિ. ઘરે આવીને ઘરના કામ કરતી જાય અને બાળકાવ્યો ગાતી





જાય. સાંજના હું ઑફિસેથી ઘરે આવ્યો. નીલાના મુખે એક પછી એક બાળગીતો સાંભળવા મળતા હતા. તેમાંનું એક ગીત મારા કર્ણપ્રદેશને ઓળંગી દિલને સ્પર્શી ગયું.

''લાવને મારી પેન, આપી દે ને બેન,  
મારે તો નિશાળે જાવું લાવને મારી પેન.  
મારે પાટીમાં એકડા લખવા છે,સાથે કક્કો બારખડી ઘૈંટવા છે,  
મારે ચોપડીના શબ્દો લખવા છે. લાવ ને મારી...  
મારે પાટીમાં ચિત્ર દોરવા, મેના, પોપટ ને ચકલી દોરવા,  
મારે લેસનમાં પાઠ પણ લખવા છે. લાવ ને મારી પેન,  
આપી દે ને બેન, આપી દે ને બેન, મારે તો નિશાળે જાવું લાવ ને મારી પેન...  
મારે વહેલા નિશાળે જાવું છે, મારે ગીત નવું-નવું ગાવું છે,  
મારે રેતીમાં થનગન નાચવું છે. લાવ ને મારી પેન આપી દે ને બેન,  
મારે તો નિશાળે જાવું, લાવ ને મારી પેન...''

ગીતના શબ્દો બાળકના ભાવો રજૈંકરે છે. બીજા શબ્દમાં કહુ તો કવિ બાળક બની નિશાળે જવાની તાલાવેલી વ્યકત કરતા કહે છે. હે મારી વ્હાલી બેન ! તું મારી પેન આપી દે. કારણ મારે નિશાળે જાવું છે. ત્યાં જઈ એકડા, કક્કો, બારખડી અને ચોપડીના શબ્દો લખવા છે. વળી મેના, પોપટ અને ચકલીના ચિત્રો દોરવા છે. તું મારી પેન આપી દે. કારણ મારે વહેલા નિશાળે જાવું છે. ત્યાં જઈ મારે તો નવું-નવું ગીત પણ ગાવું છે. ભણવાનું પતાવી રેતીમાં થનગન નાચવું પણ છે. હવે આપણે આ કાવ્યના સંવાદને આધ્યાત્મિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. ઈશ્વર કૃપાથી જીવ શિવ બનવા મૃત્યુલોકની યાત્રા કરે છે. પરંતુ સમય જતાં તે મોહ માયામાં ફસાઈ જાય છે. જીવને દેહનું બંધન જિંદગીની તોતિંગ દીવાલો વચ્ચે જકડી દે છે. જીવને સંસારનો વૈભવ કોઠે પડી જાય છે. જેમ રખડપટ્ટીનો મોહ બાળકને શાળામાં ભણવા જતા રોકે છે, તેમ સંસારનો વૈભવ જીવને મુકિતના માર્ગે આગળ વધવા દેતો નથી. આવા સમયે જીવ ગાય ઊઠે છે. લાવને મારી પેન, આપી દે ને બેન, મારે તો નિશાળે જાવું. લાવ ને મારી પેન. જીવ જિંદગીરૂપી બહેનને કહે છે. શિવ બનવાની મારી જે મહેચ્છા હતી, તે મને પાછી આપી દે. કારણ કે પરમ ધામરૂપી પાટીમાં

મારે મુક્તિના એકડા લખવા છે. તેમાં પરમાત્માને પામવા ભક્તિનો કક્કો બારખડી ઘૂંટવા છે. મારે લખચોરાશીના ફેરા ટાળવા છે. મોહમાયાને મૂળમાંથી કાઢવા છે. એટલું જ નહિ હૈયામાં ભક્તિના બીજ નીત નાખવા છે અને મારે કર્મના બંધનો તોડવા છે. કારણ કે મારે વહેલા વૈકુંઠમાં જાવું છે. જિંદગી ! તારી માયાજાળમાંથી મુક્ત થઈ, સંસારનું સઘળું સુખ ભૂલી જાવું છે. મારે ઈશ્વરના ચરણે જઈ, ઈન્દ્રનાં દરબારમાં થનગન-થનગન નાચવું છે.

૦૫ એપ્રિલના રોજ નીલાના કંઠે રજૂ થયેલા કાવ્યના આધ્યાત્મિક ભાવો વાંચી મને સમજાયું છે. મારે વહેલા નિશાળે જાવું છે. અર્થાત્ સંસારનો વૈભવ છોડી મારે ખૂબ વહેલા પ્રભુના પરમધામમાં પહોંચી જાવું છે. જિંદગી સાથે સંવાદ કરતા તે આગળ કહે છે. તું મારી મહેચ્છા મને પાછી આપી દે. કારણ કે મારે ઈન્દ્રના દરબારમાં જઈ થનગન-થનગન નાચવું છે. પાંચમી એપ્રિલના રોજ હું નીલાના ભાવો વાંચી શકયો ન હતો. પણ આજે તે સુવાચ્ય લાગે છે. અંતરના ઓરડે શબ્દનો શણગાર શ્રૃંગાર વેરી રહયો છે. તેમાંથી નીતરતા ભાવો કરુણરસ ઉત્પન્ન કરે છે. જેના કારણે આંખોમાં ઊર્મિનું ઘોડાપૂર ઊમટયું છે. માયલો બેચેન થઈ, ગાય રહ્યો છે. ''લાવ ને મારી પેન, આપી દે ને બેન...''







# ૧૪. લાવી છું રંગબેરંગી

શિક્ષકનું યાત્રાધામ તેની શાળા છે. શાળાના વર્ગખંડમાં વહેતી સરિતાનું પવિત્ર જળ એટલે શિક્ષકનો સ્નેહ. એટલે કે શિક્ષકના અંતરમાં ઉભરાતી લાગણીનો ઘૂઘવતો દરિયો. તેમાં જ્ઞાનપિપાસુ વિદ્યાર્થી ડૂબકી મારી પવિત્ર થઈ શકે છે. પોતાના યાત્રાધામમાં જયારે શિક્ષક અને વિદ્યાર્થી શૈક્ષણિક પ્રવૃત્તિઓના રંગે રંગાય છે, ત્યારે તે એકમેકના હૃદય સુધી પહોંચી જાય છે. કર્મનિષ્ઠ શિક્ષકના હૃદયમાંથી વહેતું સ્નેહનું ઝરણું જીવનરૂપી બાગને સજાવે છે. જ્ઞાનગંગોત્રીમાંથી વહેતો પ્રવાહ વિદ્યાર્થીને તરબતર કરી દે છે. આવા સમયે બે પૂંઠાં વચ્ચેનો સિલેબસ ગૌણ બની જાય છે. બીજા શબ્દોમાં કહુ તો તેનું કોઈ મૂલ્ય રહેતું નથી. ૨૦૨૦ની નવી શિક્ષણનીતિ આ વાતનું સમર્થન કરે છે. કેટલાંક શિક્ષકો બાળકોના ઘડતર પર ભાર મૂકે છે, તો કેટલાંક નિયત સિલેબસને વળગી રહેતા હોય છે. પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો શિક્ષણ વિદ્યાર્થીનું જીવન-ઘડતર કરી શકે તેવું હોવું જોઈએ. નિયત સિલેબસ શિક્ષણની રૂપરેખા હોય શકે છે. વિષયવસ્તુ શિક્ષકે તૈયાર કરવાનું હોય છે. એટલું જ નહિ વિદ્યાર્થીની આવડત ચકાસવા કરવામાં આવતું મૂલ્યાંકન તેની યાદશક્તિનું નહિ, પરંતુ તેની સમજશક્તિનું થવું જોઈએ. હું માનુ છું કે આપને વિદ્યાર્થીની પ્રતિભા ખીલી ઊઠે તેવા પ્રયોગો વિશે જાણવું ગમશે. ૨૪ જૂન ૨૦૧૬ ને ગુરુવારના રોજ વર્ગખંડમાં ચાલતો સંવાદ જ્ઞાનનો દીપક બની ઝળહળી ઊઠે છે. ભાવનગરની ઘનશ્યામનગર પ્રાથમિક શાળાના ધોરણ ૪ ના વર્ગખંડમાં સામાન્યજ્ઞાનનો પિરિયડ ચાલતો હતો. વિદ્યાર્થીઓને કલા-કારીગીરી વિશે જાણકારી આપવામાં આવતી હતી. વર્ગખંડના શિક્ષિકા શ્રી નીલાબહેન સોનાણીએ બે વિદ્યાર્થીઓને પોતાની પાસે બોલાવી કહ્યું : ગઈકાલે આપણે જે ગીત શીખ્યા હતા, તે ગીત હવે તમારે ગાવાનું છે. તેમણે કહ્યું : બાકીના વિદ્યાર્થીઓ ધ્યાન દઈને સાંભળશે. ગીત પૂરું થયા પછી હું તમને થોડા પ્રશ્નો પૂછીશ. જેના ઉત્તર સાચા પડશે તેને હું આવતીકાલે નવું ગીત ગાવા બોલાવીશ. બંને દીકરીઓએ ગીત ઉપાડયું...

''લાવી છું રંગબેરંગી ફરફરિયા લેજો-લેજો ઘંટી ને ઘોડા ભાઈ,
દસ પૈસામાં લેજો-લેજો
માટીના ખાટલાને દોરા ગૅંથેલા, ઘંટી ને ઘોડામાં રંગો પૈર્યા છે,
ઉષાના રંગ જેવા, દરિયાના રંગ જેવા,
ખાવાનું તો આપી જાજો રમકડાં તો લેજો-લેજો.
ભરબપોરે હું તો વેચવાને આવી, માટીના મોરલા ને ગાડા હું લાવી.
ગામના ચોરે બેસું સૌને રમકડાં વેચું,
શેરીના છોકરા સૌ રમકડાં તો લેજો-લેજો.
બેની ને ભાઈ તમે દાણા આપી જાવ, લેજો રમકડાં નથી મોંઘા ભાઈ,
ગામેગામ ભમું છું હું, રૂડી છે મારું નામ,
વેચીને થોડા દામ રમકડાં તો લેજો-લેજો.
દોડી દોડી આવો, નાના ને મોટા, લેજોને બાળ તમે ડમડમ ડુગ-ડુગિયા,
મજાના ગીત ગાતી રમકડાં વેચી જાતી,
ભરી છે ટોપલી આ રમકડાં તો લેજો-લેજો.''

ગીત પૈરૈં થતાં જ શિક્ષિકા બાળકોને ગેલમાં આવી ખૈંબ શાંતિથી પૈંછે છે, વ્હાલા બાળકો ફરફરિયાવાળી શું શું વેચવા નીકળી હતી ? બાળકો, ઉત્તર આપવા ઉતાવળા બની લાઇનમાં ઊભા રહી જાય છે. થોડા બાળકોના ઉત્તરો સાંભળી શિક્ષિકા નીલાબહેન વર્ગખંડના બાળકોને બીજા પ્રશ્ન પૈંછે છે. ખાટલા શેના બનેલા હતા ? રમકડાં વેચવા ગામમાં ફરફરિયાવાળી કયા સમયે આવી હતી ? થોડા બાળકોને સાંભળી તેમણે વધુ એક પ્રશ્ન પૈંછયો : રૂડી રમકડાં વેચવા શા માટે નીકળી હતી ? તે ખાવાનું કેમ માગતી હતી ? હવે બાળકો અટવાયા, મૈંઝાયા, કારણ કે ગીતમાં શિક્ષિકાએ પુછેલા પ્રશ્ન વિશે કોઈ ઉલ્લેખ થયેલો ન હતો. એક હોશિયાર બાળકે હિંમત કરી કહ્યું : બેન મને એક જવાબ આવડે છે તમે કહો તો બોલું. શિક્ષિકા હસીને તે બાળકને પોતાની પાસે બોલાવે છે. તેના માથા પર હાથ મૈંકી કહે છે : બોલ, બેટા ! તને કયો જવાબ આવડે છે ? મંજૈંરી મળતા બાળક બીજા પ્રશ્નનો ઉત્તર આપે છે. ફરફરિયાવાળીને ખૈંબ ભૈંખ લાગી હતી એટલે શેરીના બાળકોને ખાવાનું આપી જવા કહે છે. જવાબ સાંભળી શિક્ષિકાએ બાળકની પીઠ થપથપાવી. શાબાશી આપી કહ્યું : બોલ, બેટા તને કેમ ખબર પડી ? ગીતમાં રમકડાવાળીને ભૈંખ





લાગી છે એવું આવે છે ? બાળકે કહ્યું : બેન બપોરે તો આપણને પણ ભૈંખ લાગે છે. તો જેને તડકામાં રમકડા વેચવા ગામેગામ ઘૈંમવું પડે એને તો ભૈંખ લાગે જ ને ! બાળકે કહ્યું : હે બેન, તે રમકડા વેચવા કેમ નીકળી હશે ? તે તમને ખબર છે ? શિક્ષિકા બાળકના માથા પર હાથ ફેરવતા-ફેરવતા કહે છે : મેહુલ, તારા પપ્પા કડિયા કામે શા માટે જાય છે ? બેન મને એ ખબર નથી, સવારે હું ઊઠું તે પહેલા મારા પપ્પા નીકળી જાય છે અને અંધારું થાય ત્યારે આવે છે. શિક્ષિકા બાળકના માથા પર હાથ ફેરવતા-ફેરવતા કહે છે : ''બેટા, તારા મમ્મી તને ભાવે તેવું જમવાનું બનાવી આપે છે ને ? તેના માટે અનાજ, શાકભાજી, મસાલા વગેરેની જરૂર પડે છે. આ બધું ખરીદવા પૈસા કમાવા પડે છે. ફરફરિયાવાળી પણ પૈસા કમાવા ધોમ ધખતા તાપમાં રમકડાં વેચવા માટે નીકળી પડી હતી. તે બાળકોને બોલાવા ગાતી હતી. લાવી છું રંગબેરંગી, ફરફરિયા લેજો-લેજો !''

વાચકોને પ્રથમ નજરે શિક્ષિકાનો સંવાદ ભલે સામાન્ય લાગતો હોય, પરંતુ બાળકના અંતરને સ્પર્શતો સંવાદ કેળવણીના નવા દ્વાર ખોલી આપે તેવી જાદુઈ શકિત ધરાવે છે. બાળકની યાદશકિત વિકસાવવા શિક્ષક એકમના થોડા ઘણા પ્રશ્નો પૈંછે તે સમજાય તેવી વાત છે. પરંતુ શિક્ષક એક પંતુજીની જેમ બાળકની યાદશકિત ચકાસી ગૌરવ અનુભવે તે પાલવે તેમ નથી. એકમની વિષયવસ્તુ આધારિત વિદ્યાર્થીની યાદશકિતનું મૈંલ્યાંકન કરતો શિક્ષક લાકડા કાપી કમાતા કઠિયારા જેવો ધંધાદારી વ્યકિત છે. કોઈપણ વર્ગખંડમાં ભણવા-ભણાવવાનું કાર્ય કરતો શિક્ષક દેશના ભાવિનો સાચો ઘડવૈયો છે. વર્ગખંડમાં કોઈપણ શિક્ષકે વિદ્યાર્થીની તર્કશકિતનો વિકાસ થાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. દરેક શિક્ષકે ચોક્કસ અભ્યાસક્રમને આધાર બનાવી વિદ્યાર્થીમાં છુપાયેલી શકિતઓને ખોળી કાઢવા જ્ઞાનનો દીપ ઝળહળતો રાખવો જોઈએ. તેમાં વખતોવખત દિવેલ પૈંરતા રહેવું જોઈએ.

''શબ્દના નગરમાં હાટ માંડી વેપાર ખેડી લેજે,
કાશ તારે પણ નાણું કમાઈ મુકિતના ધામે ઝૈંકવું પડશે,
જ્ઞાન વહેંચી તારે જરા હળવું થાવું પડશે,
વજન ઊંચકી ''ઝગમગ'' લાંબી યાત્રા તારી અટકી પડશે''

## ૧૫. ગુંજે ગીત ગગનમાં

મારી લેખમાળામાં ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં શિક્ષણના અવનવા આયામો અજમાવતા સ્વ.નીલાબેન સોનાણી વિશે જાણી આપને આનંદ થયો હશે. તેમની અગાઉની શિક્ષણ યાત્રા પણ માણવા જેવી છે.

સમયગાળો (૧૯૯૯ થી ૨૦૦૬):

નીલાને બુધેલ કન્યાશાળામાંથી વિદ્યા સહાયકને શહેરની ૮ કિલોમીટરની ત્રિજયામાં મૈંકી શકાય નહિ તેવા બાના નીચે લગભગ ૪૬ દિવસ બાદ કોળિયાક કન્યાશાળામા ખસેડવામાં આવી હતી. પરંતુ નીલાનો સ્વભાવ આનંદી કાગડા જેવો હતો. જયાં જાય ત્યાં સ્નેહનું જળ પાય, સંબંધનો પારિજાત છોડ ઉછેરવાનું શરૂ કરી દે. માનવતાનું ઝરણું બની બંજર પ્રદેશને ફળદ્રુપ બનાવા કામે લાગી જાય. અન્યને હિંમત આપવા સ્નેહની વાદળી થઈ વરસી પડે. એટલું જ નહિ એકમેકના હૃદય સુધી પહોંચવા લાગણીની સરિતા થઈ, સૈંકાભટ પ્રદેશને લીલોછમ બનાવી દે છે. પોતાનું દુઃખ ક્ષણવારમાં ખંખેરી નાખે અને આંખોમાં ઊભરાતા આંસુ સુકવી પ્રેમના મોતી વહેંચવા લાગે. ઊર્મિની છાલક મારી ધૃણાની ધોલાઈ કરી નાખે. અંધાપો જાણે આશીર્વાદ લઈ આવ્યો હોય તેમ કેળવણીના નવા આયામો રચતી રહે. કોળિયાક કન્યાશાળામાં ભણતી દીકરીઓને રોજ નવું ગીત શીખવી તેનો અર્થ સમજાવે. કોઈવાર ગીતના જુદા-જુદા મુખડા પસંદ કરી દીકરીઓને રમત રમાડે. સંગીતના પિરિયડમાં રોજ નીલા વિદ્યાર્થિનીઓને નવું ગીત લખાવતી અને પછી ગવડાવતી પણ હતી. સંગીતના પીરિયડમાં જીવન શિક્ષણની વાતો પણ કરવાનું ચૈકે નહિ. જુદા-જુદા વર્ગખંડમાં અભ્યાસ કરતી દીકરીઓ કોઈવાર ગેલમાં આવી ગાઈ ઊઠતી.

'ફૈંલ ઊતર્યા ફૈંલવાડીએ રે લોલ,
ફૈંલ તમે દાતણ કરતા જાવ ડોલરિયો ફૈંલ ઘણો રે લોલ''

આવા સમયે શિક્ષિકા વિદ્યાર્થીઓની વચ્ચે પહોંચી જાય. ગીતના શબ્દો ટાંકીને બધાને સંબોધે : હું અને તમે ઈશ્વરની સૃષ્ટિના રંગબેરંગી ફૈંલો છીએ. કોઈ ડોલર, કોઈ મોગરો તો વળી કોઈ મૈંલ્યવાન સુગંધી ગુલાબ બનીને આવ્યા છીએ. મારા અને તમારા અંતરનો માળી તેનું કાળજીપૈંર્વક જતન કરતો રહે છે. ઈશ્વરની સૃષ્ટિ અજબ-ગજબના સંદેશથી ભરેલી છે. આપણા પર જયાં સુધી ઈશ્વરની કૃપા હોય છે ત્યાં સુધી આપણો શ્વાસ ચાલે છે. બગીચાનો માળી ફૈંલઝાડને પાણી, ખાતર આદિ આપવાનું બંધ કરે અથવા સમયસર ન આપે તો શું થાય ? બાગમાં ઊગી નીકળેલું નિંદામણ તેનો માળી દૈંર ન કરે તો ધીરે-ધીરે બગીચો વેરવિખેર થઈ જાય છે. તેમાં સુગંધી પુષ્પો ખીલી શકતા નથી. મેદાનમાં ગોઠવાયેલી ધોરણ ૩ થી ૭ માં ભણતી બાલિકાઓએ શિક્ષિકાને ઘેરી લઈ પ્રશ્નોની ઝડી વરસાવી. કોઈ બાલિકાએ પૈંછયું, બેન હું કયું ફૈંલ છું ? તમે કયું ફૈંલ છો ? તે ખબર શી રીતે પડે ? શિક્ષિકા : સાવ સરળ છે બેટા, આપણો સ્વભાવ, આપણી કર્મનિષ્ઠા અને આપણો વ્યવહાર આપણા ચારિત્ર્યની ઓળખ આપે છે. ચારિત્ર્યવાન લોકો ગુલાબના પુષ્પો છે. દુર્ગુણ ધરાવતા લોકો થોર અને બાવળના કાંટા ઉગાડનાર ફૈંલો જેવા ગણાય છે. થોર અથવા બાવળનો ઉપયોગ કરતી વખતે આપણે ખૈંબ સાવધાની રાખવી પડે છે. એવી જ રીતે દુર્જન લોકોથી આપણે હંમેશાં ચેતતા રહેવું જોઈએ. નદીનો પ્રવાહ જેમ તેની ભેખડને ઓગાળી કિનારો કોતરવા લાગે છે, તેમ શિક્ષિકાનો સંવાદ દીકરીઓના દિલમાં લાગણીનું સામ્રાજ્ય સ્થાપી રહ્યો હતો. એટલામાં શિક્ષિકાએ બધી દીકરીઓને ગોળકુંડાળામાં ગોઠવાઈ જવા સૈંચના આપી. તેમણે કહ્યું : ચાલો, આપણે એક રમત રમીએ. આ રમત જીવનઘડતરની સંજીવની બની શકે તેવી હતી. ચાલો, આપણે પણ તે રમત રમવા ગોઠવાઈ જઈએ.

કુંડાળાની વચ્ચે ઊભા રહીને શિક્ષિકાએ કહ્યું ''મેં દરવાજા તોડુંગા...
વિદ્યાર્થિનીઓ : લાગણી કે દોર સે બાંધુંગા... શિક્ષિકા : બડા શોર મચાઉંગા...
વિદ્યાર્થિનીઓ : પ્રેમ કી પ્યાલી પાઉંગા... શિક્ષિકા : હાર કર જીત જાઉંગા...''

ટોળે વળેલી દીકરીઓ શિક્ષિકાને વળગી પડી. દીકરીઓએ એકી સાથે કહ્યું : બેન, અમને ખૈંબ મજા પડી. આવતીકાલે નવી રમત રમાડજો. શિક્ષિકા : તમે બધા ગુલાબના ફૈંલ બની મહેકી રહ્યા છો. માનવ જન્મ પ્રેમ અને કરુણાનું જળ પાવા માટે મળ્યો. કોઈ આપણી ધૃણા કરે તો પણ તેને

પ્રેમથી બોલાવવા એ જ ખરી માનવતા છે. અપકારનો બદલો ઉપકારથી વાળવો એ આપણા સંસ્કાર છે. કોઈની ઈર્ષ્યા કરવી નહિ, સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના કરવામાં આપણી જ ભલાય રહેલી છે. ચાલો, સાથે મળી કરીએ.

પ્રાર્થના :

''હે પ્રભુ પ્યારા, દુઃખ હરનારા, સૃષ્ટિ સર્જનારા સુંદરતા બક્ષનારા. હે પ્રભુ...
દેવોમાં પ્રભુ દેવ ગણાતા, ધર્મ બચાવા અવતાર ધરનારા.
માનવમાં પ્રભુ બુદ્ધિ મૂકનારા, દૂર કરો અવગુણ અમારા.
કર્મ કરવા પ્રભુ શકિત માગું છું, મુજ હૈયે તવ વાસ ચાહું છું
નાજુક મારું હૃદય ચલાવા, કૃપા કરી મુજ પર મહાદેવા.
તવ શરણોમાં મુજને સમાવા, વંદું છું પ્રભુ તવ ચરણોમાં. હે પ્રભુ...''







## ૧૬. અંતરના આંસુ

''ભીતરમાં ભાવો પડઘાય છે, યાદો અંતરમાં ઘોળાય છે;
આમ તો – ધાર્યું બધું ધણીનું થાય છે, છતાં આંસુ અંતરમાં ઉભરાય છે !''

૨૪ વર્ષ ૨ માસ અને ૧૧ દિવસનો અમારો સંસાર માત્ર ૯ દિવસમાં રોળાઈ ગયો. ૯ નો અંક મારા જીવન સાથે તાણા-વાણાની જેમ વણાઈ ગયો છે. ૯ ફેબ્રુઆરી એટલે અમારો મૅરેજ ડે. સંસારસાગરમાં અંતર કાપતી જીવનરૂપી નાવમાં યાત્રાનો આરંભ. ૯ નવેમ્બર એટલે નિષ્ઠાનો જન્મ દિવસ. એટલું જ નહિ ૯ જૂન ૨૦૧૫ ના રોજ અમારા પરિવારની સખાવતથી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં ''નિષ્ઠા હોમસાયન્સ'' સેન્ટરની શરૂઆત થઈ હતી. આમ, ૯ નો અંક એક યા બીજી રીતે અમારા પરિવાર સાથે જોડાયેલો રહ્યો છે. કોવિડથી સંક્રમિત થયેલી નીલાને માત્ર ૯ દિવસની બીમારી બાદ કોવિડ-૧૯ કાળ બનીને ખૂંચવી ગયો. ૧૧ એપ્રિલના રોજ આર.ટી.પી.સી.આર. નો રિપૉર્ટ પૉઝિટિવ આવતા યોગ્ય સારવાર માટે નીલાને હૉસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. જોકે ૮ એપ્રિલની રાત્રીના ૯:૦૦ કલાકે નીલાને ભયંકર તાવ ચડયો હતો. આમ, વધુ એક વખત ૯ નો અંક મારા જીવનપ્રદેશમાં કોઈ સંકેત લઈને આવ્યો હતો. હૉસ્પિટલમાં દાખલ થયા પછી ૧૪ તારીખ સુધી બધું જ બરાબર ચાલી રહ્યું હતું. પરંતુ ૧૫ તારીખે સવારે નીલાનો નિષ્ઠાના મોબાઈલ પર ફોન આવ્યો. નિષ્ઠા મને આખી રાત ખૂબ તાવ આવ્યો હતો. ઠંડી પણ ખૂબ લાગતી હતી. આખી રાત હું ખૂબ હેરાન થઈ હતી. થોડીવારમાં ડૉકટરસાહેબ કોવિડના દર્દીઓને તપાસવા રાઉન્ડમાં નીકળવાના છે. તું અને પપ્પા તે પહેલા હૉસ્પિટલ પહોંચી જાવ અને આગળની સારવાર અંગે ડૉકટરસાહેબ સાથે ચર્ચા કરી લો. જેથી યોગ્ય સારવાર વહેલી તકે શરૂ થઈ શકે. મને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડે છે, થાક બહુ લાગે છે. હું પડખું પણ ફરી શકતી નથી. નીલાના અવાજમાં ગંભીરતાની સાથે મક્કમતા પણ દેખાતી હતી. ફોન પૂરો થતા જ હું અને નિષ્ઠા બજરંગદાસબાપા આરોગ્યધામ પહોંચી ગયાં. અમારા સહજીવનનો એ અંતિમ પડાવ હતો. ઊર્મિના બાગમાં ખીલી ઊઠેલા આશા અને અરમાનના ફૂલછોડ એકાએક મુરઝાઈ રહ્યા હતા. અમારો મઘમઘતો બાગ જાણે ઉજ્જડ

થવા ઉતાવળો બન્યો હોય તેવા ભણકારા વાગતા હતા. મહામહેનતે ઉછેરેલા બાગને કોઈ હરાયું ઢોર આવીને ખેદાન-મેદાન કરી રહ્યું હતું. સપનાનો માળો વિખવા કોરોના વાઈરસ કોવિડ-૧૯ કાળ બનીને આવી પહોંચ્યો હતો. ૨૦ એપ્રિલ ૨૦૨૧નો દિવસ અમારા પરિવાર માટે કાળોતરો સાપ બનીને આવ્યો હતો. તેણે જંગલી બિલાડાની જેમ અમારો માળો વીખી નાંખ્યો. નીલાએ ૨૦ એપ્રિલની વહેલી સવારે ૪:૪૬ કલાકે અંતિમ શ્વાસ લીધો હતો. ભીતરમાં પડઘાતો નાદ વાચકો માટે શબ્દોમાં મૈંકી રહ્યો છું :

''તમારા સંગે આનંદ ઉમંગે મળ્યા એકમેકના મન,
અંતર રૂએ ઘટઘટ અમારું આજ,
અસીમ પ્રેમે ભાવે ભિંજાણા અમે, સ્નેહના તારે બંધાય.
અંતર રૂએ ઘટઘટ અમારું આજ,
છે શુભેચ્છા એ જ અમારી મંગળ શુભ તમ થાય,
અંતર રૂએ ઘટઘટ અમારું આજ.
આશ અમારી રહેશે સદાએ મીઠા સ્મરણો સચવાય.
અંતર રૂએ ઘટઘટ અમારું આજ !''

૦૯ ફેબ્રુઆરી ૧૯૯૭માં સગાં-સંબંધીઓ, મિત્રોની વિશેષ ઉપસ્થિતિમાં સપ્તપદી પગલાં ભરી અમારી નવી જિંદગીની શરૂઆત થઈ હતી. કારણ અમારે તો જવું હતું, એકમેકના મન સુધી. ગૃહજીવનનાં લગભગ પચ્ચીસ વર્ષના કાળ દરમિયાન નીલાના ભાવો મારા અંતરના અંધકારને ખાળવા ઉજાસ આપતા હતા. તેમની ઊર્જા મને સેવાક્ષેત્રમાં કર્મ બજાવવા શકિત આપતી હતી. એટલું જ નહિ તેમણે માનવતાના મુલકમાં પહોંચવા નવી કેડી કંડારી હતી. પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે અવનવા પ્રોજેક્ટ શરૂ કરવા મશાલ પ્રગટાવી હતી.

આ વીરાંગનાએ નિયતિ સાથે બાથ ભીડી હતી. વર્ષ ૧૯૯૨માં પેટલાદમાં વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. નીલાના પપ્પા માનસિક આઘાતનો ભોગ બન્યા હોવાથી ઘણા વર્ષોથી મકાનની મરામત થઈ શકી ન હતી. ભારે વરસાદના કારણે મકાનની એક દીવાલ ધસી પડી. મેડી પર સૈંતેલા પરિવારના બધા સભ્યો કાટમાળ સાથે નીચે પડયા. તેમાં તાવમાં સબડતી





નીલા પણ હતી. કાટમાળના ઢગલા વચ્ચે નીલા અને પરિવારના તમામ સભ્યોનો કોઈ ભેદી શકિતના લીધે આબાદ બચાવ થયો. ''રામ રાખે તેને કોણ ચાખે !'' આ તો મારા રામની મરજી હશે ! બાકી કોરોનાની શી હેસિયત છે કે પરગજુ નીલાને સંક્રમિત કરી શકે ? આવો જ એક બનાવ વર્ષ ૨૦૦૦માં બન્યો હતો. ત્યારે પણ ઈશ્વરે નીલાને મોતના મુખમાંથી ઉગારી લીધી હતી. કોળિયાક મુકામે આવેલી કન્યાશાળાએ જવા નીલા ટેમ્પોમાં જઈ રહી હતી. ટેમ્પાની કેબીનનો દરવાજો ખુલી ગયો. નીલા નીચે ફંગોળાઈ ગઈ. ડૉક્ટર તુષાર ત્રિવેદીની દેખરેખ નીચે તેની સારવાર કરવામાં આવી. માત્ર ૧૨ દિવસમાં નીલા સંપૈંર્ણ સાજી થઈ પુનઃ કામે લાગી ગઈ. ઈજા ગંભીર હોવા છતાં તેના કોઈ અંગને મોટી હાની થઈ નહીં, એ પણ એક ચમત્કાર હતો. જીવનના લેખાંજોખાંનો હિસાબ રાખનાર યમરાજ કરતા આપણને જીવાદોરી આપનાર પરમાત્મા ઘણો મોટો છે. તેના પર મને પૈંરો ભરોસો છે.

આત્માના કલ્યાણ માટે જીવનરૂપી ગાડીના સુખ અને દુ:ખ રૂપી પૈડા દોડતા રહે છે. સંસારના કલ્યાણ માટે જન્મ અને મૃત્યુ એક સિક્કાની બે બાજુઓ સ્વીકારવી રહી. કોઈપણ સિક્કો ત્યારે જ ચલણી બની શકે છે, જ્યારે તેની બંને બાજુઓનો સ્વીકાર કરવામાં આવે. લૉકડાઉનમાં ઈશ્વરે અમને એકમેકને પામવાની સોનેરી તક આપી. અંતરના અણદીઠા પ્રદેશમાં એકબીજાની આંગળી પકડી ચાલી નીકળતાં હતાં. ટીવી પર સમાચાર આવ્યા...

''હજારો પરપ્રાંતિઓ પોતાના વતનમાં જવા ઉતાવળા બન્યા.
રેલવે સ્ટેશન પર લોકોનો ધસારો.
ટ્રેનના કોઈ ઠેકાણા નથી.
રાજકીય પક્ષો સસ્તી લોકપ્રિયતા મેળવવા શોધે છે અવનવા નુસખા.''

સમાચાર સાંભળી નીલાએ કોઈ અજ્ઞાત કવિનું ભજન ઉપાડયું :

''જીવન જીવવું સેહલું નથી, મારે મોત પહેલા મરવું નથી.
મરતા મરતા જીવવું પડે એવું જીવન મારે જીવવું નથી.
પ્રાણ રહે જ્યાં સુધી શરીરમાં કોઈથી મારે ડરવું નથી,
સારું થાય તો ઠીક છે, કોઈનું ખોટું મારે કરવું નથી !''

પદના શબ્દો ટાંકી નીલા મને કહેતી હતી. કોઈ અજ્ઞાત કવિની વાણી કેટલી ખુમારીથી ભરેલી છે. ભીતરમાં અજંપો લઈને જીવવાનો કોઈ અર્થ નથી. કવિ પરાણે જીવવા ઈચ્છતા નથી. વળી, તેનાથી કોઈનું સારું થાય તો ઠીક છે, પરંતુ કોઈનું ખરાબ કરવા માગતા નથી. આ જગતમાં જ્યાં સુધી આનંદ લૈંટવાની તાકાત હોય ત્યાં સુધી જીવન જીવવા કવિ પ્રાથે છે. ઈશ્વરને ઉદ્દેશી આગળ કહે છે : ભલે મુસીબતો લાખો આવે મોત પહેલા મારે મરવું નથી. નીલાના હૃદયમાં જાગેલા વિચારોનું ઘોડાપૈર મને તરબતર કરી રહ્યું હતું. રાજકીય રોટલો શેકવા ચાલતી ધમાલ તેને પીડા આપતી હતી. રાજકીય ગણિત સાથે પ્રજાને ભરમાવવા આદરેલી સેવા પૈંજારીએ મંદિરમાં ભગવાનને રીઝવવા વગાડેલી ટંકોરી જેવી ગણાય છે. રાજસ્વી નેતાઓ ભોળી પ્રજાને ભરમાવવા કાવાદાવા ચલાવતા રહે છે. પરંતુ ખરા અર્થમાં તો એ સમુદ્રનું સા દર્યગુમાવી છીપલા વીણવા જેવું કાર્ય છે. સમુદ્ર કિનારે પ્રકૃતિને મન ભરીને માણવાની હોય છે. પરંતુ લોભી અને લાલચું લોકો છીપલા વીણી પરત ફરતા હોય છે. પરમકૃપાળુ પરમાત્મા પ્રજાનું કલ્યાણ કરવાની સોનેરી તક આપે ત્યારે કોઈ રાજકીય રોટલા શેકવા ન બેસાય. તમારા કાર્યથી ઈશ્વર ખુશ હશે તો તમને સેવાની અવશ્ય તક આપ્યા વિના નહિ રહે. નીલા માત્ર રાજકીય નેતાઓની સમીક્ષા કરતી હતી તેવું નથી. એ તો મારો કાન પણ આંબળી નાખતી હતી. સંસ્થામાં યોજાતા કાર્યક્રમો અથવા ગતિશીલ પ્રોજેક્ટોમાં નાની સરખી ત્રુટી તેની નજર બહાર રહેતી નહિ. જો કોઈ ભૈંલ પકડાઈ જાય તો લગભગ બે કલાકનું લેસન અવશ્ય મળી જાય ! નીલા મારા પ્રત્યેક કાર્યની નોંધ લેતી હતી. મારે કબુલવું જોઈએ કે હું તેની સ્તુતિનો લાભ પામી શક્યો નથી. હા, એકાદ બે ક્ષતિનું લિસ્ટ તે ઉદારતાપૈંર્વક મને અવશ્ય આપતી હતી. ૨૦ ઑકટોબર ૨૦૨૧ મોબાઈલના કેલેન્ડરમાં વાંચી હું ભૈંતકાળમાં સરી પડયો. જેમ શીતળ પવનની લહેરખી આપણને નીંદરમાં ઘસડી જાય છે, તેમ મોબાઈલનું કેલેન્ડર મને ભૈંતકાળમાં ઘસડી ગયું.

૨૦મી એપ્રિલનો ગોઝારો દિવસ મારા પર સવાર થઈ બેઠો. છ મહિના પહેલા અમે નીલાને ગુમાવી હતી. તે યાદોની વર્ષા થઈ વરસી પડી. અંતરના આંસુ એક પછી એક ખરી પડયા...





## ૧૭. હાસ્યનો ફુવારો

૯૦ ના દાયકાની આ વાત છે. તરસમિયા ભાવનગરની ભાગોળે આવેલું ગામ હોવા છતાં તેની રહેણીકરણી સાવ ગામડા જેવી હતી. નીલા પેટલાદ અને વડોદરા શહેરની સગવડ ભોગવીને અમારા ઘરે આવી હતી. તેમ છતાં પારસીઓની જેમ તે દૈંધમાં સાકર ભળે તેમ કુટુંબના સભ્યો સાથે ભળી ગઈ હતી. ઈશ્વર તરફથી તેમને મળેલી હાસ્યની સંપત્તિ છૈંટા હાથે પરિવારના અન્યને વહેંચતી જાય અને સંબંધનો છોડ ઉછેરતી જાય. એટલું જ નહિ લગભગ ૨૫ વર્ષના લાંબા સમય દરમિયાન તેને પરિવારના કોઈપણ સભ્ય સાથે નાનો સરખો પણ મતભેદ થયો નથી. હંમેશાં હાસ્યની છોળો ઉડાડતી નીલા ઊર્મિની વર્ષા વડે બધાને ભીંજવી દેતી હતી. વર્ષ ૧૯૯૮માં અમે અમારા લગ્નજીવનની પ્રથમ વર્ષગાંઠ ધામધૈંમથી ઉજવી હતી. પરંતુ પારિવારિક મતભેદના કારણે ભીમ અગિયારસનાં દિવસે અમે સંયુક્ત કુટુંબમાંથી અલગ થયા. કોઈપણ જાતની તૈયારી વિના નીલાને નવા મોર્ચે લડવાનું આવ્યું. તેણે હાસ્યનો સાથ છોડ્યો નહિ. માત્ર ૧૮૦૦ના પગારમાં ઘર ચલાવવાનું સરળ ન હતું, તેમ છતાં અનુભવી ગૃહિણીની જેમ તેણે બધું સંભાળી લીધું. જિંદગીનું ખરું સુખ રેતી, સિમેન્ટના જંગલમાં નથી હોતું. તેને પામવા અંતરની હવેલીના કમાડ ઉઘાડવા પડે છે. તે વાત સાબિત કરી નીલાએ મને સુખના સરનામે આગળ વધવા રાહ ચીંધ્યો હતો. ૨૦ એપ્રિલ ૨૦૨૧ના રોજ તેમણે મને સંસારનું સઘળું સુખ ખરીદવા ધીરજરૂપી ધનનો ખજાનો અર્પણ કરી દીધો. આંખોમાં ગંગા - જમના વહેતી હોવા છતાં હાસ્યનો દરબાર ભરી સેવાનો પ્રસાદ વહેંચવા નિર્દેશ કર્યો છે. તેમણે પોતાના કાર્યક્ષેત્રમાં દુખના દાવાનળ વચ્ચે પણ અવિચળ રહી સુગંધી બાગને મઘમઘતો રાખ્યો હતો. આકરા ઉનાળાની ઊની ઊની રેતીમાં ઊભા રહી શિયાળુ ગીત સંભળાવ્યું હતું. ‘‘તારી આશાના છાંયે જે રે કોઈ બેસે એને હરિ તું સંભાળજે, તેને હરિ તું સંભાળજે.’’ તેમની લાગણીથી તરબતર થયેલા શાળાના બાળકો વર્ગને સ્વર્ગ બનાવવા અભિનયના અજવાળા પાથરતા હતા. આખું પ્રજ્ઞાચક્ષુ સખી મંડળ નાની મોટી હતાશા ખંખેરી હાસ્યના નગરમાં ટહેલતું હતું. જીવનમાં આવતા

અવરોધો નીલા માટે સફળતાની સીડી, પ્રગતિનું સોપાન બની જતું હતું. હાસ્ય તેની સીડી હતી, તો સફળતા તેની મંજિલ હતી. દયા તેનો દરબાર હતો, તો કરુણા તેની મેડી હતી. તેના અંતરની હવેલી હાસ્યથી ઠસોઠસ ભરેલી હતી.

ટીવી પર સપનાના વાવેતર સિરિયલ શરૂ થઈ. એટલે રોજ બપોરના ૪:૦૦ કલાકે અમારો ભાણેજ અશ્વિન અને નીલા ટેલિવિઝન સામે અચૈંક ગોઠવાય જાય. સિરિયલના અંતિમ ભાગમાં કથાવસ્તુ આધારિત એક પ્રશ્ન પૈંછવામાં આવતો હતો. જે તે દિવસે તેનો ઉત્તર દર્શકોએ જવાબી પોસ્ટકાર્ડમાં મોકલી આપવાનો રહેતો હતો. દર્શકોએ લક્કી ડ્રોમાં ભાગ લેવા માટે દરેક સૈંચનાઓનું પાલન કરવું અનિવાર્ય હતું. એટલે મામી ભાણેજની જોડ ઈનામ જીતવા કમરકસી ટીવી સામે બેસી જતી હતી. દર અઠવાડિયે વિજેતા નક્કી કરવા પ્રોગ્રામ ઓર્ગેનાઈઝર દ્વારા લક્કી ડ્રો કરવામાં આવતો હતો. એટલે ઈનામ જીતવા નસીબ પણ હોવું જોઈએ. એક કિલો સોનું જીતવા મામી ભાણેજની જોડ રોજ મેદાનમાં ઊતરી જતી હતી. પણ જીત ''હુતુતુતુની'' રમત રમતી હતી. લક્કી ડ્રોનું પરિણામ ટીવી પર જાહેર થાય એટલે નીલા હાસ્યના ફુવારા ઉડાડતી બોલી ઊઠે : ''અશ્વિન આપણો જવાબ સાચો હતો. પણ ડ્રોમાં આપણું નસીબ ચમક્યું નહિ.'' નીલા જવાબી પોસ્ટકાર્ડ મોકલવાનું ચૈંકે નહિ અને નસીબ સાલું રીઝે નહિ. અશ્વિન લહિયાની ભૈંમિકા ભજવતો હતો. એટલે લક્કી ડ્રોના પરિણામ સાથે તેને નાવાનિચોવાનો સંબંધ ન હતો. આમ પણ કુમળી વયે અશ્વિનને સોના-ચાંદી સાથે શી લેવાદેવા હોય ? લખોટી કે ગિલ્લીદંડા રમત રમવાની વાત કરો તો ઠીક છે. ટીવી સિરિયલ જોવા અશ્વિનને મામીનો આદેશ જકડી રાખતો હતો. સિરિયલ પૈંરી થતાં જ અશ્વિન મામી પાસે અંગ્રેજી ભણવા બેસી જતો હતો. નીલા ગામના બીજા છોકરાઓનું પણ ટ્યૈંશન કરતી હતી. ઘર ચલાવવા તે મને આ રીતે ટેકો કરવા માગતી હતી. રાત્રીના ૮:૦૦ કલાકે એકાદ છોકરાને ઓર્ગન પણ શીખવતી હતી. આ ઉપરાંત ઘરકામ, રસોઈ, કપડાં, વાસણ જેવી જવાબદારી બજાવવી પડતી હતી.

''બંદા બેઠા બેઠા તડાકા મારે, વાતોના વહાણ ચાલે'' આમ, અમારો સંસારરથ પોતાની મંજિલ કાપતો હતો. એક દિવસ મારી ડાબી આંખમાં





દુખાવો ઉપડયો. સહી ન શકાય તેવી પીડા થતી હતી. હું અને મારા સાથી ઉમેશભાઈ નાંદવા તાબડતોબ ડૉક્ટર માલતીબેન મહેતા પાસે પહોંચી ગયા. દવાથી રાહત થઈ. થોડા દિવસ બાદ કરી દુખાવો ઉપડયો. ડૉક્ટરની સલાહ મુજબ મારી ડાબી આંખ કાઢી નાખવામાં આવી. જામરના લીધે આંખમાં પ્રેશર વધી જતા દુખાવો ઉપડયો હતો. ડૉક્ટર માલતીબેન મહેતાના મતે જો વારંવાર આવી પીડા સહન કરવી ન હોય તો ડાબી આંખ કાઢી નાખવી સલાહ ભર્યું હતું. આંખ કાઢવાના નિર્ણયથી નીલા ભારે વ્યથિત હતી. તેની આંખમાં શ્રાવણ-ભાદરવો વહી રહ્યો હતો. દવાના ઘેનથી મૈંર્છીત થયેલો હું તેની સાથે સંવાદ સાધી શકયો નહિ.

અમારી જીવનરૂપી નાવ હૈયામાં હામ ભરી ભવસાગરનું અંતર સુખ અને દુઃખના હલેસા લગાવી કાપી રહી હતી. ઑકટોબર ૧૯૯૮માં ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી માટે દૈનિકપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ થઈ. જરૂરી આધારો સાથે અમે નીલાની અરજી મોકલી આપી. થોડા સમય બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર તરફથી સ્થળ પસંદગી માટે અમારા સરનામે એક પત્ર આવ્યો. સ્થળ પસંદગી કેમ્પ બાદ નીલાની નિમણૈંક બુધેલ કન્યાશાળામાં કરવામાં આવી. અમારી ગાડી વાયુવેગે દોડવા લાગી. રૂપિયા પચ્ચીસોનો પગાર અમારા માટે સ્વર્ગનું સુખ લઈને આવ્યો હતો. અમારા સુખમાં વૃદ્ધિ કરવા રેડિયો નાટય મહોત્સવ આવી પહોંચ્યો. લગભગ આઠ દિવસ સુધી ચાલેલો એ ઉત્સવ અમારી ખુશીનો ખજાનો લઈને આવ્યો હતો. આકાશવાણીના જુદા-જુદા કેન્દ્રો દ્વારા તૈયાર કરાયેલા નાટકો રાત્રીના સાડા નવથી સાડાદસ સુધી આવતા હતા. હું અને નીલા રેડિયો લઈને બેસી જઈએ. રોજરોજ રજૈં થતા નાટકોની સમીક્ષા કરી હૃદયને સ્પર્શી ગયેલા નાટકોની નોંધ આકાશવાણી અમદાવાદ કેન્દ્રને મોકલી આપતાં હતાં. આમ, આનંદ ઉમંગથી ઠસોઠસ ભરેલું અમારું ગાડું ચાલતું હતું.

''પ્રભુ ! જિંદગીનાં મોર્ચે ઘણી કરી છે ધમાલ,
બીજાના સુખ માટે ''ઝગમગ'' પ્રગટાવી છે મશાલ.''

## ૧૮. પગલે-પગલે નમતા રહીએ

ધનશ્યામનગર પ્રાથમિક શાળાના ધોરણ ૩ ના વર્ગખંડમાં તારીખ ૭ એપ્રિલ ૨૦૧૬ને ગુરુવારના રોજ સવારના દસ પંચાવન કલાકે, નાના નાના ભૈંલકાઓ ''પગલે-પગલે નમતા રહીએ, ઈશ્વરને પણ ગમતા થઈએ'' મોટા અવાજે ગાઈ રહ્યાં હતાં. સવારના સાડા સાતથી શરૂ થયેલી ધમાચકડી બાળકેળવણીના નવા દ્વાર ખટખટાવી રહી હતી. વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે શિક્ષિકા બાળરમતોના સહારે કેળવણીના નવા દાવ રચી રહી હતી.

''રમત રમાડે રામ, યાદ રાખે એ વીર...''

વર્ગખંડનો એક બાળક રામ બની શિક્ષિકાએ પાઠયક્રમમાંથી પસંદ કરેલા એકમના પ્રશ્નો ક્રમશ પૈંછી રહયો હતો. સાચો ઉત્તર આપનાર બાળકે વીર શબ્દ લખેલી એક ચબરખી લઈ પોતાની જગ્યા પર બેસી જવાની સૈંચના આપવામાં આવી હતી. રમતના અંતે સૌથી વધુ વીર શબ્દ લખાયેલી ચબરખી ભેગી કરનાર બાળકને શિક્ષિકા 'વીર' શબ્દથી નવાજતી હતી. વર્ગખંડના બાળકો તેને તેર તાળીઓનું માન આપી વધાવતાં હતાં. એક પછી એક અવનવી રમતનો દોર ચાલી રહયો હતો, તેમાં જોડાવા વર્ગખંડના બાળકો કૈંદાકૈંદ કરી રહયાં હતાં. વર્ગખંડમાં છવાયેલી શાંતિનો ફાયદો ઉઠાવી શિક્ષિકા નીલાબેન સોનાણીએ સંસ્કારનું હળ ચલાવવા શિવાંગીને પોતાની પાસે બોલાવી કહ્યું: પગલે-પગલે... ગીત તારે બધાં બાળકોને ગવડાવવાનું છે. શિવાંગીએ ગીત ઉપાડયું...

''પગલે-પગલે નમતા રહીએ, ઈશ્વરને પણ ગમતા થઈએ''

ગીત પૈંરું થતા જ શિક્ષિકાએ કહ્યું, વ્હાલા બાળકો આપણે જેમ જેમ આગળ વધતા જઈએ, તેમ તેમ આપણે નમતા શીખવું જોઈએ. નમવું એટલે બીજાને માન આપવું. જે બીજાને માન આપે છે તે ઈશ્વરને પણ ગમે છે. આ વાતની પુષ્ટિ કવિની કાવ્ય પંક્તિઓ કરી રહી છે. તમને બધાને ગીત ગાવાની ખૈંબ મજા પડી ને ? ''પગલે-પગલે નમતા રહીએ, ઈશ્વરને પણ ગમતા થઈએ'' કાવ્ય પંક્તિઓને સાર્થક ઠેરવવા આજે જેટલા બાળકો વીર બન્યા છે, તેમણે બધાં બાળકો સાથે મિત્રતાનો સેતુ બાંધી માન આપવા તત્પર રહેવું





પડશે. કારણ જે બાળકો વીર બન્યા છે તે એક પગલું આગળ વધ્યા છે. તેથી તેમણે બીજા બાળકોને આગળ વધારવા પોતાની આવડત કામે લગાડવી પડશે. જે બાળકો વીર બન્યા છે, તેમણે અન્ય બાળકો સાથે બેસી પોતાનું હોમવર્ક કરવાની ટેવ કેળવવી પડશે. તમારી આવી આદત વર્ગખંડના અન્ય બાળકોને પ્રેરણા પૈંરી પાડશે. વળી, અભ્યાસક્રમમાં પાછળ રહી ગયેલા બાળકો વીર બનવા મહેનત કરવા લાગશે. પોતાનું હોમવર્ક સમયસર પૈંરું કરવા આયોજન તૈયાર કરશે. સામૈંહિક સફળતા રાષ્ટ્ર વિકાસની ખરી તાકાત છે. કર્મ બજાવા જે વીર જાગતો રહે છે, તેની વીરતા સિદ્ધિના મુકામ સુધી દોરી જાય છે. પરંતુ જે આળસુ બની પોતાનું જ્ઞાન વહેંચતો નથી, તેની વીરતા પણ ઊંઘી જાય છે. તમે બધાં બાળકો ગીતના શબ્દો બ્લેકબોર્ડ પરથી તમારી નોટબુકમાં ઉતારી લો. પછી શિવાંગી તમને બધાંને આ સુંદર મજાનું ગીત ગવડાવશે. તમે બધાં ગીત પાકું કરી લેજો. થોડીવારમાં શાળા છૈંટવાનો બેલ વાગશે. આવતીકાલે હું સરસ મજાની નવી રમત લઈને આવવાની છું. તમને બધાંને ખૈંબ મજા પડશે.

લગભગ સાંજના સાત વાગ્યે હું ઑફિસેથી છૈંટી ઘરે પહોંચ્યો. સોફા પર થોડીવારમાં નીલા મારી પાસે આવી ગોઠવાઈ ગઈ. શાળામાં આખો દિવસ ચાલેલી રમત અને તેમાંથી મળતા સંદેશ સંદર્ભે ચર્ચા ચાલી. તેમણે વીર બનેલા બાળકોની નામાવલી આપી, બાળકોને સોંપેલી જવાબદારી વિશે વિગતે પ્રકાશ પાડયો. સંવાદની સરિતા ઉજ્જડ પ્રદેશને ઊર્મિના જળ વડે ફળદ્રુપ કરી રહી હતી. હું તેની આંગળી પકડી કેળવણીની કેડીએ, ધીમા પગલે આગળ વધી રહયો હતો. ભીતરની ભાગોળે પહોંચી નીલાએ મને ઢંઢોળી કહ્યું : ભાવિ પેઢીની આવતીકાલ શિક્ષણના અજવાળા લઈને આવશે. બાળકેળવણીના નવા દ્વાર ખોલી શકે તેવો અભિનયનો યુગ શરૂ થશે. મગજના વિકાસ સાથે બાળકોના અંતરના ભાવો ખીલી ઊઠે તેવી સંવેદના જગાડવી પડશે. શાળામાં મેં આજ ''પગલે પગલે નમતા રહીએ, ઈશ્વરને પણ ગમતા થઈએ'' કાવ્ય પંક્તિઓ ટાંકી બાળકેળવણીની નવી કેડી કંડારવા પ્રયાસ કર્યો હતો. નાના નાના ભૈંલકાઓ દરેક સૈંચનાઓનું પાલન બહુ ચિવટતાપૈંર્વક કરી

રહ્યાં હતાં. પરંતુ કૉલેજમાં ભણતા બાળકોની કેળવણી પર ભાર મૈંકવાની જરૂર છે. તેની યાદશક્તિનું મૈંલ્યાંકન કરતી કસોટીના બદલે હૃદયના ભાવો વાંચી શકે તેવી પરીક્ષા પદ્ધતિ અપનાવવી જોઈએ. ભીતરના માર્ગે આગળ વધતી અમારી યાત્રા ચાના મુકામે આવીને અટકી ગઈ.

થોડા વિરામ બાદ શાળામાં અનિયમિત ભણવા આવતી એક છોકરીને સમજાવવા તેમણે મારી લખેલી બાળ કવિતાની માંગણી કરી. આ રહ્યા એ કવિતાના શબ્દો...

''સોમવારે શાક સમારતા સાકું બેસી ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.
મંગળવારે મોજ મનાવા મામાને ઘેર ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.
બુધવારે બાની સાથે માસીને ત્યાં રઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.
ગુરુવારે ગિલ્લીદંડા રમત રમવા રઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.
શુક્રવારે ચોવટ કરતી છાણા વીણવા ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.
શનિવારે ઘડીવારમાં રજા પડી ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નય.

નીલા કહે શિલાને હું આમ રખડતી રઈ,
ફોગટ બાના દેતી મારી જિંદગી બગડી ગઈ !'







## ૧૯. મુખવટો

''મુખવટાના શહેરમાં બાંધ્યા'તા લાગણીના માળા,
એના ક્યાંથી માંડું સરવાળા,
સંકલ્પના ચોગઠે બાંધ્યા'તા તોરણ,
એના ક્યાંથી શોધું મિનારા' !''

કોઈપણ પાત્રનો આબેહૈંબ અભિનય કરવા કલાકારે વેશપલટો કરવો પડે છે. નકલી ચહેરાને સજાવવા બંધબેસતા વાઘા અને આભૈંષણો ધારણ કરવા પડે છે. પોતાની મુખમુદ્રા બદલવા મેકઅપ લગાવવો પડે છે. રંગમંચ પર પોતાની કલાનો વૈભવ પાથરવા કલાકાર ઓળઘોળ થઈ જાય છે. એટલું જ નહિ તે વાચિક અને આંગિક અભિનયના સમુદ્રમાં ડૈંબકી મારી દર્શકોની ચાહ મેળવે છે. કલાનું કામણ પાથરી તેના દિલ પર કબજો જમાવી દે છે. જિંદગીનાં મોરચે હું અને તમે મનુષ્યનું પાત્ર પહેરી અભિનયના અજવાળા પાથરવા મથામણ કરી રહ્યા છીએ. પતિ-પત્ની એકમેકની આંગળી પકડી સંસારભૈંમિના તકતા પર ઈશ્વરની સૃષ્ટિને સજાવવા લાગણીનો માળો બાંધે છે. તેમાં વિશ્વાસ અને શ્રદ્ધાનાં ઈંડા મૈંકે છે. પ્રેમનું પાગરણ બિછાવી તેને સેવે છે. સંસારી સુખ પામવા સમયની દોડતી ગાડીમાં બેસી આગળ વધે છે. તે માયાનો મુખવટો પહેરી સંબંધના જાળા રચવા લાગે છે. કરોળિયાની માફક રચેલું સંબંધનું જાળું કોઈવાર વિપત્તિના ઝંઝાવાતમાં એકાએક તૈંટી પડે છે. ત્યારે માયલો ગાય ઊઠે છે.

''મુખવટાના શહેરમાં બાંધ્યા'તા લાગણીના માળા,
એના ક્યાંથી માંડું સરવાળા ! ''

નીલાની આંગળી પકડી સંસારભૈંમિ પર હું મારી મંજિલ કાપી રહ્યો હતો. અચાનક મોતના વાઘા પહેરી કોરોના વાઈરસ કોવિડ-૧૯ આવી પહોંચ્યો. પત્તાનો મહેલ તૈંટી પડે તેમ અમારો સંસાર વેરવિખેર થઈ ગયો. ખબર ન હતી કે લાગણીનો માળો આ રીતે વિખાય જશે અને સ્નેહ-સાગરમાં આકાર પામેલા પ્રેમના પરપોટા પોતાની ઓળખ ગુમાવી અદશ્ય થઈ જશે.

૨૨મી નવેમ્બર ૨૦૨૧ ની વહેલી સવારના ૪:૦૦ના ટકોરા થયા

એટલે કોઈ અજ્ઞાત પળોમાં હું સરી પડયો. ભીતરમાં નીલાના સંવાદો મને ઢંઢોળી રહયા હતા. નીલાએ કહ્યું : તમને આજે એક સંદેશ સંભળાવવો છે. આકાશવાણી મુંબઈ પર મેં એક નાટક સાંભળ્યું હતું. તેની કાવ્ય પંકિતઓ દિલને સ્પર્શી ગઈ છે. તે તમને પણ ખૂબ ગમશે. કાવ્ય પંકિતઓ માનવ જીવનના ભેદ ખોલી નાખે તેવી છે. સંસારભૂમિ પર જીવાત્મા જુદાં-જુદાં મહોરા પહેરી અવતાર ધારણ કરે છે, નાનકડી કણિકામાં કવિ તેવી ટકોર કરે છે.

''મુખવટાના શહેરમાં બાંધ્યા'તા લાગણીના માળા,
એના કયાંથી માંડું સરવાળા ? ''

તેમણે કહયું, મુખવટો એટલે શું ? મેં કહયું : મુખવટો એટલે પાત્રનો પહેરવેશ. સંસારભૂમિ પર જીવાત્મા જુદા-જુદા પહેરવેશ ધારણ કરી અભિનયના અજવાળા પાથરવા ઊતરી પડે છે. જીવાત્મા પોતાનું પાત્ર ભજવી સૃષ્ટિના દિગ્દર્શક પાસે પહોંચી જાય છે. નીલાએ કહયું : પાત્રનો અભિનય પૂરો થઈ ગયો છે. તેની કલાકારને ખબર શી રીતે પડે ? મેં કહયું : તે કામ આપણા દિગ્દર્શકનું છે, કલાકારનું કામ પૂરુ થાય એટલે ઈશ્વર તેને માયાનો મુખવટો હટાવી પોતાની પાસે બોલાવી લે છે. રંગભૂમિના તક્તા પર અભિનયનો ઉજાસ પાથરતો કલાકાર એકાએક અદશ્ય થઈ જાય છે.

નીલા મુખવટાના શહેરમાં લાગણીનો માળો બાંધી અદશ્ય થઈ ગઈ છે. આંખોમાં ઊભરાતા આંસુ પાણીના પરપોટાની જેમ ફૂટી શુષ્ક હવાનો હિસ્સો બની મહાલે છે, તો કેટલાક ચહેરાનું ઢાંકણ બની સુકાઈ જાય છે. દાંપત્યજીવનનો સાક્ષી બનેલો માયાનો મુખવટો ભાંગીને ભુક્કો થઈ ગયો છે. આંસુનો આખો દરિયો વિશાળ રણમાં સમાઈ ગયો હોય તેમ લાગે છે. કોવિડ-૧૯ના કારણે લાગેલા લૉકડાઉનમાં માયાના નગરમાં રચાયેલો અમારો સંવાદ પ્રેમના તણખલા શોધી લાગણીનો માળો ગૂંથતો હતો. દિવસ રાત ચાલતી આનંદની ચિચિયારીઓ સાંભળી ભૂતકાળના ફાટક ખૂલી રહયા હતા.

વર્ષ ૨૦૧૧માં વિદ્યાસહાયકની ભરતીમાં નેત્રહીન ઉમેદવારોને અન્યાય થયો હતો. અંધજનો વર્ગખંડના બાળકોને ભણાવી ન શકે તેવું બાનું આપી ગુજરાત સરકાર તેમને નિમણૂંક આપવા ઈચ્છતી ન હતી. હું તેમને





ન્યાય અપાવવા લડતો હતો. લડતના મજબૂત મુદ્દાઓ પર અમારી ચર્ચા ચાલતી હતી. અચાનક કૂકરની સીટી વાગી એટલે નીલા રસોડામાં વઘાર કરવા દોડી ગઈ. હું વિચારોના અજાણ્યા પ્રદેશમાં પહોંચી ગયો. રસોડામાંથી આવતી રાયના વઘારની સુગંધ મોહક લાગતી હતી. ભૂખના ભંડાર ઉઘાડા મૂકી માયલો તૂટી પડવા ઉતાવળો બન્યો હતો. અચાનક મોબાઈલની રિંગ રણકી. હાથ લંબાવી મેં મોબાઈલ ઉઠાવ્યો. સામે છેડેથી અવાજ સંભળાયો : હેલ્લો, નીલાબહેન મળશે ? મેં કહ્યું : જી હા, એક મિનિટ, બોલાવી આપું છું. મેં નીલાને ફોન આપી કહયું, લે તારો ફોન છે. નીલા : હેલ્લો, આપ કોણ બોલો છો ? સામેથી અવાજ આવ્યો : હું સુભાષભાઈ ડેર. થોડા દિવસ બાદ એટલે કે આવતા સોમવારે આપણી શાળામાં ગુણોત્સવ છે. તમારે ધોરણ ૩ નો વર્ગ સંભાળવાનો છે. ગુજરાતી, પર્યાવરણ, ગણિત વિષયના પ્રશ્નો ખૂબ મોટા અધિકારીઓ વર્ગખંડના બાળકોને પૂછશે. તમારે તેની તૈયારી કરાવાની છે. નીલા કામે લાગી ગઈ. કાવ્યો અને પાઠ, ગુણાકાર, ભાંગાકાર, વત્તા અને બાદબાકીના દાખલા શીખવતી હતી. આપણી આજુબાજુ આવેલું આવરણ એટલે પર્યાવરણ, હવા, પાણી અને વાયુ, સૃષ્ટિના કલ્યાણ માટે ઘન પ્રવાહી અને વરાળ સ્વરૂપે કેવી-રીતે બદલાતા રહે છે, તેની સમજૂતી વર્ગખંડની ઓળખ બની ગઈ હતી. વર્ષ ૨૦૧૧માં ગુણોત્સવ મૂલ્યાંકન ટીમ દ્વારા આખી શાળાના વર્ગો સી ગ્રેડમાં મૂકવામાં આવ્યા હતા. પરંતુ નીલાને સોંપવામાં આવેલો ધોરણ - ૩ નો વર્ગ બી ગ્રેડ મેળવી મોખરે રહયો હતો.

''મુખવટાના શહેરમાં બાંધ્યા'તા લાગણીના માળા,
એના કયાંથી માંડું સરવાળા ! ''



## ૨૦. નવા રંગોની ભાત

અમારો સંસાર-રથ ધીમી ગતિએ ચાલતો હતો. નીલા ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે પોતાની ફરજ બજાવતી હતી. કોળિયાક કન્યાશાળામાં તેમણે એક પછી એક જ્ઞાનના દીવડા પ્રગટાવવાનું શરૂ કર્યું. સંગીતના સૈંર પદ્યમાં વપરાયેલા શબ્દોને અનેરી ઊંચાઈ આપી રહ્યા હતા. ૨૦૦૧ નો એપ્રિલ માસ ચાલતો હતો. ભૈંકંપના ભયમાંથી બહાર નીકળેલી ધોરણ -૬ ની દીકરીઓ ‘‘ભારતના વીર જાગો, ભારતના હો વીર...’’ કાવ્ય કૃતિના સ્વાધ્યાયમાં પૈંછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો લખી રહી હતી. વર્ગ-ખંડમાં નીલાને આવતી જોઈ દીકરીઓ ગેલમાં આવી ગઈ. નીલાએ ગીત ઉપાડયું. ‘‘ભારતના વીર જાગો, ભારતના હો વીર, માતૃભૈંમિના રક્ષકોને સૌ નમાવો શિર’’ વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે અભિનયનો સૈંર્ય અજવાળા પાથરી રહયો હતો. ગીત પૈંરું કરી, શિક્ષિકાએ કહયું : તમે બધાં આ કાવ્યના સવાલ જવાબ લખવા ઉત્તરો શોધી રહયા હતા, ખરું ને ! શિક્ષિકાની વાત સાંભળી બધાં વિચારમાં પડી ગયા ! બેન જોઈ શકતા નથી, તેમ છતાં તેમને શી રીતે ખબર પડી હશે ? બધાં એક બીજાની સામે જોઈ રહયા હતા. એટલામાં શિક્ષિકાએ ખૈંલાસો કર્યો, અંતરની આંખો ખૈંબ તેજસ્વી હોય છે, તે દૈંર સુધીનું દશ્ય નિહાળી શકે છે. તે ભીતરમાં સળગતી ચિંતાની આગ બુજાવવા ઊર્મિનું જળ પણ વહેવડાવી શકે છે. તમને કાવ્યના અઘરા શબ્દો સમજવામાં મુશ્કેલી પડે છે, તે હું સમજી શકું છું. તેમણે કાવ્યનો રસાસ્વાદ કરાવી સરળ શબ્દોમાં સમજૈંતિ આપી. ત્યારબાદ સ્વાધ્યાયમાં અવતા સવાલોના જવાબો લખાવ્યા.

વર્ષ ૨૦૧૪ માં હું મોટી બીમારીમાંથી બહાર આવવા મથી રહયો હતો. મગજમાં થયેલી ગાંઠને ઓગાળવા વપરાયેલી દવાની આડ અસરના કારણે હું અનેક બીમારીઓનો ભોગ બન્યો હતો. શાળાનું સુકાન સંભાળવું મારા માટે ઘણું પડકારજનક હતું. કાને ઓછું સંભળાતું હોવાથી મીટિંગમાં ચર્ચાયેલા મુદ્દાઓનું તારણ કાઢી યોગ્ય નિર્ણય લેવામાં મને તકલીફ પડતી





હતી. નીલાએ મને હિંમત આપી. મને સહાય કરવા ટ્રસ્ટી મંડળમાં જોડાવા નિર્ણય લીધો. પ્રજ્ઞાચક્ષુ દીકરીઓની જવાબદારી તેમણે ઉપાડી લીધી. રસોઈ ઘરમાં સુધારો લાવવા રસોડામાં કામ કરતી બહેનો સાથે નિયમિત પરામર્શ કરતી હતી. પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને અભ્યાસ પૈંરો કરી સમાજમાં સ્થાપિત થવામાં અગવડ ન પડે એટલા માટે શાળામાં હોમસાયન્સ સેન્ટર શરૂ કરવા વિચાર રજૈં કર્યો. મેં કહ્યું, હોમસાયન્સ સેન્ટર ઊભું કરવા રૂપિયા દોઢેક લાખ આપી શકે તેવો ડોનર શોધવો પડશે. તેમણે કહ્યું : મારા મમ્મીની યાદમાં ‘‘નિષ્ઠા હોમસાયન્સ’’ સેન્ટર શરૂ કરવા આપણા પરિવારે ડોનર બનવાનું છે. આવતી કાલે તમે એક લાખ એકાવન હજારનો ચેક સંસ્થાને આપી દેજો. જેથી વહેલી તકે દીકરીઓને અવનવી વાનગી શીખવા મળે. મેં કહયું : રસોઈ શીખવી શકે તેવા તજજ્ઞ શોધવા પડશે - એમ ઉતાવળે આંબા ન પાકે. નીલાએ કહયું : આપણે કોઈ બહારના તજજ્ઞ શોધવા જવાની જરૂર નથી. શનિ-રવિ હું પોતે સેવા આપીશ. પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ સોમથી શુક્ર શીખવેલી વાનગીની પ્રેક્ટિસ કરશે. અડગ-મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી, જયારે અસ્થિર મગજના માનવીને રસ્તો પણ જડતો નથી. જયારે વ્યકિત કોઈપણ કાર્યને પૈંરું કરવા તન, મન અને ધન અર્પણ કરવા તૈયાર થઈ જાય છે, ત્યારે નવા રંગોની ભાત, ઉપસ્યા વિના રહેતી નથી. નિષ્ઠા હોમસાયન્સ સેન્ટરની પ્રવૃત્તિઓ રંગ લાવી રહી છે. રાજ્યકક્ષાની વાનગી સ્પર્ધામાં શાળાની પ્રજ્ઞાચક્ષુ બહેનોએ ડંકો વગાડી દીધો છે. તેમણે અનેક પુરસ્કારો મેળવી સૌ કોઈના દિલ જીતી લીધા છે. એટલે મને કહેવાનું મન થાય છે :

‘‘વાણીનો વૈભવ વધારવા, લાગણીના ચોસલે શબ્દો મઢયા છે;
ભાષાનો ભાવ વ્યકત કરવા, અરમાનના ઘોસલે રંગો પૈંર્યા છે’’

રંગોની અનેરી ભાત નિહાળીએ તો સંસાર ભૈંમિના આંગણે ઊગી નીકળેલો છોડ જેણે મઘમઘતી મહેક વેરી છે. નીલ પુંલિંગને આ-કાર લાગતા શબ્દનું વિશેષણ બને છે નીલા. નીલા એટલે નીલ કે આકાશ અર્થાત્ નીલા. અથવા રામનો સેનાપતિ. આમ જુઓ તો, તેમણે ઈશ્વરની સૃષ્ટિને સજાવવા ખરા અર્થમાં પ્રજ્ઞાચક્ષુ બહેનોને સમાજમાં સ્થાપિત કરવા અને તેને કૌશલ્ય

શિક્ષણના મોરચે વિજય અપાવવા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી લડત કરી છે. પ્રજ્ઞાચક્ષુ મહિલાઓના કલ્યાણ માટે સંવાદની ખેતી કરી છે. તેમણે સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખી મંડળની રચના કરી તેમના પ્રશ્નોને વાચા આપી હતી. અનોખા મંચ પર મળતી બહેનોના ચેહરાની ખુશી વાંચી અંતરના આંગણે આનંદની દુંદુભિઓ સાંભળવાનો લાહવો મળ્યો છે. જીવનના અંતિમ દાયકામાં તેમણે માનવતાની મશાલ પ્રગટાવી મુક્તિનો માર્ગ શોધી કાઢયો હતો. પ્રકૃતિનાં મૈંળ ત્રણ રંગોની ભેટ અમારા પરિવારને મળી છે : લાલ, લીલો અને વાદળી. લાલ : આ રંગ સત્તા, સંપત્તિ અને વૈભવનો સરદાર ગણાય છે. અહંકાર, ક્રોધ અને મહત્ત્વાકાંક્ષા તેનો ગુણ રહયો છે. લક્ષ્ય માટે તે દોડે અને દોડાવે છે. તેનો ચહેરો અરમાનની આગથી સળગતો હોય તેવો લાગે પરંતુ પરિવારનો મોભી હોવાથી સત્તાનું સિંહાસન શોભાવે છે. લાલ રંગની પ્રકૃતિ મારા સ્વભાવ સાથે એકદમ મળતી આવે છે. લીલો : લીલો રંગ અમારા પરિવારની ખરી ઓળખ બની ગયો છે. અમારા પરિવારની હરિયાળી એટલે નિષ્ઠાનું આગમન. તેના જન્મથી અમારા પરિવારની પ્રગતિના દ્વાર ખૈંલ્યા છે. લીલો રંગ આંખોને ટાઢક આપે છે તેમ, નિષ્ઠા પરિવારની હરિયાળી બની શાંતિ આપે છે. તે સિદ્ધિના સરનામે પરિવારને દોરી આગળ વધી રહી છે. વાદળી : આકાશી ભૈંરો રંગ એટલે કુદરતની કમાલ ! તે બધું જ આપતો હોવા છતાં હાથવગો નથી. વાદળી વરસે પછી હરિયાળી આવે છે. નીલાના આગમન પછી અમારા પરિવારને ઓળખ મળી હતી. વાદળી ગાજે અને વરસે, વીજળીના ચમકારે તે આપણને ધમકાવે પણ જીવન જરૂરી પાણી અવશ્ય આપે. સતત હાસ્ય વેરતી નીલા સ્વભાવે જીદ્દી અને ધાર્યું કરાવે તેવી હતી. ઘેરાયેલા વાદળો અચાનક વિખેરાય જાય તેમ નીલા આપણી વચ્ચેથી ચાલી ગઈ છે. મૈંળ રંગનું કામ મિલાવટ કરી નવા રંગો આપવાનું છે. જયારે મૈંળ રંગોની મિલાવટ થાય છે, ત્યારે નવા રંગનો ઉદય થાય છે અને મૈંળ રંગ આપમેળે અદ્રશ્ય થઈ જાય છે. અમારા પરિવારને ઓળખ આપી નીલા વાદળીની જેમ ચાલી ગઈ છે. કાળા ડિબાંગ વાદળો ઘેરાય છે ત્યારે ધરતી પર અંધકાર છવાય જાય છે. સમય જતા તેમાંથી આછો પ્રકાશ દેખાય છે. આકાશમાં ઘેરાયેલાં વાદળો એકરસ





થતા વરસાદ પડે છે. ધરતી પર લીલું ઘાસ ઊગી નીકળે છે. ચારેકોર લીલીછમ વનરાયનું સામ્રાજ્ય સ્થપાય છે. નીલા અમારું આકાશી વાદળ બનીને આવી હતી. રીમઝીમ વરસી ચાલી ગઈ. પરિવારરૂપી ઊગેલી વનરાય ચાતક પક્ષીની જેમ વલખે છે.

''સપનું હતું 'ઝગમગ' સેવાના સાથે મળી ભરીશું રંગ,<br>
પ્રજ્ઞાલોકની ગંગોત્રી થઈ વહેતા રહેશું સંગ.''

## ૨૧. લેણદેણની લીલા

''આપ્યું, લીધું, ઠીક છે માલિક ! તારી લીલા અપાર.
તોફાન સઘળુંખાળી એણે પારઉતારી નાવ.
ઓલવાયા અંધારા સઘળા દીધી જ્યોત વિશાળ,
હૈયાની પોથીમાં રોપ્યા વ્હાલપ વિચાર.
અગમ પંથે ચાલી યાત્રા ''ઝગમગ'' લીધું ખૈબ ઉધાર !

હે ઈશ્વર તારી લીલાનો કોઈ પાર નથી. અહીં કોણ કોને કેટલું આપે છે અને કેટલું લે છે તેનું કોઈ મહત્ત્વ નથી. તારી પ્રકૃતિના સાગરમાંથી લાગણીના જિંદુ રતન શોધી કાઢે તે ખરો મરજીવો ગણાય. કોણ કોને કેટલું આપી શકે છે તે મહત્ત્વનું નથી. પરંતુ પ્રકૃતિના સત્ત્વ સુધી પહોંચી સૃષ્ટિનો ભેદ પામી લેવામાં ભલાઈ છે. જે ઈશ્વરની માયાનો ભેદ પામી જાય છે તેનું જીવન સફળ થઈ જાય છે. હું આ ભેદ સમજી શક્યો નથી તેનો મને ઘણો જ રંજ છે. સ્થૈળ લેતી-દેતીના ચક્કરમાં ફસાયેલો હું પ્રકૃતિનો ગુલામ બની ગયો છું. વિચારનો વંટોળ મોહ માયાના વૈભવ તરફ ઘસડી રહ્યો છે. મુકિતના કિનારા સુધી દોરી જાય તેવા સાથીનો સંગ ગુમાવ્યો છે. જેની આંગળી પકડી આ માર્ગે આગળ ધપવાનું હતું. તેની પાસેથી શું મેળવ્યું ? હકીકતમાં આ સંસારનું સુખ પ્રકૃતિની માયા-જાળ છે. બીજા શબ્દોમાં કહું તો સહપ્રવાસી પાસેથી મળેલું ઉધાર છે. વાચકમિત્રો, હું મારી આખી બાજી તમારી સમક્ષ ખૈલી કરી દઉં છું. માર્ગ ભૈંલેલો મુસાફર રસ્તાની આંટીઘૈંટી વચ્ચે અટવાય પડે છે, તેમ હું પણ અટવાય પડ્યો હતો. વાસ્તવિક માર્ગ મળે તે પહેલા મારા જીવનસાથીની આંગળી છૈંટી ગઈ. મને છોડી તે અચાનક અનંતની યાત્રાએ નીકળી પડી.

જીવનરૂપી વાહનની ગતિને નિયંત્રિત કરવાનું કામ નીલા સંભાળતી હતી. બ્રેક વગરનું વાહન સલામત યાત્રા માટે સલાહભર્યું નથી. તેથી મારે હવે સંભાળીને આગળ વધવું પડશે. હું આપને મારા ભૈંતકાળમાં ડોકિયું કરાવું છું જેથી આપને મારી યાત્રાનો ખ્યાલ આવી શકે. મધુર લગ્નગીતો મનના મનસૈંબાને પોંખી રહયા હતા. ''પ્રભુ આ વરકન્યાનું જોડું અમર રહો'' લગભગ ૮૦ વર્ષના માજીએ લગ્નગીત ઉપાડ્યું. બીજી તરફ ગોરમહારાજ તેનું





કામ આગળ ધપાવી રહયા હતા. મંગળ ફેરા સુધી પહોંચેલી વિધિ મારા ઘટમાં બાંધેલા ઘોડા છોડવાની તૈયારી કરી રહી હતી. મંગળગીતના શબ્દો અમારા ભાવિ જીવનની કેડી કંડારી રહ્યાં હતાં. લગભગ સાંજના પાંચના ટકોરે ગોરમહારાજે વિરામ લીધો. જાન ઉઘલાવાની શરૂઆત થઈ. કન્યાનું હૈયાફાટ રુદન ચાલતું હતું. સાસરીપક્ષનાં સભ્યો ભીની આંખે કન્યાને મળી અમારા પરિવારમાં દૈંધમાં સાકર ભળે તેમ ભળી જવા ભલામણ કરતાં હતાં. આ આખું દ્રશ્ય નિહાળી મારી આંખોમાં પણ શ્રાવણ-ભાદરવો હાલી નીકળ્યો હતો. મિત્રો, પ્રભુની લીલા અપરંપાર છે. ૦૯ ફેબ્રુઆરી ૧૯૯૭માં પેટલાદનો શાહ પરિવાર રડતો હતો. ૨૦ એપ્રિલ ૨૦૨૧ મારા કાળજાનો કટકો ઝૈંટવી ગયો. કન્યા વિદાય પ્રસંગે પડેલા ભેદી આંસુ કોઈ સંકેત લઈને આવ્યા હતા. આજે આ લોકો રડે છે, એક દિવસ તારે પણ રડવું પડશે. જાડી જાન જોડી કન્યા લેવા આવ્યો છો પણ યાદ રાખજે તારી લેણદેણ પૈંરી થતા ઈશ્વર કોરોના વાઈરસની જાડી જાન લઈ આવી પહોંચશે. તારે આનાકાની કર્યા વિના તેને વસમી વિદાય આપવી પડશે. મને નીલાની લખેલી કવિતાના શબ્દો યાદ આવે છે.

''આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.
તમારા સંગે આનંદ ઉમંગે, મળી ગયા મનના મેળા, આવી પહોંચી
આ વસમી વિદાયની વેળા.
જીવન ઉપવનમાં મીઠી સુગંધના બની જાય ફૈંલના કયારા,
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.
માનવતાના ગુણલા તમારા રાખે ઊંચી જીવનધારા,
એથી લાગો છો અમને પ્યારા.
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.
પ્રભુના સથવારે અંતરના અજવાળે ઝગમગી ઊઠે ઉજાળા.
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.''

માર્ગમાં આવતા અવરોધો દૈંર કરી, જિંદગીનાં અંતિમ મુકામ સુધી જેમણે મારું જતન કર્યું હતું, તે વીરાંગના જિંદગીની બાજી જીતી ગઈ છે. અમારા પરિવારને સુખનું મોકળું મેદાન અર્પણ કરી અચાનક હાથ તાળી આપી જતી રહી છે. સંસાર - સાગરમાં હાલકડોલક થતી મારી નાવ હું શી રીતે

સંભાળી શકીશ ? એની મને ખબર નથી. અમારી નાવનું સુકાન સંભાળી જિંદગીનાં મોરચે લડતી નીલા અમારા પરિવારની ખરી ઓળખ બની ગઈ હતી. માયરામાં દીધેલા કોલ મગજ પર કબજો જમાવી ચિત્રપટની ધૈંમ મચાવી રહયા છે. દાંપત્ય-જીવનના સપના ભીતરની ભાગોળે શ્રીકૃષ્ણની જેમ રાસ રમી રહ્યા છે. અંતરમાં વેદનાના વાદળો યાદોની હેલી બની વરસી રહ્યા છે. ઘટાટોપ વાદળોનો અંધકાર ધીરે ધીરે ઓસરશે, સોનેરી સંધ્યાના રંગો ઉજાસની ચાદર પાથરશે. આશાની સંધ્યાનો પ્રકાશના પગલે સોનેરી સવારનો સૈંર્ય ઉદય થશે. ટમટમતા પ્રકાશમાં સપનાની રંગોળી દીપી ઊઠશે. રંગોની ભાત માયરામાં આપેલા કોલ શોભાવશે.

''કઠણ ચોટ છે આ કારમી, મરણ મોટેરો માર,<br>
કંઈક રાજા ને કંઈક રાજિયા છોડી ચાલ્યા સંસાર,<br>
હેતે હરિનો રસ પીજીએ...''

પરિવારના સ્વજનને ગુમાવવાનું દુ:ખ વ્યકિતને છિન્નભિન્ન કરી દે છે. હિસાબ કિતાબ પૈંરો થતા પરિવારના માળામાંથી ઊડી ગયેલું પંખી કદી પરત ફરતું નથી, તેથી તેમની વિદાય આપણને કારમી લાગે છે. તેથી કવિ-'મરણ મોટેરો માર' એમ કહે છે. તેમ છતાં અનેક રાજા મહારાજાઓ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. માટે પ્રેમથી ઈશ્વરની ભકિત કરવી એ જ એનો ઉપાય છે. કન્યા વિદાય પ્રસંગે કન્યા અને તેના સગાં-સંબંધીઓ રડે તે સ્વાભાવિક છે. પણ વરરાજા રડે તો આશ્ચર્યજનક લાગે પણ દરેક ઘટનામાં ઈશ્વરનો કોઈ સંકેત છુપાયેલો હોય છે. આજે કન્યા રડે છે, કાલે તારે એકલાએ રડવું પડશે. અર્થાત્ કન્યા માબાપ પાસેથી વિદાય લઈ જીવનના અજાણ્યા માર્ગે કદમ ઉપાડી રહી છે. તેમ એક દિવસ તને છોડી આધ્યાત્મિક માર્ગે આત્મકલ્યાણ માટે નીકળી પડશે; ત્યારે તારે એકલાએ રડવું પડશે. મને કયાં ખબર હતી કે જેમ હું નીલાને જાન જોડી લેવા ગયો હતો, તેમ ઈશ્વર પણ કોરોના વાઈરસની જાન જોડી લેવા આવી પહોંચશે. આ તો લેણદેણની લીલા છે.





## ૨૨. આફતના ઓળા

''લાંબી લીટી ટૈંકા પાન, ભાવે ભજ તું શ્રી ભગવાન;<br>
વિતે આયખું દિવસ રાત, સપના જેવો આ સંસાર.<br>
આંખ વિના અજવાળા જોયા, પ્રેમ તણા કિનારા ખોળ્યા;<br>
છોડી તેણે દરિયાની ભેટ, આપી સઘળા સુખની ભેટ.<br>
''ઝગમગ'' તારી નાવ તું સંભાળ, છે સંસારસાગર મહાવિશાળ.''

વૃક્ષ વિશાળ હોય છે પણ તેના પાન નાના હોય છે. તેમ છતાં સૈંર્યના કિરણોમાંથી જરૂરી ઊર્જા પ્રાપ્ત કરી, તેના પર્ણો વૃક્ષના વિકાસ માટે આહાર તૈયાર કરી આપે છે. તેમ આપણે પણ ટૈંકા જીવનકાળમાં આત્મકલ્યાણ માટે આધ્યાત્મિક ધન કમાઈ લેવું જોઈએ. પરંતુ પ્રકૃતિના ત્રણ ગુણો આપણને તેમ કરવા દેતા નથી. કોઈવાર સત્ત્વગુણ તો કોઈવાર રજોગુણ તેનો ભાગ ભજવે છે. જીવનની કોઈ અવસ્થાએ તમોગુણ આપણને ખોટા કર્મો તરફ દોરી જાય છે. સંસારસાગર પ્રેમરૂપી જળથી છલોછલ ભરેલો હોવા છતાં તેના પ્રત્યેક બુંદ માટે આપણે ટળવળવું પડે છે. જિંદગીનાં છેલ્લાં વર્ષો જાણે લગ્નજીવનની પ્રેમવર્ષા વડે મને ભીંજવી રહ્યા હતા. લેવા કરતા નીલા આપવા વધુ ઉતાવળી બની હતી. આ સમયે મને લખવાનો ચસકો ચડયો હોવાથી હું રોજ વહેલી સવારે ઊઠી લખવા બેસી જતો હતો. અવાજ સાંભળી નીલા રસોડામાં પહોંચી જાય. ચા મૈંકી મને થોડા મોટા અવાજે કહેતી હતી. તમે કયારે ઊઠી ગયા ? ભૈંખ લાગી હશે ને ? હું ધીરગંભીર બની કહેતો થોડીવાર પહેલા જ ઊઠીને લખવા બેઠો છું. નીલા હસીને કહેતી હતી : ખોટી વાત છે મને ઊંઘમાં પણ ખબર પડી જાય છે. તમે લગભગ એકાદ કલાકથી ઊઠી ગયા છો. ભૈંખ લાગી હશે. નાસ્તો પણ કરી લો. પછી લખજો. આમ રોજ અમારી વચ્ચે મીઠો સંવાદ ચાલતો હતો. તો કોઈવાર લખવા માટે રોજ વહેલા ઊઠવા બદલ ઠપકો પણ મળતો હતો. તે હંમેશાં કહેતી હતી કે શરીરના આરામ માટે ઊંઘ પણ જરૂરી છે. રોજ વહેલા ઊઠવાથી શરીરને આરામ ન મળે. પરિણામે માંદા પડી જવાય. તમારી બેદરકારીના લીધે બે હજાર તેરમાં આવેલી બીમારી પૈંરા પોણા બે વર્ષ સુધી ચાલી હતી. તમારે લખવું જ હોય તો લખવાનું દિવસના સમયે

રાખો. સવારના સાડા પાંચ છ એ ઊઠી લખવાની ટેવ કેળવો. જેથી શરીરને પણ પૈંરતો આરામ મળી રહે. નીલાની વાત સોળ આનાની હોવા છતાં હું તેમના કહેવા મુજબ મારો લખવાનો સમય બદલવા તૈયાર ન હતો. રાતના બે અઢી થયા હોય તો પણ લખવા બેસી જતો હતો. નીલા કોઈવાર મારા હાથમાંથી ઑર્બિટ (પ્રજ્ઞાચક્ષુ લખી શકે તેવું ઈલેક્ટ્રોનિક સાધન) ખેંચી લેતી હતી. મારા આગ્રહને માન આપી થોડીવારમાં ઑર્બિટ પાછું આપી, કહેતી હતી : આવતીકાલે સાડા પાંચ પહેલા ઊઠતા નહિ. હું ચૈંપચાપ ઑર્બિટ લઈ લખવાનું શરૂ કરી દેતો હતો. નીલા થોડીવાર આરામ કરી ઊઠી જતી હતી. ચા નાસ્તાનો પ્રબંધ કરી મને બૈંમ પાડી કહેતી. થોડીવાર માટે લખવાનું બંધ કરો, મારે તમારું કામ છે. હું તેમનો આદેશ સાંભળી રસોડામાં પહોંચી જતો હતો. થોડીવાર શાંત ઊભા રહી પૈંછતો હતો. શું કામ છે ? નીલાનો એક જ ઉત્તર હોય નાસ્તો કરવા બેસી જાવ. રોજ શું લખો છો ? કોઈ વાંચે છે કે પછી લખ્યા જ કરો છો ? હું કહું મારું કામ લખવાનું છે અને વાચકનું કામ વાંચવાનું છે. નીલાએ કહ્યું : એ તો હું પણ જાણું છું. મારું કહેવાનું એટલું જ છે કે તમને વાચકોનો ફીડબૅક મળે છે ? હું મારી તંગડી ઊંચી રાખવા હકારમાં ઉત્તર આપી અમારા મીઠા સંવાદને વિરામ આપતો હતો.

સમયનું પૈડું ફરતું રહે છે. એક સમયે વહેલી સવારે અવાજ કર્યા વિના ઊઠી લખવા ગોઠવાઈ જતો હતો. આજે તે માટે મને કોઈ રોકે તેમ નથી. છતાં લખવા માટે ઊઠવાનું મન થતું નથી. જેમ તેમ ઊઠી લખવા બેસું છું તો શબ્દો મળતા નથી. ''કાબે અર્જુન લૈંટિયો વહી ધનુષ્ય વહી બાણ'' ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કુરુક્ષેત્રનાં મેદાનમાં યુદ્ધ કરવા સમજાવતા હતા. છતાં અર્જુન યુદ્ધ કરવા તૈયાર ન હતો. તે ધનુષ્યબાણ નીચે મૈંકી કાયરતાની વાતો કરવા લાગ્યો હતો. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ એ કહ્યું હતું કે - તું નહિ યુદ્ધ કર તો લોકો તને કાયર કહેશે. વાસ્તવમાં જેની સામે તું લડવાનો ઈનકાર કરે છે. તે બધા તો હકીકતમાં મરેલા જ છે, તું તો નિમિત્ત માત્ર છો. ભગવાનનો નિર્દેશ થતા અર્જુન યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો હતો. યુદ્ધમાં જીતેલો અર્જુન અહંકારમાં પોતાની બાણવિદ્યાના ગુણગાન ગાવા લાગ્યો. હું ન હોત તો મહાન યુદ્ધાઓને કોઈ હણી શકયું ન હોત. આવા નામાધારી યુદ્ધાઓને કોણ પરાજીત કરી શકે !





અહંકારના નશામાં આવેલો અર્જુન દ્વારિકાના કાબાઓના હાથે લૈંટાયો. તેની પાસે મહાભારતના યુદ્ધમાં વપરાયેલા ધનુષ્યબાણ હાથવગા હોવા છતાં તે દ્વારિકાના કાબાઓને મારી શકયો નહિ. તે સામાન્ય કાબાઓ સામે પરાજીત થયો તેનું કારણ ભગવાન શ્રીકૃષ્ણ તેની સાથે ન હતા, તે હતું. જેમ અર્જુનનું ગાંડિવ કાબાઓને શ્રીકૃષ્ણની ગેરહાજરીમાં હણી શકયું નહિ. તેમ આજ-કાલ લખવાનો સંકલ્પ હોવા છતાં નીલાના મીઠા સંવાદના અભાવે મારી કલમ ચાલી શકતી નથી.

શબ્દ બરફના ચોસલાની જેમ પીગળી હૈયાના પોળાણમાં સરી પડે છે.
ભાષાનો વૈભવ અંતરમાં નદીની જેમ લુપ્ત થઈ ગયો છે.
વાણી અને બોલીના ઝરણાં તેમાં ભળી સુકાય ગયા છે.
કહ્યાગરા ઑર્બિટના બટન અંતરમાં જાગતા ભાવો ઝીલવા તૈયાર છે.
તે આંગળીઓના સ્પર્શની પ્રતીક્ષા કરતાં રહે છે.
બટ્ટન સુધી પહોંચેલી આંગળીઓ કોઈ આદેશ આપી શકતી નથી.
ત્યારે ઑર્બિટનો આખો પરિવાર નારાજ થઈ જાય છે.
તેની ઈચ્છા મારા વિચારોની ઈમારત ચણવાની છે.
શબ્દની ઈંટો વડે ચણાયેલી ઈમારત ભાષાનું નગર ખડું કરી દે છે.
ભાષાનો વૈભવ આપણને દ્રશ્ય જગતના દર્શન કરાવે છે.
પછી તે આપણને માયાના ફંદમાંથી છોડાવે છે.
આમ, ઑર્બિટ સાથે મારો સંવાદ નીલાની ગેરહાજરીમાં ચાલતો રહે છે.

''ખબર નથી મજધારે પહોંચી, ખોવાયેલો શબ્દ કયાંથી મળશે ?
અજવાળા ઊર્મિ તણા અંતરના ઓરડે કયાંથી જડશે !
કલમ કયાંથી લાવશે ! અસલી શબ્દોની સોગાદ.''

મારા ખોવાયેલા શબ્દો શોધી હું ફરીવાર ભાષાના ભાવો પકડી મારી કલમ ચલાવવા ચાહું છું.

કાશ, ગુંજે સંવાદ ભીતરમાં અને નીકળી પડે લુપ્ત થયેલી ભાષાની ખળખળ વહેતી નદી. તેના પ્રવાહમાં પીગળતો શબ્દ ઉઠાવી હૈયાના ફ્રિજમાં જમાવવા ચાહું છું. વાણીનો વૈભવ વહેંચવા ઑર્બિટના આંગણે કલમ મારી ચાલતી રહે છે. અંતરમાં ઉપડેલી અજંપાની આગ ઠારવા હૈયાના ફ્રિજમાં જમાવેલો શબ્દ આગને શાંત કરી ટાઢક આપશે. ઊતરી આવેલા આફતના ઓળા શબ્દને પોંખશે...

## ૨૩. વિરાટનો હીંડોળો ઝાકમઝોળ

હીંડોળો શબ્દ સાંભળી તમને હીંચકે ઝૈલવાનું મન થઈ જશે, પણ આ તો અંતરમાં બંધાયેલા હીંડોળાની વાત છે. શાળાના બાળકોનો એ સુવાંગ હીંડોળો હતો. ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ ઘનશ્યામનગર પ્રાથમિક શાળાના વર્ગખંડમાં શિક્ષિકા નીલાબેન સોનાણી એક પછી એક બાળકોને બોલાવી દિન વિશેષ દિવસની અનેરી ઉજવણી કરવા જુદાં - જુદાં પાત્રોના સંવાદ તૈયાર કરાવી રહ્યાં હતાં. સંવાદ તૈયાર થઈ જતા એકાંકીના પાત્રોને શિક્ષિકાએ કહ્યું : બાળકો આજે માતૃભાષા દિવસ છે, તેથી આજે આપણે એક નાનકડું નાટક ભજવશું. આપણા વર્ગખંડના બાળમિત્રો તમારી સમક્ષ નાટક લઈને આવી રહ્યા છે. આ નાટક દ્વારા આપણને માતૃભાષાનું મહત્ત્વ કેટલું છે તે જાણવા મળશે. બાળમિત્રો, અંગ્રેજી આપણી વિશ્વ ભાષા છે, જ્યારે હિંદી આપણી રાષ્ટ્રીય ભાષા છે પણ ગુજરાતી આપણી માતૃભાષા છે. અંગ્રેજી આપણને આવડવી જોઈએ કારણ કે તે આપણને વિશ્વ સાથે જોડી શકે છે. હિંદી રાષ્ટ્રીય ભાષા હોવાથી તે આપણને દેશના અન્ય રાજ્યના લોકો સાથે જોડે છે. પરંતુ માતૃભાષા અંતરમાં લાગણીનો સેતુ બની એકમેકને જોડે છે. અન્ય ભાષામાં આપવામાં આવતું શિક્ષણ અસરકારક પરિણામો આપી શકતું નથી. બાળકનો માનસિક વિકાસ ધીમો પડી જાય છે. હૃદયના ભાવો વ્યકત કરવા માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી. પાનખર ઋતુમાં જેમ વૃક્ષો બુઠ્ઠા થઈ જાય છે, તેમ માતૃભાષાના અભાવે વિચારોનો વનપ્રદેશ ઝાંખો પડવા લાગે છે. પરિણામે વ્યકિતત્વનો વૈભવ શણગાર વિનાની સ્ત્રી જેવો થઈ જાય છે. આ વાત આપણે નાનકડા નાટક દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું.

સમજૈંતી :

૧. નાટક ભજવવા માટે રંગમંચની સામગ્રી અને જરૂરી દ્રશ્ય ખડું કરવા શબ્દ ચિત્ર આલેખ્યું છે.
૨. શહેરની વૈભવી સગવડવાળું બંગલા જેવું મકાન, જરૂરી ફર્નિચર, સુવિધાયુકત શાળા.
૩. ગ્રામ્ય જીવનને અનુરૂપ નળિયાવાળું સાવ સાદું મકાન મર્યાદિત સુવિધાવાળી શાળાનું મકાન.





૪. મહાનગરપાલિકામાં આવેલા ગગનચુંબી બંગલામાં રહેતા રોહિતભાઈનો દીકરો કલ્પેશ શહેરની અંગ્રેજી માધ્યમની શાળામાં શિક્ષણ મેળવી રહ્યો છે. બીજી તરફ શહેરની નજીકના ગામડામાં સુરેશભાઈની દીકરી અંકિતા જિલ્લા પંચાયત હસ્તકની ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરી રહી છે. કલ્પેશ અંગ્રેજી કડકડાટ બોલી શકે છે પણ તેને કોઈ પ્રશ્નાવલિ આપી તેના પર પોતાના વિચારો વ્યકત કરવા કહેવામાં આવે તો પ્રશ્નાવલિમાં વપરાયેલા શબ્દોનો અંગ્રેજી અનુવાદ કરી સમજાય નહિ તેવી કહાની ઘડી કાઢે છે. ગૈંગલ ગુરુની જેમ અસ્ત-વ્યસ્ત વાકયમાં ગડબડ ગોટો વાળી દે છે. જ્યારે અંકિતા મુદ્દાસર ઉત્તર આપી શકે છે.

સરકારશ્રી દ્વારા માતૃભાષાની ભવ્ય ઉજવણી કરવા ''માતૃભાષા વિકાસની વાડી'' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવે છે. આ નિબંધ સ્પર્ધામાં કલ્પેશ અને અંકિતા ઝંપલાવે છે. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધામાં સમગ્ર જિલ્લાની શાળાઓમાંથી સેંકડો વિદ્યાર્થી ભાઈ-બહેનો ઊમટી પડે છે. કલ્પેશ (મનોમન): નિબંધમાં શું લખવું તે સમજાતું નથી. માતૃભાષા ઘણા લોકો બોલે છે. અંગ્રેજી ભાષામાં ઘણા પુસ્તકો હોય છે. દવાના નામ અંગ્રેજી ભાષામાં લખેલા હોય છે. અંગ્રેજી ભાષામાં માત્ર ૨૬ અક્ષર હોય છે. ગુજરાતી ભાષામાં સ્વર અને વ્યંજન આવે છે. ગુજરાતીમાં ગીત ગાવાની ખૈંબ મજા પડે છે. અંગ્રેજીમાં ગીત કર્કશ લાગે છે. હવે શું લખવું ! કલ્પેશ વિચારમાં ખોવાય ગયો. વિચારમાં તે ઝોલે ચડી ગયો. સ્પર્ધા પૈંરી થવાનો બેલ પડયો કલ્પેશ સફાળો જાગ્યો. જેમ તેમ સપ્લી પર સાહેબની સહી કરાવી જમા કરાવી દીધી. અંકિતાની કલમે શબ્દની સરિતા વહેતી થઈ હતી. તેમણે ભાષાનો વૈભવ સજાવી પોતાની સપ્લી જમા કરાવી ગીત ઉપાડયું.

''શબ્દની સોગાદ લઈ આવી છે માતૃભાષા
ભાતીગળ વિચાર જમાવી રહી છે અલબેલી આશા.
કાશ, મળે અવકાશ સંસ્કારનું નગર રચી ઠેલીશું સઘળી નિરાશા.''

માતૃભાષા આપણને વિચારોનો વૈભવ આપે છે. વિચારરૂપી વનરાય સંસ્કારરૂપી વાડી બની મ્હાલે છે. વિચારના વૃક્ષ પર વાણીરૂપી કોયલ કુહૈં-કુહૈં કરવા લાગે ત્યારે અંતરમાં આનંદની હેલી ઊભરાય છે. ઊર્મિનું આંગણ અરમાનના પ્રદેશમાં મહેકી ઊઠે છે. એટલે તો આપણો આદિ કવિ નરસી મહેતા ગાય છે.

''સખી ! આજની ઘડી તે રળિયામણી, મ્હારો વહાલો આવ્યાની
વધામણી જી રે, સખી ! આજની ઘડી તે રળિયામણી.''

અંકિતાના શબ્દો સાચા મોતીની જેમ ચળકતા હતા. જયારે કલ્પેશ ગોથા ખાય રહ્યો હતો. ઘનશ્યામનગરની પ્રાથમિક શાળાના વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે રચયેલો નાટકનો સંવાદ માતૃભાષાના મહત્ત્વ વિશે સંદેશ આપતો હતો. પણ શિક્ષિકાનો પ્રયોગ કેળવણીની નવી કેડી કંડારી રહ્યો હતો. શિક્ષિકા : વાહ બાળકો ! તમે તો આપણી માતૃભાષાનો સંદેશ અનોખી શૈલીમાં આપ્યો. તેમણે કહ્યું : વર્ષ ૧૯૯૯ માં સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભાએ દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. સંયુકત રાષ્ટ્રોની સભાએ કરેલ નિર્ણય મુજબ વર્ષ ૨૦૦૦ થી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૧ મી ફેબ્રુઆરી માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીમિત્રો , આપણા જીવન સાથે માતૃભાષા તાણા-વાણાની જેમ વણાઈ જાય છે. તમે અનેક ભાષા પર પકડ ધરાવતા હોવા છતાં સંકટ સમયે તમારા મુખમાંથી માતૃભાષાના ઉદ્ગારો સરી પડે છે. બાળ મિત્રો, એકવખત અકબર રાજાની સભામાં એક વિદ્વાન પંડિત આવી ચડે છે. તે જુદી-જુદી ભાષામાં સભાને સંબોધન કરી સભામાં બેઠેલા દરબારીઓને પ્રશ્ન પૈંછે છે : બોલો, મારી માતૃભાષા કઈ છે ? દરબારીઓ વિચારમાં પડી જાય છે. બીરબલ સભાની બહાર ચાલ્યા જાય છે. થોડીવારમાં તે પાણીનો લોટો લઈ સભામાં પ્રવેશે છે. બીરબલ પંડિતના માથા પર હાથ મૈંકી તેને સંબોધન કરવા આદેશ આપે છે. પંડિતજી અગાઉની જેમ જુદી-જુદી ભાષામાં બોલવાનું શરૂ કરે છે. બીરબલ ધીરેથી પાણીનો લોટો પંડિતજી પર ઠાલવી દે છે. અરેરે મરી ગયો બાપ રે ! પાણી બહુ ઠંડું છે. બીરબલ : પંડિતજી તમારી માતૃભાષા ગુજરાતી છે. જોયું





બાળકો, પંડિતને પાણી ઠંડું લાગ્યું એટલે તેને પોતાની માતૃભાષા ગુજરાતી યાદ આવી ગઈ. સંકટ સમયે માતૃભાષા આપમેળે હોઠે આવી જાય છે.

વાચકમિત્રો, અંતરમાં ધરબાયેલા સારાં નરસાં ભાવો માતૃભાષામાં વ્યકત થયા વિના રહેતા નથી. લાગણીનું નગર બની ગયેલી શાળાના વર્ગખંડોની ચાર દીવાલો વચ્ચે ઊતરી આવતો વિરાટનો હીંડોળો બાળકોની સુવાંગ સપત્તિ હતી. તેના પર હીંચતાં બાળકો અવનવું શીખતાં હતાં. શિક્ષિકાના અંતરમાં ચાલતો વિરાટનો હીંડોળો બાળ કેળવણીના નવા દ્વાર ખટખટાવતો હતો.

''તું રંગાય જાને રંગમાં, ખરા કર્મ તણા સત્સંગમાં તું રંગાય જાને રંગમાં...
જાવું પડશે બધુંય મેલી પ્રાણ નહિ રહે તારા તનમાં તું રંગાય જાને રંગમાં...''



## ૨૪. રસોઈની રાણી

૧૩ મે ૨૦૧૬ ના રોજ ખૈબ જાણીતા એવા ફ્લેવર્સ ઑફ ગુજરાત રસોઈ શોનું રેકૉર્ડિંગ કરવા ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં કલર્સ ટીવીની ટીમ આવી પહોંચી હતી. ટીવી ચેનલના દર્શકો માટે નીલાબેન સોનાણી રૂપેરી પડદા પર રસોઈનો જાદું પીરસવાનાં હતાં. કેક અને અથાણાં બનાવાની રીત કેદ કરવા કૅમેરાની હડિયાપાટી ચાલતી હતી. ઍંકર દિપાલીબેન જાણે નીલાબેન સોનાણીની બંધ આંખોમાં છુપાયેલો કલાનો જાદું પારખી ગયાં હોય તેમ લાગતું હતું. બંને વચ્ચેનો સંવાદ દર્શકના દિલ હરી લે તેવો હતો. નીલાબેન સોનાણીની ધીરજ અને દિપાલીબેનની પ્રશ્નાવલી, તૈયાર થતી વાનગીના વૈભવને વધુ ઊંચાઈ આપી રહી હતી. અંધ મહિલા પણ ધારે તો પ્રજ્ઞાની પાંખે ઊંચેરું ઉડાન ભરી શકે છે, તે સાબિત કરવા ખાસ ગોઠવાયેલા ટીવી શોનો હેતુ દિપાલીબેને સ્પષ્ટ કરતાં કહ્યું : નીલાબેન તમારી ઓળખ આપવા માટે મારે હવે રસોઈની રાણી શબ્દનો પ્રયોગ કરવો પડશે. ખડખડાટ હાસ્યમાંથી આંદોલિત થયેલો ધ્વનિ કૅમેરાએ કેદ કરી લીધો. ઊર્મિના આંગણે ઘટમાળના તાલે ગુંજતા શ્રદ્ધાના સૈંર કહ્યાગરા કૅમેરા ઝીલી રહ્યા હતા. દર્શકોનો દષ્ટિકોણ બદલવા ગોઠવાયેલો રસોઈ શો અભિવ્યક્તિની પરાકાષ્ટાએ પહોંચી ચૈંક્યો હતો. રસોઈની રાણીએ ગીત ઉપાડયું,

''મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે.<br>
મુક્તિ મળે કે ના મળે, મારે ભક્તિ તમારી કરવી છે.''

અંતરમાં શબ્દ ચોખા બની લાગણીના કપાળની શોભા વધારી રહ્યા હતા. તૈયાર થઈ રહેલી કેકની સુગંધ વાતાવરણમાં ભળી ભવ્ય ઉત્સવનું નગારું ટીપી રહી હતી. દિપાલીબેનની પ્રશ્નાવલિ જ્ઞાનની દીપમાળા પ્રગટાવી અનોખું અજવાળું પાથરી રહી હતી. બંધ આંખોનો અંધકાર આકાશમાં વિખરાતા વાદળોની જેમ દૈંર થઈ રહ્યો હતો. રેકૉર્ડિંગનું કામ પૈંરું કરી કલર્સ ટીવીની આખી ટીમ અમારા નિવાસસ્થાને આવી પહોંચી. રસોઈ-ઘર વ્યવસ્થા, ચીજ વસ્તુઓની ગોઠવણ, અંધત્વને ઓળંગી પોતાના પોષાકનું મેચિંગ કરવાની રીત જેવી બાબતો જાણવા ટીમ અધીરી બની હતી. કિંમતી કૅમેરા ઘરના એકપણ ખૈંણાનું દ્રશ્ય જતું કરવા માગતા ન હતા. કૅમેરાની આંખો ચકળવકળ થઈ રહી હતી. કહ્યાગરા કૅમેરામાં કેદ થયેલું મેમરીકાર્ડ ગાય ઊઠયું :



યાત્રાનો આનંદ

''દ્રશ્યમાં સમાય નહિ એવો છે પ્રયાસ,<br>
દ્રશ્યમાં સમાય નહિ એવો છે પ્રયાસ<br>
કેમ કરી સાચવું દર્શક એનો એ વિચાર''

અર્થાત્ કૅમેરામાં પકડી શકાય નહિ એવો આ સંઘર્ષ છે એને દ્રશ્યમાં પકડી શકાય તેમ નથી. જિંદગીનાં સંઘર્ષની કથની દ્રશ્ય શ્રાવ્ય પ્લૅટફોર્મ પર રજૈં કરવી મુશ્કેલ છે. બંધ આંખે કરેલું પ્રત્યેક કાર્ય ચમત્કારની ખળખળ વહેતી સરિતા જેવું લાગે છે. તેમ છતાં તે આંખોની જ્યોતિ ગુમાવ્યા વિના સમજી શકાય તેવી સરળ વાત નથી.

જામી રૂપેરી પડદે રસોની રંગત : વર્ષો પહેલા રાજા મહારાજાઓની સભાઓમાં કવિરાજ રાજાના કાર્યોની પ્રશંસાનાં કાવ્યો સંભળાવી સૌ કોઈને મંત્રમુગ્ધ કરતા હતા. તેમ ફ્લેવર્સ ઑફ ગુજરાતનો રસોઈ શો ટીવીના દર્શકોને પ્રભાવિત કરી રહયો હતો. આખું તરસમિયા ગામ હિલોળે ચડયું હતું. ઘરે-ઘરે ટીવી ચાલતા હતા. ગામના મંદિરમાં સામૈંહિક રીતે ટીવી શો નિહાળવા ગોઠવાયેલી સ્ક્રીન તરસમિયા પ્રાથમિક શાળાના પ્રયાસનું પરિણામ હતું. શાળાના શિક્ષકોએ ગામમાં ઘરે ઘરે પત્રિકા વહેંચી ટીવી શોની માહિતી પહોંચાડી અગાઉથી જાણકારી આપી હતી. બીજી તરફ દેશ વિદેશના હજારો દર્શકોએ રસોઈ શો નિહાળી પોતાનો અભિપ્રાય કલર્સ ટીવીના સરનામે મોકલી રસોઈ શોને આવકાર્યો હતો. તેનો સાર એટલો જ હતો - જીવનને માણવા માટે આંખ કરતા દષ્ટિની વધુ જરૂર છે. આંખ માત્ર જોવાનું કામ કરે છે, પરંતુ વાસ્તવિક દષ્ટિ તો અંતરમાંથી આવે છે. આંખ ગુમાવવા છતાં વ્યક્તિ સામાન્ય જીવન જીવી શકે છે. જ્યારે દષ્ટિના અભાવે દ્રશ્ય જગતની સુંદરતા વ્યક્તિને છતી આંખે પણ નજરે ચડતી નથી.

**રસોઈની રાણીનું અનોખું અભિવાદન :**

તારીખ ૦૫ નવેમ્બર ૨૦૧૮ ના રોજ મુંબઈના આંગણે દહીંસર સ્પોર્ટ્સ ક્લબના અંડર ૧૬ ક્રિકેટ ટીમના ખેલાડીઓના અભિવાદન કાર્યક્રમમાં અમારે જવાનું થયું હતું. સચિન તેન્દુલકર પણ એક સમયે દહીંસર સ્પોર્ટ ક્લબના ખેલાડી તરીકે રમતો હતો. પ્રવીણભાઈ શાહના વડપણ નીચે દહીંસર સ્પોર્ટ કલબ એક પછી એક સિદ્ધિના શિખરો હાંસલ કરી રહી હતી. વર્ષ ૨૦૧૮માં ઉત્તમ દેખાવ કરનાર ખેલાડીઓને સન્માનિત કરવા ખાસ

યોજાયેલા કાર્યક્રમમાં પ્રભાવશાળી અવાજમાં અજયભાઈ મહેતા કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા હતા. બે હજાર અગિયારમાં ક્રિકેટનો વર્લ્ડ કપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમના તેઓ મેનેજર હતા. શ્રી અજયભાઈ મહેતાએ મુખ્ય મહેમાન તરીકે મને મંચ પર સ્થાન લેવા નિમંત્રણ આપ્યું. હું માનતો હતો કે સમારંભમાં ચીફગેસ્ટ તરીકે અન્ય મહાનુભાવો મંચ પર મારી સાથે ટૈંક સમયમાં બિરાજમાન થશે. પણ અજયભાઈની ઉદ્ઘોષણા સાંભળી હું અવાક્ થઈ ગયો. આપણા આજના બીજા અતિથિ છે, રસોઈની રાણી નીલાબેન સોનાણી અને ત્રીજા મહેમાન છે નિષ્ઠા સોનાણી. આપણા મુખ્ય મહેમાન અને આજના અતિથિની આંખોનો પ્રકાશ બની ગઈ છે, એવી નિષ્ઠાને હું મંચ પર પોતાનું સ્થાન લેવા આમંત્રણ આપું છું. આજના કાર્યક્રમનો આરંભ રસોઈની રાણીનું બિરુદ મેળવનાર નીલાબેન સોનાણીના અભિવાદનથી કરીશું. અભિવાદનમાં અપાયેલી ચીજ-વસ્તુઓની યાદી ઘણી લાંબી છે, તેથી તેનો ઉલ્લેખ અસ્થાને લેખાશે. વળી, તેમ કરવાથી વાચકનો બોજ પણ વધશે.

બંધ આંખોમાં જોયેલા સપના અંતરના આંગણે ગરબે ઘૈંમી રહ્યાં હતાં. શબ્દ ચોખા બની ચોમેર ઊડી રહ્યા હતા. ભાવતા ભોજનની મહેક આવતી હતી. રસોઈની રાણીનો બુલંદ અવાજ સંભળાયો. દહીંસર સ્પોર્ટ કલબનો ખેલાડી ભારતની ટીમમાં અવશ્ય પસંદગી પામશે.

''અમને ભલેને નાખો તમે આગમાં, અમે આગને પણ ફેરવશું બાગમાં;
સર કરીશું બધા મોરચા, સમય આવ્યે મોતને પણ લઈશું લાગમાં.''

અંધાપો ઓશિયાળું જીવન જીવવા મજબૈંર કરી શકતો નથી. આત્મવિશ્વાસનું અજવાળું નવા દ્વાર ખોલી નાખે છે. પ્રવીણભાઈએ અમારા પરિવારના હાથે ભાવિ ક્રિકેટરોનું અભિવાદન ગોઠવી અનેક ક્રિકેટરને મળવાની સોનેરી તક આપી હતી... આટલા મોટા કાર્યક્રમમાં એક જ પરિવારના સભ્યોને મહેમાન તરીકે બોલાવી તેમણે અમારું ગૌરવ વધાર્યું છે. હું તેને અમારા દાંપત્ય જીવનનું સૌથી મોટું સુખ માનું છું !





## ૨૫. અજાણી બારી

પાંદડું ખરે એને પાનખર જો કહીએ, તો શમણાંનું ખરવું તે શું ?
ઝરમર વરસાદને ય કહીએ ચોમાસું, તો આંસુનું ઝરવું તે શું ?
સગપણનું પુષ્પ ઘર આંગણીએ સોહે પણ અકાળે કરમાય તે શું ?
સપ્તપદીના સોગંદ વિસરાય છે પણ ઈશના ઈશારે માળો વિખાય તે શું ?
લેણદેણની વાત બધીય વેણુમાં પડઘાય છે,
પણ ઈશનો ઊંટ લઈ જાય તે શું ?
અજાણી બારીમાં ચાંદ ચડતો જાય છે પણ વાદળનું નડવું તે શું ?
''ઝગમગ'' ઔષધના ઈલાજે સાજા થવાય છે પણ
સારવારના ચોગઠે લૈંટાય તે શું ?

વૃક્ષના પાન ખરવા લાગે તો આપણે તેને પાનખર કહીએ છીએ. પણ વ્યક્તિની મહેચ્છાઓનું આખુંય વન એકાએક ઉજજડ થઈ જાય તો શું થાય ? જેમ ઘૈંળમાં વેરાયેલા કિંમતી મોતી શોધવા મુશ્કેલ છે, તેમ જીવનસાથીની ગેરહાજરીમાં વ્યક્તિના રોળાયેલા સપના લખચોરાશીના ચકડોળે ફંગોળવા લાગે છે. ઈશ્વરે માણસને હૈયું આપી હોળી કરી છે. વૃક્ષનું પાંદડું ખરે તેની વેદના તેને થતી નથી. કારણ કે તેને વેદનાની અનુભૈંતિ કરાવે એવું હૈયું આપ્યું નથી. માટે આપણે તેને પાનખર તરીકે ઓળખીએ છીએ. ચોમાસામાં ભલે ઝરમર વરસાદ પડે તો પણ તેને ચોમાસું જ કહેવાય છે. અન્ય ઋતુમાં ધોધમાર વરસતો વરસાદ કમોકમી માવઠું ગણાય છે. બદલાયેલા વાતાવરણનાં લીધે જામેલી વરસાદની હેલી પણ ચોમાસાનું સ્થાન લઈ શકતી નથી. વસંતઋતુમાં પાન ખરે તેને પાનખર કહેવાય છે પણ અન્ય ઋતુમાં અસાધારણ રીતે વૃક્ષના પાન ખરી પડે તો પણ તેને પાનખર કહી શકાય નહિ. કોઈ કારણસર આવું બને તો જે તે વૃક્ષને કવા લાગ્યો કહેવાય. ઈશ્વરની લીલાના પગલે ભલે આયખાનો અંત આવે પણ કોરોના જેવો રોગ મોકલી મૈંલ્યવાન જિંદગી ઝૈંટવાઈ જાય તે લીલા નથી પણ ઈશ્વરનો કોપ છે. લેણદેણનો હિસાબ પૈંરો કરવા જે રીત અપનાવવામાં આવી છે તે યોગ્ય નથી. હકીકતમાં એકલદોકલ રોપાયેલો લાગણીનો છોડ કોઈ વનરાઈની જેમ વિસ્તરવા કૈંપળો કાઢે છે, ત્યારે તેમાં

દીવાસળી ચાંપી તેને ભડભડ સળગાવી દેવામાં આવે છે. આને જ ઈશ્વરની લીલા કહેવાય. એટલાં માટે તો કવિ પ્રીતમ ગાય છે.

''આનંદ મંગલ કરું આરતી, હરિગુરુ સંતની સેવા;
પ્રેમ ધરી મંદિર પધરાવું, સુંદિર સુખડાં લેવા;
આનંદમંગલ કરું આરતી હરિગુરુ સંતની સેવા.
મારે આંગણીએ તુલશીનો કયારો, શાલિગ્રામની સેવા,
આનંદ મંગલ કરું આરતી, હરિગુરુ સંતની સેવા.''

આનંદી કાગડાની જેમ ગમે તેવી પરિસ્થિતિમાં આનંદમાં રહેવું એનું નામ મનુષ્ય. વળી, મનુષ્ય અવતાર ઈશ્વરની સૃષ્ટિનું પ્રાંગણ છે. જીવાત્મા તુલશીનો કયારો છે. કર્મ શાલિગ્રામની સેવા છે અને સંસાર આપણું મંદિર છે. તેને સજાવવા આપણું દુ:ખ ભૈંલી ઈશ્વરની આરાધના કરતા રહીએ. બ્રહ્માંડનું સંગીત સાંભળતા-સાંભળતા તેની લીલાના આટાપાટા ઉકેલવા જ્ઞાનદીપ પ્રગટાવીએ. એટલું જ નહિ, આપણા આધ્યાત્મિક માર્ગને ઉજાળવા અજાણી બારીમાંથી આવતો પ્રકાશ પાથરી આપણી યાત્રાને સફળ બનાવીએ.

અમારા લગ્નજીવનના ૨૫ વર્ષ ૨૦૨૨ માં પૈંરાં થવાનાં હતાં. ૯ ફેબ્રુઆરીના રોજ મૅરેજ ડેની ભવ્ય ઉજવણી કરવાનું અમારું આયોજન હતું. પરંતુ કોરોના વાઈરસે કારમી થપાટ મારી અમારા અરમાનનો દીપ બુજાવી દીધો. દીકરીના લગ્ન ધામધૈંમથી લેવા ઘટમાં ઘોડા થનગનતા હતા, પણ ઘોડા ખીલેથી છૈંટે તે પહેલા નીલા મને એકલો મૈંકી ચાલી ગઈ. ઈચ્છાનો પ્રદેશ સંકોરવો નથી પણ કન્યાદાન કરવા હુંફાળો હાથ ખોઈ બેઠો છું. જે ભાવો ગદ્યમાં નથી વ્યકત થઈ શક્યા તે કાવ્યપંક્તિમાં કહેવા ઈચ્છું છું.

''સંસારના મુકામ પર શમણાનો વેપાર ચાલતો હતો,
કમાઈનો આખો ભંડાર અલ્લાનો ઊંટ આવી લઈ ગયો.
આવા દુ:ખ કોની પાસે જઈ ગાઉં ''ઝગમગ''
હૃદયો રુએ ને માયલો ભીતર જલે.''

સંસારસાગરમાં અમારી નાવ દિનપ્રતિદિન આગળ ધપી રહી હતી. સેવાની નાવનું સુકાન સંભાળતી નીલા અજાણી બારીમાંથી આવતો પ્રકાશ





પારખી લેતી હતી. તે માણસને ઓળખવાની અનેરી શક્તિ ધરાવતી હતી. મને તેનો હંમેશાં ફાયદો થતો હતો. નિર્ણયના નગારા પીટવા ઉતાવળા બનેલા મારા વિચારોને મઠારવા, તે દોડતી ગાડીને રોકવા બ્રેક લગાવવાનું કામ પણ કરતી હતી. જુદા-જુદા ટૉપિક પર તેમની સાથે ચાલતી ચર્ચાના વિષયો, મને અવનવા લેખો તૈયાર કરવા જરૂરી સામગ્રી પૈંરી પાડતા હતા. અંતરની અજાણી બારીમાંથી આવતું જ્ઞાનનું અજવાળું લાખો લોકોની જિંદગી બદલી શકે તેવા પુસ્તકો લખવા પ્રેરણા મળતી હતી. અમારા સંવાદનું તારણ માત્ર એટલું જ હતું...

''અજવાળુ પાથરવા જાતે સળગવું પડે છે,
સૃષ્ટિને સજાવવા પોતાનું દુ:ખ ભૈંલી કામે લાગવું પડે છે.''

રમકડાંની ટોપલી –


નવલકથા લખવા તેમણે મને સૈંચન કર્યું હતું. વિષયની ચર્ચા છેડતાં તેમણે કહ્યું : આ સંસાર પણ એક રમકડાની ટોપલી છે. માણસ આ ટોપલીનું ઈશ્વરનું ગમતું રમકડું છે. રંગબેરંગી રમકડાં ઈશ્વરને આનંદ આપે છે. તેમણે ગીત ઉપાડયું,

''રમકડાં લો કોઈ રમકડાં લો આ ભરી છે ટોપલી રમકડાં લો''

તેમણે કહ્યું : આ જગત એક રમકડાંની ટોપલી છે. પશુ-પક્ષી, જીવજંતુ અને મનુષ્ય તેના રમકડાં છે. તેથી તમે ''રમકડાંની ટોપલી'' નવલકથા લખો. ઈશ્વર નિજાનંદ માટે રમકડાંની ટોપલી જગતના ચોકમાં ખુલ્લી મૈંકી દે છે. રમકડાંને તેની ઈચ્છા મુજબ રમાડે છે. કોઈવાર તેને તોડી ફોડી નાખે છે. જેમ ધાતુ કે પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓને નવો રંગ-રૂપ અથવા આકાર આપવા ભઠ્ઠીમાં પિગાળી તેના પ્રવાહીને અલગ અલગ બીબામાં ઢાળવામાં આવે છે. નવલકથાના પાત્રો રમકડાંની ટોપલીમાં ગોઠવાઈ, ઈશ્વરની અદ્દ્ભુત સૃષ્ટિનો સંદેશ આપી શકે છે. તેમની ઈચ્છાને હું હજુ સુધી શબ્દ-દેહ આપી શક્યો નથી. અમારા સંવાદની સ્મૃતિ તેમના આધ્યાત્મિક જ્ઞાનની યાદ તાજી કરાવે છે.

થોડી જાણવા જેવી વાતો તમને ગમશે...

આઠના અંક સાથે તેમનો ગાઢ સંબંધ રહ્યો છે. ''કોરોના વાઈરસને ચાલો ભાગડીએ...'' ગીત તેણે **૦૮** એપ્રિલ ૨૦૨૦નાં રોજ લખ્યું હતું. **૦૮** એપ્રિલ ૨૦૨૧નાં રોજ રાત્રીનાં કોરોનાનું સંક્રમણ થતા તાવ આવ્યો. તેમનો જન્મ ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૭ ભાદરવા સુદ **આઠમ** એટલે કે (ધરો આઠમ)ના દિવસે થયો હતો. મૃત્યુ : ૨૦ એપ્રિલ ૨૦૨૧ એટલે કે ચૈત્રી નવરાત્રીની મહા આઠમના રોજ થયું હતું. આમ, **આઠમ** બંને પ્રસંગોની સાક્ષી બની છે. અંગ્રેજી મહિના પ્રમાણે નવમા મહિનામાં જન્મ થયો હતો. નવ દિવસની બીમારી બાદ મૃત્યુ થયું હતું. અગિયાર એપ્રિલના રોજ હૉસ્પિટલમાં દાખલ થયાં હતાં તો જન્મ ૧૧ સપ્ટેમ્બરનાં રોજ થયો હતો. ૯ દિવસ હૉસ્પિટલમાં રહ્યાં હતાં તો લગ્ન **૦૯** ફેબ્રુઆરી ૧૯૯૭માં થયા હતા. ત્રેપન વર્ષની વયે મૃત્યુ થયું તો ૫ અને ૩ નો સરવાળો પણ **આઠ** થાય છે. ૮ અને ૯ અંકની રમત ભારે આશ્ચર્યજનક લાગે છે ! રમકડાંની ટોપલીનું આ અધરું પ્રકરણ સમજવું પડશે. અજાણી બારીમાંથી આવતો પ્રકાશ તેનો ઉકેલ અવશ્ય આપશે – તેવી મને શ્રદ્ધા છે.







## શ્રી નીલાબેનની કાવ્યરચના

વર્ષ ૨૦૨૦માં શ્રી નીલાબેન સોનાણીએ એક કાવ્યરચના દ્વારા તારીખ ૧૫ માર્ચ ૨૦૨૦ નાં રોજ શ્રી લાભુભાઈ સોનાણીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. આ રહી તે કાવ્યરચના...

આજે થઈ ૧૫મી માર્ચ, ઊગી જન્મદિવસની સોનેરી પ્રભાત,
પથરાયો સૈંરજનો ચમકતો ઉજાસ, આજે થઈ ૧૫મી માર્ચ...
મહેંકી જીવનમાં ફૈંલોની સુવાસ, છવાઈ રંગોની રૂપેરી ભાત,
જન્મદિવસની મુબારક બાત, આજે થઈ ૧૫મી માર્ચ...
કરતા રહો પડકારને પરાસ્ત, દઢ થાય તમ જીતનો વિશ્વાસ,
મનમંદિરમાં ઈશ્વરનો વાસ, આજે થઈ ૧૫મી માર્ચ,
સેવા કેરો પ્રત્યેક શ્વાસ, દિલમાં ધબકતું એક જ નામ,
પૈંરી થજો અંતરની અભિલાષ, આજે થઈ ૧૫મી માર્ચ...

## વિશેષ નોંધ



